# ફરી પાછુ એજ પ્રશ્નાર્થચિન્હ?

## વાર્તા સંગ્રહ



## વિજય શાહ

પ્રેરણાઃ ગુજરાતી સાહિત્ય સરિતા ( ૨૦૧૦) હ્યુસ્ટન



મારો પહેલો વાર્તા સંગ્રહ " અમે પથ્થરના મોર કેમ બોલીયે ? ૧૯૮૩માં મુકાયો. ત્યાર પછી લાંબા સમય સુધી વાર્તાઓ સર્જાતી પણ સંગ્રહીત થવાની શરુઆત થઇ જ્યારે બ્લોગ "વિજયનું ચિંતન જગત" નિયમીત રીતે સ્વિકારાઇ ગયુ. મે ઘણી વખત અનુભવ્યું છેકે હું આઘાત લાગે તો પ્રત્યાઘાત તરીકે વાર્તા કે કાવ્ય લખતો હતો..પરંતુ બ્લોગે એક પ્રકારની નૈતિક જવાબદારી સોંપી અને જે દિવસે કોઇ સર્જન ન હોય ત્યારે જુની વાર્ત કે જુના સ્મરણો તાજા થાય અને જે સર્જન થાય તે મુકાય..ામ છેલ્લા ૪ વર્ષથી મારો બ્લોગ મને અસંખ્ય વાચક મિત્રોને મેળવી આપે છે અને તે સૌ સર્જન સહાયક બનીને મને કાર્યાન્વીત રાખે છે

ફરી પાછુ એજ પ્રશ્નાર્થ ચિન્હ? એ શિર્ષક એ વાર્તા ઉપરથી લેવાયુ હતુ...જે નામે હું મારી બીજી નવલીકા મુકીશ તેવો મક્કમ નિર્ધાર હતો...૧૯૭૫મા આ વાર્તા લખી પણ ત્યાર પછી વાર્તાઓ પ્રસિધ્ધ થતી પણ અનિયમીત રુપે સંગ્રહાતી.. અને આજે તે વેબ સ્વરુપે મુકતા આનંદ અનુભવુ છુ.

મારી વાર્તાના પાત્રો અને તેમની વાર્તા મારા સંવેદનોથી મુકવાની પ્રક્રિયાને મારા મનની અંદર મોળવાતા મોળવણ અને અંતે તેમાથી તેનુ દગ્ધ સ્વરુપને સમયનું બંધન હોતુ નથી...ક્યારેક તે પ્રસવની પીડા પણ કહું તો ચાલે...પણ સર્જન થયા પછીની અનુભુતી નો આનંદ અનન્ય હોય છે. કોઇને ક્રિકેટનો..કોઇક્ને ફીલ્મનો કોઇક્ને ગઝલનો તો કોઇને સીરીયલો જોવાનો શોખ હોય છે તેવો જ મને શોખ છે મારા સર્જનનો અને બ્લોગ ઉપર મુક્યા પછી મળતા પ્રતિભાવોનો...

"વૃત્ત એક અને વૃતાંત અનેક" એ નામ મને મારી મોટી બહેન પ્રતિભાએ આપ્યુ...કારણ તે વાર્તાઓ અખબાર પત્રમાં આવતા સમાચરોમાં થી સર્જાતી હોય છે. ઘણી વખત તે સમાચાર ફક્ત મને માનસિક આંચકો જ આપતા હોય છે અને ચિત્ત તંત્ર...જો તેણે આમ કર્યુ હોત તો?અથવા તેમ કર્યુ હોત તો? ના માનસિક વલોણામાંથી જન્મતી કથાઓ છે. કદાચ જે દિવસે તે સમાચાર હોય અને તેજ દિવસે વાર્તા લખાઇ હોય તો પણ ઘણી વખત..તે વાર્તા તદ્દન જુદી હોય છે.

ઘટના તો ઘટી જાય છે પણ તેના અંતિમ પરિણામો જોવા સુધીની ધીરજ ઘણી વખત લેખક તરીકે મને વર્ષોના વર્ષો સુધી પણ રાહ જોવડાવે છે....પણ તે ધીરજ અંતે વાર્તા, લઘુ નવલ કે નવલ્કથા આપે જ છે.મારી વાર્તાઓને મારી ચિંતન પ્રવૃત્તિની અસર પડે છે. અને તેથી મહદ અંશે અંત મારા વાચક મિત્રોને આંચકો આપતો હોય તેવો લાગે પણ હું તો કથાનક સાથે વહેતો નાવિક. અને નાવ સાથે વહેણ જ મને તે અંત આપે છે આટલુ લખીને અટકતા પહેલા મારા ગુજરાતી સાહિત્ય સરિતાના મિત્રો અને સહુ વાચક મિત્રોનો આભાર માનીને એટલુ કહીશ..

अहेसान मेरे दिलपे तुमहारा है दोस्तो

ये दिल तुम्हारे प्यार्का मारा है दोस्तो

# અનુક્રમણિકા-ફરી પાછુ એજ પ્રશ્નાર્થ ચિન્હ? ૩


| | |
|---|---|
| 'મધરડે' ને દિવસે | ૫ |
| સાચે જ........ | ૬ |
| મહોંરી ગયો તેના મનનો ગુલમહોર. | ૮ |
| ભક્ષ્ય.. | ૧૨ |
| મોહપાશ | ૧૬ |
| જાગ્યા ત્યાંથી સવાર.... | ૨૦ |
| ઝમકુબા | ૨૪ |
| ખોટો રુપિયો જાય જ ક્યાં? | ૨૭ |
| તારો અધિકાર | ૨૮ |
| સોહાગણની જેમ | ૩૦ |
| આડ અસર | ૩૩ |
| પદાર્થ પાઠ | ૩૫ |
| પપેટ | ૩૯ |
| એવા વીરલા કો'ક... | ૩૭ |
| કુંવારા મન નો માણીગર.. | ૪૨ |
| ગામફોઇ | ૪૪ |
| **આશાનો ચમત્કાર** | ૪૬ |
| **મિત્રવૃંદમાં..** | ૪૯ |
| **બોંબ બ્લાસ્ટ** | ૫૧ |
| **નંદવાયેલુ વાસણ** | ૫૩ |
| **ફરી પાછુ એજ પ્રશ્નાર્થ ચિન્હ..!** | ૫૫ |
| **ફેમીલી** | ૫૯ |
| **ફલર્ટ** | ૬૧ |

# અનુક્રમણિકા-વૃત્ત એક વૃતાંત અનેક


| | |
|---|---|
| ઝાંઝર | ૬૩ |
| કિંમત કોણ ચુકવશે? | ૬૬ |
| મારે શ્યામાને નથી ખોવી | ૬૮ |
| લાફો. | ૭૦ |
| સાહેબોને સજા | ૭૧ |
| એમનો વંશ | ૭૩ |
| પરિવર્તન | ૭૫ |
| મનનું સમાધાન | ૭૭ |
| ટેસ્ટ નું પરિણામ | ૮૦ |
| ભાભો ભારમાં તો વહુ લાજમાં | ૮૧ |
| **તરુવર ને લપેટાતી વેલ..** | ૮૩ |
| શુળીનો ઘા | ૮૫ |
| નમુછ્યો | ૯૨ |
| અમવીતી | ૯૩ |
| નબળા હૃદયનો | ૯૪ |
| નોકરી ગઈ તે છોગામાં.. | ૯૬ |
| ત્રિવેણી સ્ટોરનું પાટીયું | ૯૭ |
| શરત જીત્યું કોણ ? | ૯૯ |
| **Hate letter** | ૧૦૫ |
| મારી શકુનુ શુ થશે? | ૧૦૯ |

# 'મધરડે' ને દિવસે



રાધા દાદીએ પૌત્ર અખિલ ને હાથમાં લીધો


સાત વર્ષનું કાનુની ઝનુન આજે ધીમંતની તરફેણમાં આવ્યું. માનસિક નબળાઇઓથી પીડાતા ધીમંતનાં દુઃખનું અવિભાજ્ય અંગ તેનો દીકરો અખિલને આજે તે મેળવશે.. તે વિચારીને રાધાદાદી ખુશ થતી હતી. તેની આંખમાં ઝળ ઝળીયા હતા પણ ખુશીનાં.. આજે તેનો દીકરો ધીમંત ખુશ થશે..

ઝરણાને પોતાના દીકરાથી છુટા પડતા દુઃખ થતું હતું. નપાણિયા પતિ સાથે ગાળેલા યાતના પૂર્ણ વરસોમાં એક માત્ર આશ હતી તેનો પુત્ર અખિલ ..તેને છોડવાની વાત માત્રથી આંખો ભરાઈ જતી હતી. આશા મમ્મી પણ અખિલનાં જવાથી રડતી હતી,તેથી પણ વધુ ઝરણાનો વિલાપ જોવાતો નહોંતો..

મા કેવું હ્રદય છે તે હંમેશા સંતાનોને સુખી જુએ તો પણ રડે અને દુઃખી જુએ તો પણ રડે...

કરૂણતા તો તે હતી 'મધરડે' ને દિવસે બધી માતાઓ ની આંખમાં આંસુ હતા.. કોઇક્નાં ખુશીનાં તો કોઇકનાં ગમનાં...

# સાચે જ........



ભૂપેશ ખરેખર પરેશાન હતો. નિલમે આખરે તેનુ ધાર્યુ કરવુ નક્કી કરી નાખ્યુ હતુ. તે વાત તેને સમજાતી નહીંતી પણ નિલમ સ્પષ્ટ હતી. બાળક દત્તક લેવુ કે આ કૃત્રીમ ગર્ભાધાન (આર્ટીફીસીયલ ઈનસેમીનેશન) કરાવવુ તે દ્વીધામાં બહાર નીકળવા નો ભગીરથ પ્રયત્ન ના અંતે નિલમે તેને કહ્યું – પારકુ લોહી તે પારકુ – કમ સેકમ અહીં મારુ તો સંતાન તો ખરુને.

ભૂપેશ ને આ દલીલ ઠીક લાગતી નહોંતી – તે હજી રાહ જોવાના મતમાં હતો – હજી દવા કરાવી તેની ઉણપો સુધારવા ના મતમાં હતો – પરંતુ નિલમે સહજ રીતે કહ્યું. રાહ જોવામાં પાંચ વર્ષ તો કાઢ્યા. હવે તો મને સગા વહાલામાં જવાબ આપતા અને મહીને – મહીને ટાઈમ માં બેસતા પારાવાર દુખ થાય છે. મને કોઈ ખોડ નથી અને મને લોકો થતુ નથી... થતુ નથી તેવી વ્યંગવાણી સહન કરવી પડે છે. હું કંઈ ઢંઢેરો પીટવા નથી જવાની કે તને તકલીફ છે – આ બધુ તો ઘરમેળે પતી જવાનુ છે. વીર્યદાતાને તો ખબર પણ હોતી નથી અને હોસ્પીટલમાં એક દિવસ ની સારવાર છે.

પણ નિલમ ! નિલમની વેદના પ્રચુર આંખો માં ટગટગતા આંસુડા જોઈ – ભૂપેશ પાછો પડી ગયો. મુંબઈ જવાની ટીકીટ મંગાવી – હોસ્પીટલમાં ફી ભરવાનો ડ્રાફટ કઢાવી લીધો.... અને નિલમનું મસ્તક આંનંદ અને શોક બંને ના ભારમાં ગળાડુબ બની ગયું.

ભૂપેશ ને તે પુરુષ માં નથી તેવુ કહેવા નહોંતી માંગતી પરંતુ તે સિવાય બાળ પ્રાપ્તિ નો બીજો કોઈ સાચો રસ્તો દેખાતો પણ નહોંતો. દત્તક બાળક લોવાની બાબતમાં તેને – ઘડપણમાં લોહીનો સંબંધ ન હોય અને ઠેબે ચઢાવે તેવી ધાસ્તી પણ લાગતી હતી.

પૂરા નવ મહીને રુડો રુપાળો દિકરો જોઈને નિલમ તો મલકાતી હતી – પણ ભૂપેશ ને તે બાળકની હસીમાં સ્વત્વ ન લાગતા – નિલમ નો દિકરો...નિલમ નો દિકરો. થયા કરતુ હતુ. જવલંત નામ પણ ભૂપેશે જ પાડ્યું... અને જવલંત તેના નામ જેવો જ જવલંત હતો. પપ્પા પપ્પા કરતો ભૂપેન ને વળગે – પણ કોણ જાણે કેમ ભૂપેન – તેનાથી દુર અને દુર જ રહેતો.. તેને થતુ કે – આ મારુ સંતાન નહીં. ભૂપેશ ના પિતા ને ભૂપેશ ની વર્તણુંક ખુંચતી – અને તેથી કહે પણ ખરા – જો દત્તક દિકરો લીધો છે તેમ માની ને જવાબદારીથી વર્તન કર – ગમે તેમ પણ તેને તારુ નામ તે આપ્યું છે. નિલમને તો ઘી નો ગાડવો મળી ગયો – પણ ભૂપેન તે ઘી

નો ગાડવા માં ન જાણે શા ય કારણથી એમ માની બેઠો કે તેને માટે તે વેઠ છે. પરિણામ સ્વરુપે નિલમ અને ભૂપેન વચ્ચે એક તિરાડ જેવી પડતી ગઈ.
બાર વર્ષ નો જવલંત એ તિરાડને સમજતો ગયો અને એક દિવસ તે ઘર છોડી નીકળી ગયો.
નિલમ તો રડી રડીને અડધી થઈ ગઈ. પણ ભૂપેન જબરો અસમંજસ માં પડ્યો... એક બાજુ એને એવુ થતુ હતુ ચાલો ટાઢે પાણી એ ખસ ગઈ... પણ બીજી બાજુ એનુ પણ મન રડુ રડુ થતુ હતુ – પોલીસ સ્ટેશને ધક્કા – ફોન ઉપર ફોન અને ડર પણ લાગે – નાનો છોકરો... કંઈ આડુ અવળુ કરી નાખ્યું હશે તો...
ઘરના બારણે જયારે શબવાહીની આવીને ઉભી અને નાના જવલંત ની ફુગાયેલી લાશને જોઈ – ભૂપેન પહેલી વખત મોટા અવાજે પોક મુકીને રડ્યો... જાણે સાચેજ તેનો દીકરો મરી ન ગયો હોય......

# મહોંરી ગયો તેના મનનો ગુલમહોર.



સુગરલેંડ હયુસ્ટન નો સમૃધ્ધ એરીયા છે. એ વિસ્તારમાં રહેતા અનુપમ અને નીરાલી પટેલ ને મળવા જવાનું હતુ તેથી ફોન કર્યો – અને નીરાલીબેન ની સાલસ અને સહજ વાતોથી એમ લાગ્યુ કે ગ્રામીણ પટેલ કુટુંબ છે અને તેમને માટે નાણાકીય સલાહો આપવાની છે.

ખૈર.... કેલીફોનીયા લોસએંજલસ ના બસ ડીપો માં ઝાડુ અને પોતુ મારતો ધીમા અને મીઠા અવાજે ઠરેલ વાતો કરતો 25 વર્ષ પહેલા નો અનુપમ... અહીં સાહસ કરીને આવી તો ગયો... પણ અસંખ્ય હાડમારી ની વચ્ચે નાટ્ય શોખીન જીવડો જિંદગી ના રંગમંચ ઉપર જે નાટ્ય જીવન જીવી રહ્યો છે તે સાંભળતા મારા તો રુંવાડા ખડા થઈ ગયા....

અનુપમ અને મધુરમ બે ભાઈઓ.... એક જ માના ઉદરે જન્મેલ શ્રવણ અને રાવણ.

અનુપમ અને મધુરમ ઉછર્યા લંડન માં – ભણ્યા ખાસ કશુ નહીં પણ બાલમુકુંદે અનુપમ ના અમેરીકા ગયા પછી મધુરમ્ સાથે ભારત પ્રયાણ કર્યું.

નાની દીકરી રુકમણી નીરાલી ને વારંવાર પુછતી – આ દાદા કયાં ના છે. એમને કહોને મારુ આલ્બમ જુએ.... અને એ સમયે અનુપમ નો દસ વર્ષ નો વિરામ નવસારી હતો તેનો ફોન આવ્યો એટલે વાતો માં હતો – અને આ નાના વિરામ વખતે નાની દિકરી નાં આગ્રહ થી મેં આલ્બમ જોયું. સારી સારી હસ્તીએ સાથે અનુપમભાઈની ઉઠક બેઠક છે.... ફોટા ઉપર થી લાગ્યુ.... ભારત નાં નેતાઓ – અભિનેતા ઓ અને મોટા મોટા ડોકટરો અને વિધ્વાનો સાથે તેમની ઉઠબેઠક જોઈને હું આનંદિત થયો. પણ કેટલાક કૌટુંબીક ફોટાઓમાં કયાંક કયાંક કાતરે કરામતો કરેલી કોઈક ભાઈ – બહેન દેખાતા નહોંતા – અમેરીકન વિવેક પ્રમાણે મનમાં પ્રશ્ન પુછવાની ઈચ્છા હતી છતા ન પુછ્યો.

ઈન્ડીયાનો ફોન પુરો થયો અને અમારી ધંધાકીય ચર્ચાઓ શરૂ કરતા તેમણે પ્રશ્ન પુછ્યો – તમને આલ્બમમાં અજુગતુ કશુ ન લાગ્યું – મેં મોંધમ સેવ્યું – એટલે તેમણે કહ્યું – તમને ખબર છે કોઈક ને દુશ્મન લુંટે – કોઈક ને ઘરવાળા લુંટે. મને મોટાભાઈએ અને મારા બાપે લુંટયો છે તેથી આલ્બમમાં એમના કયાંય ફોટા નથી....

હું મારા જીજ્ઞાસુ સ્વભાવને કાબુમાં ના રાખી શક્યો. અનુપમભાઈએ જે વાત શરૂ કરી તેનો સંપુર્ણ અહેવાલ જોઈતો હતો.

તેમણે કહ્યું. "મારા બાપા ને હું બહુજ આદરમાનથી જોતો એટલે લંડન થી હું અમેરીકા આવ્યો... અને બે ચાર પાંદડે થયો અને એમને ભારતથી અહીં બોલાવી લીધા. નીરાલી તે વખતે ત્રણ વર્ષે બેજીવાતી હતી – અને ત્યારના મારા બાપા અને બા મારી સાથે રહેલા.... માંદે સાજે તેમની દવા દારુ અને સેવા સુશ્રુષા બધી મારે જ કરવાની.... મારા મધરને જેમ તેમ બોલી નાખે એટલે હોસ્પીટલમાં હું જ રહું. તેમને ચાર વખત તો બાયપાસ કરાવી અને અહીં ના હોસ્પીટલનાં ખર્ચા તો તમને ખબર ને... મોટા હાથી જેવા.... તેમના ડાઈપર બદલવાના અને બધીજ સુશ્રુષા કરનાર ફક્ત હું જ....

મધુરમ અને નાની બેન ઈશ્ર્વરા બંને ના લગ્ન ચાલીસ હજાર ડોલર્સ ખર્ચી ને મેં કરાવ્યા.... આપણને એમ કે મોટોભાઈ થયો એટલે કરવુ પડે ને.... એજ સુરતી લઢણમાં એમણે વાત કરી..."

મને હજી મુળ વાત પકડાતી ન હોંતી તેથી મેં ટાપસી પુરાવી – પણ આ તો વહેવાર થયો... લુંટ કયાંથી આવી....

નીરાલી બેન શાંતિથી સાંભળતા હતા – તે બોલ્યા –" અનુપમ હવે જવા દેની તે વાત – જાતે કંઈ પોતાની જાંઘ થોડી ખુલ્લી થાય? – અને જુઓ ભેંસનાં શીંગડા ભેસને ભારે."

અનુપમભાઈ કહે ! – "નારે ! આતો નાનલી એ આલ્બમ બતાવ્યુ અને અરુણભાઈ વિવેકી – આપણને માને છે – તેથી મને કહેવા નું મન છે તો કહીશ...

મેં ફરી પાછુ મોંધમ મૌન સેવ્યુ – અને આંખથી આગળ શું થયુ નો પ્રશ્નાર્થ પુછ્યો. એટલે અનુપમભાઈએ કહ્યું –" નીરાલી ને ત્રણ ગોળી પેટમાં અહીંના કાળીયાએ મારી છે – નીરાલી જરા પેટ ઉંચુ કરીને બતાવતો... "

હું મર્યાદામાં – વિવેક માં... ના હવે રહેવા દો કહેતો હતો ત્યાં નીરાલી બેને પેટમાં ટાંકા પડેલા તે ભાગ ખુલ્લો કરીને બતાવ્યો...

અનુપમભાઈની વાત આગળ ચાલી- "તે વખતે કિન્નરી 3 વર્ષની અને વિરામ એક વર્ષનો ત્યારે આ બન્યુ... ડોકટરે તો 72 કલાક ની મુદત આપી જ દીધેલી કુલ 107 ટાંકા અને મોટેલ ની ટાંચી આવકો છતા એને કૃષ્ણની ગીતા ઉપર બહુજ શ્રધ્ધા તેથી છોકરાવો નમાયા ના થયા...

"પણ – આમા બાપા અને ભાઈ તો કયાંય ન આવ્યા...? મેં ફરી પ્રશ્ન પુછ્યો –

અને અનુપણભાઈ બોલ્યા....” આપણુ નવસારી કરતા નાનુ ગામ – કોલંબસ માં મારી મોટેલમાં કોઈ હબસી ને રુમ જોઈતી હતી – જે નહોંતી એટલે નીરાલીએ ના આપી – દારુમાં ધુત – એ તો ગોળીઓ મારીને જતો રહ્યો – પોલીસ તેને પકડવા મથતી – જયારે હું બહાવરો થઈને છોકરા અને હોસ્પીટલ માં ફરતો હતો ત્યારે મોટેલમાંથી તેમનો હાથ ફરતો થઈ ગયો.... બાપે ગલ્લો સંભાળવા ને બદલે ગલ્લો હડપીને મધુરમ્ ને પૈસા મોકલવા માંડ્યા... ઈશ્વરાને મોકલવા માંડ્યા... જે દિવસે મેં જાણ્યુ ત્યારે ખુબ જ રડ્યો... પણ આવુ કોને જઈને કહેવાય... ? મેં એમણે માંગ્યા તેના કરતાય વધુ પૈસા જયારે પણ જરૂર પડી ત્યારે આપ્યા છે. અને એ આપીને ઉપકાર કર્યો હોય તેવો કોઈ જ ભાવ નથી બતાવ્યો... છતાય... જયારે મારા ઉપર ખુબ જ વીતતી હતી ત્યારે જ અને તે પણ મને પુછ્યા વિના.... ખૈર તે વખતે તો હું ચુપ રહ્યો... પણ – કિન્નરી માંદી પડી અને પૈસાના અભાવે હું એને હોસ્પીટલ લઈ જવામાં મોડો પડ્યો ત્યારે ઈશ્વરા અહીં હતી – અને મેં લોન તરીકે પૈસા માંગ્યા તો નાના મોઢે બહેને મને ગણીત શીખવવા માંડ્યુ – પૈસા નો તો જોગ જાણે થઈ ગયો....પણ કિન્નરી ડોકટરની નિષ્કાળજીથી મૃત્યુ પામી....”

નીરાલી ની આંખમાં આંસુ – અનુપમની આંખમાં આંસુ અને ભારે થયેલ મારા ચહેરાને જોઈ નાની રાધા બોલી દાદા કિન્નરીબેન તો પરી થઈ ગયા ને.... જો પેલા ફોટામાં રહ્યા.... નીરાલી પાણી પીને બોલી – “અનુપમ ને કિન્નરી નુ ખુબ જ લાગી આવે.... પણ જે ઘરમાં ગીતા નો વાસ હોય ત્યાં દુઃખ રે જ ની – (નહીં -કારણ કે કર્મનો સિધ્ધાંત. મેં ખોટુ ની કરેલુ તેથી- આટલા મોટા ઓપરેશન પછી કિન્નરી વિના મેં ધારેલુ અને મને બે દિકરીઓ થઈ – રાધા અને રુકમણી “

– અનુપમે સહેજ સ્વસ્થતા પકડી વાતને આગળ વધારી...

અઢી વર્ષે ડોકટર ની નિષ્કાળજી બદલ વીસ લાખ્ર ડોલરનો દાવો મળ્યો – ત્યારે મારી જિંદગી માં રડવું કે હસવુ મને ન સમજાયું.. નીરાલી આને પ્રભુનો ન્યાય સમજતી હતી – પણ ૨૦ લાખમાંથી ૮ લાખ મેં કિન્નરીના નામે હોસ્પીટલ ખોલવા માટે મારા બાપાને આપ્યા – ૨ લાખ નો હિસાબ બતાવી ૬ લાખ ચાંઉ કરી ગયા... હવે હું ચુપ ના રહ્યો – મેં મારી બા ને કહ્યું – આ પૈસા મારા નથી નીરાલી નાં નથી – પણ તેના ત્રણ છોકરા ના છે – આ પૈસા ના ખવાય – થોડોક ભગવાનનો ડર રાખો.... મેં વડીલને પુણ્ય ના કામો કરવા યોગ્ય સમજીને આપ્યા છે... મારી બા ખુબ રડી પણ – તે શું કરી શકે ?.... બોલો અરુણભાઈ આવુ હોઈ શકે ? આવુ થઈ શકે ? પણ થયુ છે... તો શું.........અનુપમભાઈ નો ગુસ્સો – અને આક્રોશ એમની રીતે તો વ્યાજબી જ હતા... પરંતુ મારુ મન આ કળયુગ આટલો વધો તીવ્ર થઈ ગયો છે તે માનવા તૈયાર નહોંતુ – માબાપને મન બાળક આગળ વધે તે ગર્વ અને ગૌરવ ની વાત હોય – પરંતુ ધર્મ કાર્ય – દાનમાં આપેલ પૈસા બાપા ચાંઉ કરી જાય તે બાબતે અવઢવ હતી.

મધુરમ્ અત્યારે ઈશ્વરા સાથે શીકાગો માં રહે છે. તેનુ લગ્નજીવન અને ઈશ્વરાનું લગ્નજીવન ખરાબે ચઢ્યુ છે. મધુરમ્ નિ:સંતાન છે. – પત્ની સાથે ફાવતુ નથી તેથી તેને મુંબઈ છોડી અનુપમના Sponsership ઉપર અમેરીકા તો આવી ગયો... પણ ફોન સુધ્ધા નથી કરતો તે બાબતે અનુપમને રંજ હતો તેથી એક દિવસ તેને ફોન કર્યો ત્યારે જવાબ મળ્યો... “તારુ હવે કંઈ કામ ની મળે તેથી... Sponser થઈ ગયો... ગ્રીનકાર્ડ મળી ગયુ એટલે... હવે તારી જરુર ની મલે....”

ઈશ્વરા તેના પરિવાર સાથે રહે છે. ધર્મના નામે મીંડુ અને કર્મના નામે ચાંડાલીક જીવન જીવતા ભાઈ બહેન ની સાથે બાપા રહે છે. – પૈસાની જરુર પડે એટલે ભીખ માંગવાની.... બાપ ખોંખારીને બોલે પણ ખરો.... લક્ષણો ચોખ્ખા રાખો ને... ખોટી ખાંડ શું કામ ખાવ છો ? પણ અંતે તો બાપનો જીવ ને.... એટલે ત્રણે ને સરખુ કરવા – દીકરા ના પૈસાનો હિસાબ રાખવાને બદલે બીજી મોટેલ માં નોટ્સ આપી (લોન આપી) અને વ્યાજ માં ભાઈ-બહેન અને તેમનુ જીવન જાય....

અરુણભાઈએ અનુપમ ને ફક્ત એટલુ જ કહ્યું કે માબાપનો જીવ કદી દીકરાનું અહીત થાય તેમા રાજી ન હોય કંઈક સત્ય જુદુ હશે આટલો બધો મનમાં આક્રોશ ન રાખશો – અને જે થયુ તે – ઘી ઢળ્યું છે તો ખીચડીમાં ને....

બનવાકાળ – અનુપમ નો આ વલોપાત તેની બા થી ન સહન થયો – અને શીકાગો ફોન ઉપર વાત કરી – ત્યારે બાપા કહે – “અનુપમ ને ગેરસમજ થઈ છે. તે કલાકાર જીવ છે તે દરેક વસ્તુને સંવેદનાઓથી ભરી દે છે. ખરેખર જે પૈસા તેના છે તે તેનાજ છે. મેં તો તે પૈસા યોગ્ય જગ્યાએ ગોઠવ્યા છે. હા – ઈશ્વરા અને મધુરમ્ એ પૈસા માટે કયારેક મથે છે. પણ અનુપમને કહેજો ખોટો વિલાપ ન કરે ! “”ભલે – બાપુજી “કહીને નીરાલી એ ફોન મુકી દીધો.

મને ફોન કરી ને અનુપમે આ વાત કરી ત્યારે મને પણ આનંદ થયો... માબાપ – વેરો આંતરો કરી જ ન શકે તેવી તેની માન્યતા હતી – પણ પુરાવો મળતો ન હોંતો જે મળ્યો – અને ગેરસમજો ટળી ગઈ.

જો કે અનુપમ હજી સ્વીકારી શક્તો નહોંતો – પણ નીરાલી કાયમ કહેતી ઉપરવાળા ને ત્યાં દેર પણ નથી અને અંધેર પણ નથી. આપણે તો સારા ભાવો સાથે સારુ જીવન જીવવાનું – જરુર પડે કોઈક ને માટે ઘસાઈ છુટવાનું અરુણ હજી કયારેક અનુપમના ગેરસમજ ભરેલા આંસુ જોઈને વ્યથીત થઈ જાય છે.... પણ સુગરલેંડ ના એ ઘરમાં હવે એક નહીં બે બે કિન્નરી જેવી કળીઓ ખીલી રહી છે... ગીતા જે ઘરમાં હોય ત્યાં કંસ નો વસવાટ ન હોય. નવા સ્વપ્ના ખીલે છે અને આથમે છે.

તે દવસની સંધ્યા... હળવેકથી મને અનુપમ ને પુછવાનું મન થયુ ભાઈ – આલ્બમનાં ફોટા હવે કાઢી નાખજે.... નહીંતર એ કડવી યાદો ના ઘુંટડા મીઠા નહીં બને.... પણ અનુપમે તો આખુ આલ્બમ જ કચરા પેટીમાં નાખી દીધુ હતુ – આખરે તો કલાકાર જીવ ને.... સહેજ અનુકુળ વાતાવરણ મળતા જ મહોંરી ગયો તેના મનનો ગુલમહોર.

# ભક્ષ્ય..



તે દિવસે પહેલી વખત હું ધ્રુજી ગયો.... માબાપની છત્ર છાયામાંથી છુટીને કોલેજ માટે ઘરથી દુર એપાર્ટમેટ માં રહેવાનુ શરુ કર્યું ત્યારે આવો કોઈ અનુભવ થશે તેની કલ્પના પણ તેને નહોંતી.... સાંજના સાત વાગ્યે.... સાયકલ ઉપર હું જતો હતો અને ટ્રક બાજુમાં આવી ઉભી રહી અને બે મેક્સીકન જેવા માણસો મને ઘેરી વળ્યા.... કાન ની બુટ પાસે ગન હતી.... અને ભાગ્યા તુપ્યા અવાજ માં.... પૈસા માંગતા હતા... અને મૃત્યુ નો ખોફ પહેલી વખત તેને સ્પર્શી ગયો. પરાવર્તી ક્રિયા વશ.... ગજવા માંથી પાકીટ કાઢી આપી દીધુ અને સાયકલ ફેંકી તે એક બાજુ ઉપર ઉભો રહી ગયો.... તેઓ નાં કહેવા મુજબ.
પાકીટ માંથી ડોલર્સ ની લીલી નોટો લઈ પાકીટ હવામાં ઉછાળી ટ્રક જતી રહી.... પણ પેલુ ભયનું લખલખુ હજી અંદરથી એક એક રુંવાડા ને ખડુ કરતુ ઉભુ જ હતુ. સાયકલ લીધી – પાકીટ હાથમાં લીધુ અને સાયકલ ઉપર ઝડપથી મારા એપાર્ટમેટ માં પહોંત્યો........પાણી પીધુ... પાકીટ ફંફોસ્યુ તો, કડડીટ કાર્ડ પણ ગુમ હતુ – લેપ ટોપ ચાલુ કરી ક્રેડીટ કાર્ડ કેન્સલ કરાવ્યુ – પોલીસ ને ફોન કર્યો.... હાવર્ડ ને ફોન કર્યો અને પપ્પા ને ફોન કર્યો 110 ડોલર ચોપડીઓ ખરીદવા ઉપાડયા હતા તે જતા રહ્યા હતા.... પણ પેલી ધ્રુજારી હજી જતી નથી...

પોલીસ ને વર્ણન આપ્યુ – પૈસા મળવાની તો આશા નથી પમ બીજા કોઈને તકલીફ ન થાય તેની સાવચેતી જ.... તેથી ખાલી ખોળ પાછળ ખાતર... હાવર્ડ આવ્યો તેની સાથે બંસરી પણ આવી.... થોડીક ઘમંડી લાગતી આ છોકરીને આજે મારી હિંમ્મત માટે અહોભાવ દેખાતો હતો... તે બોલી – તુ બહાદુર છે. નહીંતર આવા પ્રસંગો એ ઘણા ગન જોઈને જ બેભાન થઈ જતા હોય છે... મેં થોડીક હિંમત ભેગી કરીને કહ્યું – એ તો અંધારુ હતુ તેથી ટ્રક નો નંબર ન જોવાયો... બંસરી કહે સારુ થયુ તે નંબર નથી જોયો..... નહીંતર વાતનું વતેસર થશે.... ચાલ હવે અમારી સાથે – બહાર થોડુક ખાશુ અને પછી તુ પાછો આવી જજે....
તે વખતે હાવર્ડ – બંસરી સાથે હું બહાર ગયો... થોડુક ખાધુ... પણ પેલો કરડો અવાજ અને કાન પટીયા પર ગન નો ઠંડો સ્પર્શ હજી મારા મનમાં ભયની ધ્રુજારી ઉપજાવ્યા જ કરતા હતા.

દિવસો પસાર થતા હતા.... તે એપાર્ટમેન્ટ ખરાબ છે... લોકાલીટી ખરાબ છે... કહી ૧૫ દિવસમાં એપાર્ટમેન્ટ બદલ્યુ... પાછો જુના મિત્રો થી નજીક બીજા એપાર્ટમેન્ટ માં જતો રહ્યો... ભણવામાંથી મન ધીમે ધીમે ઘટતુ ગયુ અને સ્વબચાવના રસ્તાઓ શોધવા માંડ્યા... બંસરી સાથે મુલાકાતો વધવા માંડી... અને તેની વાતો સાથે અજાગૃત રીતે સંવેદના નો તંતુ સંધાવા માંડ્યો... બંસરી ચાઈનીઝ છોકરી હતી – પણ તેનો અવાજ મધુર હતો... અને તેથી પણ વધુ તેની આંખોમાં મારે માટે કદર અને લાગણીની ભાવના વધુ ડોકાતી હતી...

તે દિવસે એણે રાઈડ આપી અને ૩ કલાક બાદ મને મારે ગામ ઉતાર્યો ત્યારે તેની વાતોમાં થોડીક ગંભીરતા હતી... ઉંમર જાય છે અને ભણવાની સાથે સાથે કમાવુ જોઈએ... માબાપ સારા છે... પણ તેમના ઉપર બહુ ભાર ના આપવો જોઈએ જેવા સરખા વિચારો ની આપ લે ચાલી – અને મારુ મગજ ગણતરી ઉપર ચઢી ગયુ... હું પણ કામ કરું થોડાક પૈસા બચાવુ તેથી પપ્પા પાસે હાથ ન લંબાવવો પડે... અને મારી વિચારધારા પપ્પાની જિંદગી ઉપર સ્થિર થઈ..... તેમની જ ઈચ્છા છે. અમને બંને ભાઈઓ ને સારુ ભણતર અને સારી જિંદગી આપવી..... અને તેથી જ તો તેમની સ્થિર થઈ ગયેલ કારકીર્દી છોડી નવેસર થી અમેરીકા માં જિંદગી શરુ કરી. નાનો તો હજી નાનો છે... મારે ભણતરની સાથે થોડુક કમાઈને તેમને પણ મદદ કરવી જોઈએ...

ભારત ના રુઢીગત ભણતર અને અહીં અમેરીકન ભણતર પધ્ધતિઓમાં લાવી અને પોતાની તકલીફો નો વિચાર કર્યા વિના.... મન... તેમના પ્રત્યે ના અહોભાવ થી ભરાઈ ગયુ.... બંને ને મારા ઉપર કેટલો ભરોસોં છે... બંસરી તેની વાતો કરતી હતી.... તેના માબાપ નું જીવન ડોઈવોર્સ માં ખુવાર થઈ ગયુ... તેની દાદીમા નાં ભરોંસે તે ઉછરી ને મોટી થઈ. દાદીમા ને ત્યાં ગલુડીયા... અને તેથી તેને ગલુડીયા બહુ ગમે... કેટ પણ બહુ ગમે... તેના એપાર્ટમેન્ટ માં ડોગ ન રાખવા દે પણ કેટ નો વાંધો નહીં... તેથી તેની પાસે એક મંજરખાન... બીલાડો મ્યાઉં... મ્યાઉં કરે... પણ બંસરી ને ડોગ વધુ ગમે – તેની વફાદારીને કારણે.

મને મારું નાનું જહોની યાદ આવી ગયુ... ગામ તેને લાલીયો કહે અને ભારતમાં તો કુતરા ઘરે નહીં રાખવાનાં... પણ જયારે ભુરી કુતરીને સાત ગલુડીયા થયા તેમાનું જહોની સફેદ દુધ જેવુ અને થોડુ તગડુ તેથી ઝડપથી દોડી ન શકે.... અને ભુરી પાસે જવાની સ્પર્ધામાં કાયમ પાછુ પડે અને ભુખ્યુ રહી જાય... અને કાંવ... કાંવ... કરી ને રડે.... હું તે વખતે પાંચેક વર્ષનો..... પણ મને જહોની ભુખ્યુ રહે તે ન ગમે.... અને મમ્મી એ આપેલ દુધ નો ગ્લાસ એને પીવડાવી આવુ.... એક દિવસ મમ્મીને ખબર પડે તો – કહે જહોની ને દુધ પણ ભૂરીને રોટલો... ખબર છે. મુંગા પ્રાણી ના નિ:સાસા ન લેવાય... બંસરીને મેં આ વાત કરી ત્યારે તે બોલી... તને હજી ગલુડીયા ગમે ? હું થોડોક ગુંચવાયો... પણ બોલ્યો... ત્યાં ની અને અહીં ની વાત જુદી છે. મને તેમને નોન વેજ ખવડાવ્યુ ન ગમે... બંસરી તરત બોલી શું ખવડાવવુ તે આપણે નક્કી કરવાનું... અને વેજી ફુડ પણ મળે છે ખરેખર ? હું ક્ષણ માટે તો આનંદિત થઈ ગયો.

મમ્મી ને તે દિવસે પુછ્યું... હુ ડોગ રાખુ ? મમ્મી કહે દીકરા – ભણી ગલી લો પછી... અત્યારે આપણને ન પોષાય... અને આપણા ધર્મમાં મુંગા પ્રાણી ના નિ:સાસા લેવાની ના પાડી છે ખબર છે ને ?

પાછા વળતા બંસરી એ ફરી તેજ વાત કાઢી – ધર્મ ના નામે મેં વાત ઉડાડવા માંડી તો બંસરી કહે – તમે લોકો ધર્મ ને તમારી સગવડ પ્રમાણે ફેરવી તોળો છો – એક પપી ને તમે પાળો પોષો અને તેને મૃત્યુ માંથી બચાવો તે ધર્મ નથી ? તે લુચ્ચી હતી... તેને તેનો શોખ પોષવા મારો સાથ જોઈતો હતો અને મને પપી ગમે છે તે વાતથી તે વાકેફ હતી... વળી તને ગન એટેક થયો તે વખતે પપી તારી જોડે હોત તો તુ બચી જતે... એણે છેલ્લો ઘા ફેરવી ને માર્યો જે નિશાન પર બરોબર ધારી જગ્યા એ બેઠો.

પછી ની વાતોમાં પપી રાખવા નો ખર્ચા કેટલો આવે શું કરવુ પડે કેટલો ટાઈમ જોઈએ... બધી વાતો નો હિસાબ હતો કે પપી જે કંપની આપે તેની સામે જોઈએ તો ખર્ચો તો કંઈ જ નથી... અને એટલો ખર્ચો તો કયાંય નીકળી જશે.... હિસાબ મારા મનમાં સ્પષ્ટ થઈ ગયા પછી મેં બંસરી ને પુછ્યુ તુ એને સાચવીશ ? મારે કોલેજ માં જવાનુ હોય અને એને ખાવા પીવાનું અન્ય દૈનિક ક્રિયાઓ... અને બંસરી કહે તુ તો મને ભાવતુ પુછે છે... હું જરુર તને બધી રીતે મદદ કરીશ....

એક પપી – પછી તેને કંપની આપવા બીજુ પપી તેને ટ્રેઈનાંગ – તેનુ ફુડ – તેની જાળવણી માટે રજીસ્ટ્રેશન... બીલ્લો પટ્ટો.... તેને રમવાના રમકડા.... અને મારા ક્રેડીટ કાર્ડના બીલો વધતા ગયા અને ગ્રેડ ઘટવા લાગી.... ચાર કલાક છ કલાક પછી તો સમગ્ર ભણતર ના સમયનો ભોગ પપી એ લેવા માંડ્યો... અને એક દિવસ પપ્પા અને મમ્મી કોઈક કામ માટે મારા એપાર્ટમેન્ટ પર આવ્યા અને મારી દશા જોઈને દ્રવિત થઈ ગયા... +

દિકરા તને ભણવા મોકલ્યો હતો... આ ગલુડીયા ઘર બનાવવા નહીં... વળી જા – નહીંતર ભુંડા હાલે પછડાઈશ... તને મારા મિત્ર ની વાત ખબર છે ને ? પણ પપ્પા – આ ગલુડીયા ને પોષણ આપી ને હું સારુ જ કામ કરુ છુ ને ? – બંસરી નો પણ સાથ છે – તેથી ખર્ચા માં રાહત છે.

"મારા એ મિત્ર ની વાત તને કહું – કોલેજ ના પહેલા વર્ષમાં અમે એના ઘરે ભણીયે... અને તે ભાઈ ને પરણ ઉપડયું તેથી તેના વિવાહ થયા. અમે ભણી રહ્યા ત્યાં સુધી તે પાસ ન થયો... અને આજે 25 વર્ષે અમે બધા સ્થિર છીયે ત્યારે તે દરિદ્રતાના અંતિમ ચરણમાં છે"
. "પણ પપ્પા ભણવાની ઉંમર જતી કયાં રહી છે. ? "
"એની પણ આજ દલીલ હતી – ઉંમર ઉંમરનું કામ કરે છે. – તુ આ અવળે પાટે ચઢ્યો છે. જવુ છે દિલ્લી અને ગાડી પકડી છે મદ્રાસની... ઉતરી જા – અને પાછી દિલ્લી જવાની ગાડી પકડ.... " '
"પપ્પા – આ બંને પપી અને બંસરી સાથે જિંદગી સરસ જઈ રહી છે"
." એક સાધુ ની વાત તને કહું. એક અઘોરી બાવો.... એક લંગોટી અને તે રાત પડે ધોઈ નાખે અને સવારે પહેરી લે. એક ઉંદરડી પેધી પડી અને લંગોટી કાતરે તેથી કોઈ ભક્તે સલાહ આપી એક બિલાડી રાખો... એટલે ઉંદરડી નહીં આવે.... બાવાજી એ બિલાડી રાખી તેના દુધ ની ચિંતા... એટલે કોઈક ભક્તે ગાય આપી.... ગાય ને દોવાની – ચારો નાખવાની તકલીફ એટલે કોઈ બાઈ માણસ રાખો બાઈ રાખી.... અને વર્ષમાં તો છોકરુ થયુ.... અને બાવાજી ની ચમકી.... આ લંગોટી સાચવવામાં હું તો સંન્યસ્ત બગાડી બેઠો... લંગોટી ફેંકી ને પાછો ભાગ્યો...."
"પપ્પા... મને પેલી ગન ની બીક આ ગલુડીયાએ કાઢી... બંસરીએ કાઢી..."

"પણ તે બીક કાઢવાનો રસ્તો તને આખી જિંદગી દરિદ્રતામાં સબડાવશે તેનું શું ? અને આ કામ માટે તો અહીં અમેરીકા તને નથી લાવ્યો ખરુ ને ?"

"હા... પણ હું મારી રીતે મેનેજ કરી લઈશ...."

"એક કામ કર... તારુ એપાર્ટમેન્ટ હવે તને ડોગ રાખવા નથી દેતા તેમ કહી બંસરી ને રસ્તો કાઢવા કહીશ ?"

" ભલે...."

પંદર દિવસ પછી બંસરીને મારા માટે ખુબ જ તિરસ્કાર છુટ્યો એક ગલુડીયુ લઈ ડોર્મેન્ટરી માં પાછુ આપી આવી. બીજા પંદર દિવસ પછી હું બીજુ ગલુડીયું પાછું આપી આવ્યો.... દોઢ મહીના પછી બંસરી નો ઈ મેઈલ આવ્યો – તેણે મને ડંપ કર્યો... મેં પપ્પા ને થંન્કયુ નોટ લખી....

તમે સાચા છો... માણસો પોતાના સ્વાર્થ માટે ગમે તે કરતા હોય છે... ખાસ કરીને લાગણી ઓ સાથે નો ખેલ... પોતાના સ્વાર્થ માટે... તેના કલાક ના રીક્રીએશન માટે મારી કારકીર્દી નો ભોગ લેતા પણ ન અચકાય...

ફરીથી આભાર....

હવે એ ગન ની બીક લાગતી નથી... કારણ કે પોલીસે તે માણસને પકડી પાડ્યો છે... તે એક જમાના માં બંસરી નો એક્ષ હતો.... અને આ સમગ્ર નાટક નો તે એક સહનાયક હતો.... બંસરી ભોક્તા હતી અને હું ભક્ષ્ય....( ગુજરાત ટાઈમ્સ ન્યુયોર્ક માં પ્રસિધ્ધ)

# મોહપાશ



Picture Courtsey :www.rediff.com/news/2006/oct/11ajp.htm

ભાર્ગવી ને જ્યારે ખબર પડી કે તેની લાડલી અને માનીતી દિકરી એ તેને છુટી કરી ત્યારે એ અવાચક થઈ ગઈ – માનસી એનુ મનોસ્વપ્ન હતુ. તેમા તેણે તેના બધા સ્વપ્નો વાવ્યા હતા – અને એની ધારણ પ્રમાણે માનસી તૈયાર પણ થઈ ગઈ હતી. સ્કુલ માં પહેલી, કોલેજમાં પહેલી – વિનય અને સદગુણો નો ભંડાર ઘરમાં જયાં અને ત્યાં માનસીનો દાખલો અપાય.... પણ જનક મામા સાથે જયારે પહેલી વખત માનસી એ તેના અંતરિક વલણો ની ચર્ચા કરી ત્યારે જનક મામા બોલ્યા – ચાલ માનસી! મમ્મી ને છુટાછેડા આપીયે...

જનક અને ભાર્ગવી એ બહુ નાની ઉંમર માં મમ્મી ગુમાવેલી તેથી – 17 વર્ષ ની ઉંમરે 27 વર્ષની પુખ્તતા સાથે ભાર્ગવી બંને નાના ભાંડુરાને ઉછેરવા લાગી. સાવકી મા ન આવે તેથી મા નું દરેક પ્રકારનું કામ કરતી જિંદગી જીવવા માંડી...ભણતરને અનુરુપ જીવન જીવતા માર્કંડ સાથે વિવાહ થયા.... અને કાચી ઉંમરે ભાંડુરાઓની માતા બનેલી ભાર્ગવી પોતાના ગમા અને અણગમા સ્પષ્ટ રીતે વ્યક્ત કરવામાં હંમેશા તકલિફ અનુભવતી... મોં પર હાસ્ય – હાથ માં ઘરકામ નો ભાર અને મનમાં દબાયેલા કચડાયેલા સ્વપ્નો ના ભંગાર નો અર્ધ કચડાયેલ ભાર લઈ ને જીવતી ભાર્ગવી ના ખોળે માનસી આવી.

ભર્યા ઘરમાં માર્કંડ ના પરિવાર ની સાથે ભાર્ગવી માનસી ને ઉછેરતી ગઈ.... પણ પેલા કચડાયેલા સ્વપ્ના જે કાચી ઉંમરે મા બનેલ માતૃત્વ ને જરુર કરતા ગાઢા રંગ થી જીવીત કરી ગયા.... અને માતૃત્વ ના એ હુમલા માનસી અને અલીશાને ઉછેર દરમ્યાને કયાંક અને કયાંક ઘાટ છોડતા તો કયાંક ઘાટ કુંઠીત કરતા.... ખૈર.... આતો થોડીક પૂર્વ ભુમિકા.

જનક મામા પાસે હસતી હસતી માનસી બોલી.... " મામા – મમ્મી ને તો કંઇ છુટી કરાતી હશે..."

જનક મામા ધુંધવાતા અવાજે બોલ્યા..... "પણ બેટા ! તેણે તારા ઉછેર માં કચાશ રાખી હોય તો છુટી કરવી પડે ને.... "

માનસી કહે.... "તેમના ઉછેરમાં કચાશ નથી – કચાશ તો અમારા માં છે.... કે અમારું ઘડતર તેમના ધારવા પ્રમાણે નથી થતું".
જનક મામા બોલ્યા.... "ભાર્ગવી અમારા ઉપર તો હીટલર થઈ તો ચાલ્યુ..... પણ તમારા ઉપર પણ આટલી જોહુકમી....."
" પણ મામા ! આમા કયાં જોહુકમી ? "
"અરે તારે ! જેમ રહેવુ હોય તેમ રહેને ! આ ખા ને ખા... જાડી થઈ જઈશ.... અરે આ બધી તો કંઈ ચિંતા કરવાના કારણો છે ? "
"હા મામા – ચિંતાના કારણો તો ખરાજ ને".... "
"નારે ના.... આ ઉંમરે તો શરીર બંધાતુ હોય છે. અને એ બધી ચિંતા જે લોકો બહુ ખાતા હોય તેમણે કરવાની.... પણ આપણે તો આમેય ઓછુ ખાતા હોઈએ અને તેમા વળી આવી સુફીયાણી વાતો તો કંઈ ચાલતી હોય? – દિવસની બે રોટલી ખાવાની અને તેમાય પાછી કોરી ! "
" મામા! તમારી વાત સાચી છે... પણ હવે મારાથી નથી ખવાતુ... હું ખાવાનું જોઉ છું અને ઉલટી થાય છે. "
"તને ખાવાની ઈચ્છા થાય છ ખરી ?"
" હા પણ – ભય લાગ્યા કરે છે કે....."
"માનસી – આ ભય તે મનનું કારણ છે તે તને સમજાય છે ? તો પછી મનને કેળવવુ પડશે... જેમ મમ્મી ની વાતો માનીને તેમ હવે મમ્મી ની વાતો ન માનીને ચાલવુ પડશે.... મમ્મી ની ખાવાની વાતો નો વિદ્રોહ કરવો પડશે... "
જનકે માનસી ની સામે જોયુ તો માનસી ની આંખમાં આંસુ તગતગી રહ્યા હતા...... માનસી ના આંસુ એ વાતનું પ્રતિક હતા કે આ વાતો એને ગમતી નહોંતી – મમ્મી એને પ્રાણથી પણ વહાલી હતી – એ વિચિત્ર મનોદશામાંથી પસાર થઈ રહી હતી – એટલે વાત ને ફેરવવા તેણે માનસીને પુછ્યું –
"માનસી તને હરે રામ મંદીર માં વોલન્ટીયર વર્ક કરવુ છે ?"
"મામા – તમને તો ખબર છે હું તો ત્યાંજ જઈ ને રહું. તેનો મને વાંધો નથી... પણ એટલી શક્તિ આવે તેટલી તબિયત સારી કરવી પડશે ને...."
અઠવાડીયા પછી હરેરામ મંદિરમાં જવાનું નક્કી કર્યું અને ત્યાં સુધી માનસી ને ખાવા પીવાની બાબતો માં નહીં ટોકવા એ વાત ઉપર જનક મામા એ ભાર્ગવી ને સમજાવી દીધી.... ભાર્ગવી ને તો માનસીની આ વર્તણુંકો ખુબ જ દુખ પહોંચાડતી હતી પણ.... નાની નાની વાતો નાં અર્થ ઘટનો છોડવા યોગ્ય લાગ્યા હતા. તેથી માનસી ને નહોંતુ ગમતુ છતા એણે માનસી ની શારીરીક દશાની ચર્ચા જનક જોડે છેડી હતી.
સ્વામી હરિપ્રસાદ હરેરામ મંદીરના મહંત હતા – અને ધર્મ ને આજનાં માધ્યમ થી જોડવા સક્ષમ હતા – અને ધાર્મિક ભાવોથી ભરપુર માનસી સાચા રસ્તે ચઢે તેવુ ઈચ્છતા હતા.... તેથી જુદી જુદી વાતો થી એના મનમાં પ્રવેશવા પ્રયત્ન કરતા હતા. ગૌશાળા માં ગાયો ની સેવા કરવામાં માનસી વધુ રસ લેતી હતી.
તેથી એક દિવસ હરિપ્રસાદે કહ્યું – "આ ગાય ને માતા કેમ માનીયે છે તે તને ખબર છે માનસી ?"
માનસી બોલી "તે ખુબ જ પવિત્ર છે અને સૌથી સારી વાત તો એ છે કે એ કદી તેના વાછરડાને કહેતી નથી કે તુ આમ કર કે તેમ કર."
સ્વામી હરીપ્રસાદને આ પાછલી ટકોર ન ગમી પણ મૌન રહી બધી વાતો વિચારી લીધી – મુળ વિદ્રોહનું કારણ કયાં હતું તે શોધી નાખ્યું. વિદ્રોહ હતો પધ્ધતિ સામે... અને એમણે જનક ને ફોન કર્યો – કાલે માનસી નું ઓપરેશન છે – તમે આવી શકશે ?

બીજે દિવસે ભાર્ગવી – જનક અને માર્કંડ હરે રામ મંદિરમાં પહોંચ્યા – ત્યારે તેમની હાજરીમાં મહંતે માનસી ને વાતો વાતો માં હીપ્નોટાઈઝ કરી અને હસતા હસતા પુછ્યુ –
" માનસી આ ઝાડ ને તે કેમ પકડી રાખ્યુ છુ ?"
ત્યારે માનસી બોલી "ઝાડે મને પકડી રાખી છે હું તો છોડવા માંગુ છું. "
ભાર્ગવી આ વાંતો સમજી શકતી નહોંતી તેથી તે ચુપ રહી. મહંતે તેની સાથે વાતો આગળ ચલાવી –
"ઝાડ ના હાથ તને દેખાય છે ?"
માનસી – કહે – "ના"
મહંત – "તારા હાથ ઝાડની આજુબાજુ છે તે તને દેખાય.છે?"
માનસી – "હા, પણ મને ઝાડે પકડી રાખ્યા છે."
મહંત – "ના તારે પહેલ કરવાની છે જો ઝાડ તને છોડી દે".
માનસી અસંજસ માં હતી. તેથી એ વાત ને ફરી મહંતે દો હરાવી – "તારે ઝાડને છોડવાનું છે. તું નહીં છોડે તો તને તકલીફ થશે….."
માનસી ના ચહેરા ઉપર કંટાળા નાં ભાવો હતા… તે જોઈ મહંત ફરી બોલ્યા… "તારે જોવુ છે આ ઝાડ તને કેવી રીતે છોડતુ નથી…."
માનસી – "મેં ઝાડને પકડી રાખ્યુ હતુ…. હે ! હે ! અને આ છોડી દીધુ… ખડખડાટ હસતા હસતા માનસી એ એકદમ રડવા માંડયુ."…
મહંતે તેને રડવાની ના પાડી અને ફરી પુછ્યુ "તુ કેમ ખાતી નથી ?"
"મને ખાવુ છે – મને મમ્મી ખાવાનુ કહે ત્યારે ભય લાગ્યા કરે છે."
" કોનો ભય ?"
" મમ્મી ની દરેક વાત મેં માની છે. પણ હવે મને લાગે છે કે મમ્મી ખોટી છે તેથી સૃજલ ની વાત મેં મમ્મી ને નથી કહી."
" કોણ સૃજલ ? "
"મારે સૃજલને મેળવવો છે પણ મમ્મી પાસે તેને લઈ જવાની હિંમત નથી."
" કેમ ?"
" મમ્મી ને મેં ખુબ દુખ વેઠતી જોઈ છે. અને એ દુખને જોયા પછી મને લગ્ન કરવા ન હોંતા – પણ સૃજલને જોયા પછી મનમાં ફરી પરણવાના….."
"માનસી તે ઝાડને પકડ્યુ છે…. તારા મનમાં જે વિચારો ચાલે છે તેનુ નિરાકરણ થાય તેમ છે… "
"જો તેમ થાય તો તુ આ સત્યાગ્રહ છોડી દઈશ ! "
"એમ થાય તેમ નથી તેથી તો મારે જીવવુ નથી"
" એમ કરવાનું કામ માઠુ છે. તારે માટે તો બંને પક્ષે તકલીફો જ છે – જો આમ ડીપ્રેશન માં રહી જીવ છોડીશ તો અવગતે જઈશ અને ધર્મધ્યાન સાથે સમજ પુર્વક દેહ છોડીશ તો સૃજલ નહીં મળે એટલે તેને પામવા ફરી ભટકવુ પડશે ? "
"સૃજલ તો મારી સાથે આવશે…. અહીં નહીં અમે ત્યાં ભેગા થઈશુ જયાં મમ્મી નથી – દુનિયા ના દુઃખો નથી….."
દરેક ના મનમાં પ્રશ્નો હતા – અને તંદ્રા ત્યાં અટકાવી દઈ મહંતે જનકની સામે જોયુ – ભાર્ગવીની સામે જોયુ – માર્કંડ સામે જોયુ…. અને પુછ્યુ – "આ છોકરી જીવવા નથી માંગતી તેના કારણો સમજાય છે ? તમારા બાળકો ઉપર તમારા આગ્રહો એટલા જ મુકો જેટલા તેને જરુર હોય….."
થોડાક સમયની ચુપકી દોને અંતે ભાર્ગવી બોલી "સૃજલ કયાં છે તેની માહિતી મળી શકે ?"

મહંત ભાર્ગવી ના માતૃત્વ સમજી ગયા – અને માનસી ને તંદ્રામાં આગળ લઈ જતા કહ્યું – "સૃજલ ને બોલાવી લઈએ – જરુર પડશે તો મમ્મી ને જનક મામા સમજાવશે, પણ તમારી તપશ્ર્વર્યા ને મિલન સ્વરુપ મા ફેરવશું. એવુ બનતુ હું જોઈ રહ્યો છુ – હવે તો ઝાડ છુટશે ને ? "
માનસી બોલી – "મમ્મી ને દુખી કર્યા વિના સૃજલ મને મળે તે તો કલ્પના બહાર ની વાત છે... પણ તે પ્રભુકૃપાથી શકય બનશે.
માનસી ની વાત સાંભળી ભાર્ગવી એ મનોમન નક્કી કદી લીધુ કે દિકરી ને ઘડતા ઘડતા હવે એ થાકી ગઈ છે – દિકરી મા બની જાય અને મા દીકરી તો કેવુ ?
બે કલાક ની ઉંઘ પછી માનસી ઉઠી ત્યારે ભાર્ગવી – જનક અને માર્કંડ ત્યાં નહોંતા – ઘણા સમયથી ઉંઘ મળી ન હોંતી તેથી આ મોહનિંદ્રા એ એના મન ને ભરી દીધું હતું. તેના ચહેરા પર સ્ફુર્તિ હતી.
અલીશા જાણતી હતી સૃજલ ને..... અને ભાર્ગવી સૃજલ મળી – તેને જોઈ મનમાં તો નિ:સાસો નાખ્યો..... પછી નુકશાન માંથી ઓછુ નુકશાન કયુ તેમ વિચારી થંભી ગઈ. પુખ્તતા દેખાડી દિકરી ને સૃજલ સાથે પરણાવવી કે નહીં તેની ગડમથલો માં અચાનક તે બબડી પડી.... એ તો મને શું છુટી કરતી હતી – હું જ એને છુટી કરુ છું.....
માર્કંડ મા દિકરી ની દ્વીધા અને અર્થ ઘટનો અને તેના વિચિત્ર અંતો ને જોઈને ખીજવાયો – ભાર્ગવી તને ખબર છે ને **प्राप्तेषु षोड शे वर्षे पुत्रं मित्र वदाचरेत।**
સોળ વર્ષ પછી પુત્ર મિત્ર બને છે અને પુત્રી પણ સહીયર – હવે માનસી નાની નથી. એમને જતન પુર્વક ઉછેરી ને મોટા કર્યા – આપણા માબાપ નું આપણા ઉપરનું જે ઋણ હતુ તે પુરુ કર્યું. તેમને ભણાવ્યા પછી જયારે તેમની બુધ્ધી શક્તિ ખીલી ગયા પછી આપણા વિચારો ને સુચવવાના હોય – લાદવાના ન હોય. સૃજલ ને તુ નહીં સ્વિકારે તે નહીં ચાલે – હું બંને ને હસતા જોવા માંગુ છું તુ 1960 માં જે રીતે ઉછરી – જીવી તે રીતે માનસી ને ઉછેરી તે 2000 માં જયાં જમાનો ઘણો આગળ વધ્યો છે ત્યાં નાના નાના આગ્રહો ને છોડી આખુ ચિત્ર નવેસરથી જોવાની વાત ને સ્વિકારો....

ભાર્ગવી માટે કપરી કસોટી હતી – પણ સૃજલ બહુ જ આદરથી બોલ્યો – માનસી – મમ્મી અને પપ્પાના આશિર્વાદો વિના નવજીવન નથી શરુ કરવું.
ભાર્ગવી – નાં મનમાં સૃજલ નો વિનય સ્વિકૃત થયો અને મમ્મી એ માનસી ને મનથી છુટી કરી.
ખરેખર ઘણું જ કપરુ હોય છે આ પુત્ર કે પુત્રીને આપણા મોહપાશમાંથી અલગ કરવા..
જનકમામા હસતા હસતા બોલ્યા ચાલો છુટાછેડા દુર કરો અને લગ્નની તૈયારી કરો
લગ્ન નક્કી થાય છે અને માનસી મમ્મી ને પગે લાગે છે. ભાર્ગવી દુ:ખનાં ડુંગરો મો પર ધારીને કહે છે સૃજલ સાચવજે મારી માનસીને...
માનસી બોલી "મોમ તુ પણ સાચવજે..."

# જાગ્યા ત્યાંથી સવાર....



જતીન ભણેલો ગણેલો અને નિવડેલો બીઝનેસમેન હતો. પરંતુ હતાશા એ એને ચારે બાજુથી ઘેરી લીધો હતો. ડોકટરો ની દવાઓ અને તેની માઠી અસરોએ તેની ઉંઘ હણી લીધી હતી. પરંતુ અંતરિક શાંતિ તેનાથી હજારો માઈલ દૂર હતી. ભારતથી આવી ને 30 વર્ષમાં ઘણી સિધ્ધી એના કામમાં મેળવી હતી.

અમેરીકન પધ્ધતિ તેના વર્તનમાં ક્ષણેક્ષણે દેખાતી હતી – કલાક ના 250 ડોલરની કમાણી ની દોડમાં – કુટુંબ – તબિયત અને મનની શાંતિ – ધર્મ બધાનો નાશ અને ડોલરનો એક ધારા ધોધે એને સફળ તો બનાવી દીધો પણ.... એના અંતરમાં ચીસો એકધારી હતી – માબાપ ની જેમ પત્ની અને તેના બાળકો કયારેય સાથે ટેબલ ઉપર જમ્યા નહોંતા. ઘરમાં હોટેલ નું વાતાવરણ વધુ અને બાહ્ય દેખાડો વધારે હતા. ડોકટર, વકીલો અને સાઈક્રીયાટ્રીસ્ટ ને ફીમાં પૈસા જેટલા કમાણી થતી હતી તેટલી જતી હતી. ક્રુઝ, ગીફ્ટો અને પાર્ટીમાં આનંદ કરતા મનદુખો વધારે હતા. દરેક ને પોતાની પડેલી હતી – જતીન તેમને માટે પૈસા નું મશીન માત્ર હતો.

કયારેક તેના મનમાં પ્રશ્ન થતો હતો આ દોડ કોને માટે હતી – તેના દીકરા, દીકરીઓ માટે તેમના કુતરા બીલાડા માટે – આઈઆર એસ માટે કે તેના પોતાના માટે ? સમાજમાં તે સફળ હતો પરંતુ ધીમેધીમે તેનુ બેંક બેલેન્સ તેને તે નિષ્ફળ છે તેમ જણાવી રહ્યું હતું.

છેલ્લો ઘા તેને ત્યારે વાગ્યો જયારે તેના ત્રીજા ડાઈવોર્સ તેને હતાશાની ગર્તામાં ધકેલી દીધો. પહેલા લગ્ન નિષ્ફળ જવાનુ કારણ પૈસો હતો – બીજા લગ્નમાં પત્ની પાસેની અપેક્ષાઓ કરતા ફરજો વધુ હતી – ત્રીજા લગ્નમાં કંઈક દાડો વળે તેમ લાગ્યુ ત્યાં... જણાયું કે તે તો ક્ષણ માત્ર નો સગવડીયો આવેશ હતો... તેને મન તેના કરતા તેના ડોગનું મહત્વ વધુ હતુ – ભારતથી

લાવેલ તે ત્રીજી પત્ની તેને ગ્રીનકાર્ડ મેળવવાનું સાધન ગણતી હતી – જે મળી ગયા પછી.... તુ કોણ અને હું કોણ?

ખૈર.... એ કયાંક ભુલો પડ્યો હતો... તેને તે ભુલ મળતી નહોંતી. જયારે પણ ઉપાધી આવતી ત્યારે બાપાએ તેને મદદ કરી હતી – પૈસાથી – સમજણથી – અને લાગણીથી... તેથી તેણે ભારત જવાની તૈયારી કરી અને..... દેશમાં પહોંચ્યો.... બાપા એમના કુંડાળામાં વ્યસ્ત હતા... છતાય જતીન આવ્યો તેનાથી રાજી હતા. જતીન અને રણણીકભાઈ દસ વર્ષે શાંતિથી બેઠા જતીન ઘણા વર્ષે પાછો આવ્યો હતો. થાકેલો અને હારેલો –

રમણીકભાઈએ જતીન ને એક વાર્તા કહી...

નાનો બાળક તે સફરજન ના ઝાડ પાસે રોજ જતો અને ઝાડને તે ખુબજ ગમતુ... નાના નાના બાળકના કુણા કુણા પગલા ઝાડની ડાળીઓ ને ઝણઝણવતા હતા.... સફરજનની ડાળી પકડી તે બાળક ઝુલતો હતો. તેના સફરજન તોડી ખાતો હતો અને ઝાડના છાંયડામાં મઝાની કલાકેક ની ઉંઘ કાઢતો હતો. બાળક ને સફરજન નું ઝાડ ગમતુ હતુ અને ઝાડને તે બાળક... તેથી જયારે જયારે તે આવે ત્યારે પ્રેમથી ઝુલી ઝુલી ને કહેતુ – આવ-રમ મારી સાથે અને બાળક નાનો હતો ત્યાં સુધી રમ્યો.

હવે થોડુક મોટુ થયુ.... એક દિવસ ઝાડ પાસે આવીને ઉભો રહી કહે – મને રમવા રમકડા જોઈએ – તારી સાથે રમીને હું ધરાઈ ગયો છું. ઝાડ કહે મારી પાસે પૈસા તો નથી... પણ તું સફરજન તોડીને લઈ જા – પૈસા મેળવવા તે વેચી દે અને તારા રમકડા ખરીદી લે.... બાળક ના મોં ઉપર તરવરાટ અને ખુશી આવી ગઈ – ઝાડ તે ખુશી જોઈ ને ઝુમી ઉઠ્યું.

કેટલાક વર્ષો પછી તે બાળક યુવાન થઈ ઝાડ પાસે આવ્યો. ઝાડે તેજ લગની થી કહ્યું – ચાલ મારી સાથે રમ.... બાળક કહે હવે હું કંઈ તારી સાથે રમુ તેટલો નાનો નથી. હું કુટુંબ કબીલા વાળો છુ – અને મને ઘર બાંધવું છે. ઝાડ ગુંચવાયુ – મારી પાસે પૈસા નથી – હું કઈ રીતે તને મદદ કરુ તે સમજાતુ નથી – પણ – હા તુ મારી શાખાઓ કાપીને લઈ જા – તારા ઘરમાં તે જરુર કામ લાગશે.... નઠારો યુવાન – એ જોવા પણ ન રહ્યો કે તેની શાખાઓ વિના ઝાડ ઝાડ ન રહેતા ખાલી ઠુંઠુ રહી જશે.... એ ખાશે શું ? એનુ અસ્તિત્વ કેમ રહેશે..?

ઝાડને તો તે યુવાન ના મોઢા ઉપર દેખાતી ખુશાલી આભા ગમતી હતી....વર્ષોના એકાંત પછી ફરીથી ઝાડ પાસે તે યુવાન પ્રોઢ બનીને આવ્યો... મને બોટ જોઈએ છે – તારા થડમાંથી હું બોટ બનાવી ને સાત સમુદ્ર ની શેર કરીશ.... ઝાડ ફરીથી તે યુવાન ને કહ્યું...... ભલે તેમ કરતા તને આનંદ થાય તો તેમ કર....

કપાયેલ થડ ફરી પાછુ એકાંત વાસમાં સરી ગયુ... એક દિવસ તે પ્રોઢ સફેદ વાળ સાથે હતાશ વદને ઝાડ પાસે આવીને ઉભો. ઝાડ ની આંખમાં આંસુ હતા.... યુવાન ને તે આંસુ ન સમજાયા..... ઝાડે કહ્યું – મારી પાસે સફરજન નથી – પ્રોઢ માણસ કહે મને પણ દાંત કયાં છે ? મારી પાસે – ડાળ – શાળાઓ નથી.... મને તેની જરુર નથી – મારુ ઘર મારુ નથી રહ્યું.... ઝાડ કહે – થડ પણ જતુ રહ્યુ છે – હું તને કેવી રીતે મદદ કરુ ? મારે થડ નથી જોઈતુ – બોટ તો દરિયામાં ડુબી ગઈ.... હું તો હવે જિંદગી ના અંત ઉપર આવીને ઉભો છું – થોડીક શાંતિ

જોઈએ છે.... ઝાડ નાં મોં ઉપર થોડીક ચમક આવી – મારા મૃત:પ્રાય મૂળ ને તારા આરામનું સ્થળ બનાવ..... આખરે તુ મારી પાસે આવ્યો – તે મારા માટે આનંદના સમાચાર છે.

જતીન – રમણીકલાલ પાસે છુટા મોઢે રડી પડ્યો.... હા બાપુજી તે ઝાડ તમે છો અને એ કપાત્તર પુત્ર હું....

રમણીકલાલ કહે છે – ના. તું કંઈ કપાત્તર નથી. ફક્ત દ્રષ્ટિ બીંદુ અલગ છે. સુખી માણસ અને દુખી માણસ વચ્ચે ધર્મ કહે છે – જે તેના માઠા દિવસો માટે બચાવે છે. તેને માઠા દિવસો આવે જ છે. જે માઠા દિવસો માટે બચાવ્યા વિના જે આજે માઠા દિવસમાં છે તેને મદદ કરે છે તેને માઠા દિવસોમાં મદદ મળે જ છે. આ કુદરતનો અફર નિયમ છે.

જે પોતાનુ જુએ છે તેને કાયમ પોતાનુ જ જોવુ પડે છે. જે બીજા નુ જુએ છે. તેને બીજા જુએ છે. આ બે વિચારસરણ સળંગ છે. સાધુ સંતો જેમણે કદી પોતાનુ જોયુ નથી તો તેમને કદી પોતાનુ શું થશે તેવુ જોવુ નથી પડયુ – સમાજ તેમનુ પોષણ કરે જ છે. તેં તારો ચોકો અલગ બનાવ્યો. કાયમ સેલ્ફમેઈડ રહ્યો – કદી તે પૈસા માટે હાથ લાંબો નથી કર્યો અને તેથી જ તેં કદી કોઈને મદદ ન કરી – તાડ ની જેમ ઉંચો અને લાંબો થનાર માણસ જેના ફળ મોટા અને દુર કોઈને કામ ન લાગે જયારે વડ ની જેમ ફેલાતો માણસ અનેક વડવાઈઓ વડે ઘણે ફેલાય અને ઘણા જણાનો આશરો બને.

‘સ્વ’ નો આશરો સારો – આંતરિક વિકાસ માટે આધ્યાત્મીક ઉસ્થાન માટે સ્વમાન – સ્વાધ્યાય – સ્વાગત પરંતુ લૌકિક દુનિયામાં “સ્વ” ને ભુલે તોજ તમારુ ધાર્યું મળે..... પેલા ઝાડને બાળક ની ખુશી જોઈતી હતી – બાળક તેની પાસે રહે અને રમે તે જ જોઈતુ હતુ – તે અંતે થયુ ની જેમ જ.... તુ ભટકી ને પાછો આવ્યો.... મારો બધો અફસોસ લૂપી ગયો....

જતીન – તેના પિતાની ઉદારતાને જોઈ રહ્યો.... તેને તેનુ બચપણ યાદ આવ્યું... બંને જણાએ તેમની જુવાની ના દિવસો – બાળકો ના ઉછેરમાં ખર્ચ્યા. મોજ શોખને કદી મહત્વનો બનાવ્યો નહોતો – સદાય ધર્મ અને સાત્વિક વાતોથી બચપણ ભરેલુ રાખ્યુ હતુ.... પપ્પા – આ જોઈએ.... હા – બેટા લઈ આવશું – અને એ વસ્તુ ઘરમાં આવી જ હોય.....

ઉંમર વધતા – એ બાપા સામે – Its my life – Do not bug me…. I am grown up – જેવા તીરોથી તેમના હૈયાને છીણી નાખ્યુ – છતાંય જયારે જરૂર પડી ત્યારે – લોન ઓછી લો.. ન લો. કરકસર થી જરૂર પડી ત્યારે આપતા માબાપને જોઈ આદરથી તેનુ હૈયુ તેમને વંદી રહ્યું.

આજે જતીન ને સમજાયું કે ઘરમાં આવતા બ્રાઉન પડીકામાં અને માના રોટલામાં શું ફેર હતો. બ્રાઉન પડીકા માં એક ટાકો બેલ કે બર્ગરમાં – મા નું હેત નથી હોતુ તબિયત બગડે નહીં તેની તકેદારી નહોંતી. પશુની જેમ જીવાતી જિંદગીમાં પૈસો કદી ભેગો થયો નહીં – ડ્રાય કલીનર, હોટેલ – એપાર્ટમેન્ટ ના ભાડામાં, અને લોનો ના હપ્તા ભરી ભરી જિંદગી આખી નીચોવાઈ ગઈ પણ બે પાંદડે કયારેય ન થવાયુ.... સંપથી સાથે રહેવાય તો જે મઝા છે તે એકલ પેટુ થવામાં કયાંય નથી.... તે વાત તેને સમજી ગઈ તેથી ફરી પાછો ડુસ્કે ચઢ્યો.

રમણીકલાલે જતીન ને કહ્યું – પેલી વાર્તા હજી પુરી નથી થઈ.... પેલો વૃધ્ધ ઝાડના મૃત:પ્રાય સ્થિતિમાંથી નવપલ્લવિત કરવા મૂળમાં પાણી આપવા માંડ્યો ફરી નાનો બાળક બની વાતો કરવા માંડ્યો.... અને અઠવાડીયા માં થડ ઉપર બે ચાર કુંપળો ફુટી. નદીની આજુ બાજુ ના એ વેરાન ઉજ્જડ પ્રદેશમાં દસ બાર ખાડા ફરીથી ત્યાં નવા સફરજન ના છોડ વાવ્યા....

જતીન ને વૃધ્ધ બાપની અનુભવવાણીમાં નવુ જીવન મળતુ દેખાયું.... જે કામ હજારો રુપિયા ખર્ચા પછી ડોકટરો ન કરી શક્યા – તે હતાશા – બાપની અનુભવવાણીએ ક્ષણમાં દુર કરી નાખી.... જાગ્યા ત્યાંથી સવાર......... ( ગુજરાત ટાઇમ્સ-ન્યુ યોર્ક માં પ્રસિધ્ધ ટુંકી વાર્તા)

# ઝમકુબા



ઝમકુબા છત સામે તાકીને તેમના રૂમ માં વિચારતા હતા "મારો લાલજી – મારો લાલજી કરતા આખી જિંદગી મારુ મોં ના સુકાય.... અને એ લાલજીએ આજે મારા કેવાં હાલ કર્યા – રડતાં રડતાં વિચારતી હતી. છ છોકરાઓ અને ત્રણ છોકરીઓનાં બહોળાં પરિવારમાં કોણ જાણે કેમ મને ભરોંસો બેસી ગયો હતો કે બધામાં સૌથી નાનો લાલજી એને ઘડપણ માં જાળવશે....પણ હું કેટલી ખોટી પડી? "

સુમનરાય ના અંતિમ સમયે – સુમનરાયે કહ્યું પણ હતું – ઝમકુ – બધા તારા જ છોકરાઓ છે. લાલજી પાછળની તારી મમતાને કાબુમાં રાખજે. એ કંઈ તારો થવાનો નથી. પણ છતાયે મારી મમતાએ જાણતા અજાણતાં લાલજીમાં મારી જાત ને રમમાણ કરી દીધી – લાલજીનાં બે છોકરા માં પણ તેને લાલજીનું બાળ સ્વરૂપ દેખાતું – અને કાલી ઘેલી ભાષા માં તેને રમાડવા જતા – પણ લાલજી ની વહુ પેટ્રીસીયા ફફડતી...અને કહેતી કે બા તમને શ્વાસનો રોગ છે મારા દીકરાને આપી દેશો. તમે તેને રમાડવામાં મર્યાદા રાખો.... તમારા લાલજી ને તો દવાઓ કરાવ કરાવી ને સારો કર્યો છે – હવે એ બંને તમારા નહીં – મારા "લાલજી" છે તે ધ્યાનમાં રહે – તમે તો મમતામાં ભૂલી જાવ છો કે તે શોન અને પીટર છે –

અમેરિકામાં લાલજી લેરી પટેલ હતો. અને લેરી પેટ્રીશીયાને પરણ્યો હતો – કારણ કે સુમનરાય પટેલ નો વંશ તો આખા વિશ્વમાં પથરાયેલો હતો – બે છોકરી કેનિયામાં એક છોકરો ફીજી માં બે છોકરી ઇંગ્લેન્ડમાં એક છોકરી પનામા માં રહે – બધાના છોકરા છોકરીઓ સાથે આખુ કુટુંબ 70 નાં આકડે પહોંચ્યું – ઝમકુબા – બધે બોલાવાય.... પણ ઝમકુબા ને લાલજી ની માયા જબરી તેથી મન ત્યાં ખેંચાય.... પેટી હસતા હસતા કહે પણ ખરી – ગ્રાન્ડ મા – ગ્રો નથી થયા– એને લાલજી અને શોન એક સરખાજ લાગે.

સુમનરાયે – 1935 માં દોરી લોટા સાથે આફ્રિકા પ્રયાણ કરેલુ અને ઝમકુ તે વખતે 18 ની – કેનિયામાં નાનો વેપાર શરુ કરી પટેલ એન્ડ સન્સ ની ધીખતી પેઢી કરી. અંગ્રેજ ને જરૂરી દરેકે દરેક વસ્તુ નૈરોબી માં પટેલ એન્ડ સન્સ માં મળે.... 1935 થી 1952 છોકરા અને ઘરમાં કયાં જતા રહ્યા ખબર ન પડી – પણ 1952 માં લાલજી નો જન્મ થયો ત્યારે ઘરમાં અઢળક ધન આવ્યું અને પુષ્ટિ

માર્ગીય માન્યતાએ નાનકાને લાલજી બનાવી દીધો. નૈરોબીમાં માં મોટું મકાન – પૂરતી ગાડીઓ અને અંગ્રેજ પધ્ધતિ ઉછેર ને કારણે છોકરા મંડાતા ગયા – અને ધીખતો ધંધો નવા નવા સાહસો અને હિંમતથી સાત સમુદ્ર પાર ની સીમાઓ બનતો ગયો.

ઝમકુ ની જિંદગી માં લાલજી આવ્યા પછી ધર્મ ધ્યાન વધ્યું.... અને પેલી કોઈક ડૉક્ટર ની ઓપરેશનની પ્રક્રિયા પછી હવે નવા છોકરા ની ઝંઝટો રહેવાની નહોતી – કારણ કે લાલજી વખતે મોટી દીકરી પણ ભારે પગી હતો – અને શરમે મરી જવાતું હતું.... પણ ખેર નવ નવ છોકરા થયા પછી પણ મમતા શમતી નહોતી. એટલે બધી જ ભેગી થયેલી મમતા નાનીયા ઉપર ઉતરી. અને ગમે કે ન ગમે – પણ ઝમકુબા નો હુકમ થાય એટલે નાનીયો તેનું પાલન કરે જ કરે..... અને એમ મમતાનો છોડ – ઝમકુબા તરફ થી નાનીયા તરફ એક તરફી રીતે વધતો ગયો.... મોટો થતા લાલજી માની આ નબળાઈ પામી ગયો.... કે જયારે પણ લાભ લેવો હોય ત્યારે..... ઝમકુબા ના નામે મોટી ચીસ પાડવી અને જેમ અલાઉદીન ના ચિરાગ માંથી જીન આવે અને બધી માંગણીઓ પુરી થાય તેમ.... નાનકાની બધી માંગણીઓ ઝમકુબા પુરી કરે જ કરે.

સુમનરાય સમતાથી ઝમકુ ને કહે પણ ખરા – ઝમકુ આ બાકી ના આઠ પણ તારા છે.... તારી મમતાનો દોર નાનીયા તરફ વધુ છે. તને નાનીયો કયારેક તકલીફ કરશે... કોઈપણ વસ્તુનું અતિરેક પણુ સારુ નહીં....

ઝમકુબા – દરેકના પ્રસંગો યાદ કરી એમ સાબિત કરવા મથે કે મને લાલિયો ગમે છે પણ મારે તો બધાં સરખાં.... પણ હા – તે બધા સરખાં જયારે બહારના પરિબળો સામે ગણત્રી કરવાની હોય ત્યારે – જયારે નવે નવને ગણવાના હોય તો લાલીયો ખાનગી માં મેદાન મારી જ જાય..... ઝમકુબા મોટાને સમજાવે – હશે નાનો છે ને.....

75 માં વર્ષની જન્મદિન ઉજવણી વખતે આખુ સુમનરાય પટેલ પરિવાર એકઠુ થયુ હતું અને સુમનરાયને હાર્ટ ઍટેક આવ્યો. ફીજીમાં અક્ષય મોટી હોસ્પિટલ ચલાવતો હતો તેથી સુમનરાય અને ઝમકુબાને ફીજી લઈ આવ્યા. બીજા અને ત્રીજા ઍટેક વખતે લકવાગ્રસ્ત શરીર થી સુમનરાયની માવજત સારી રીતે થઈ. પરંતુ 80 વર્ષની વર્યે સ્વર્ગવાસ થયો ત્યારે ઝમકુબા 77 નાં. અને મમતા પાછી તેમને લાલજી ને ત્યાં લઈ આવી.

પેટી નું નુ મૂળનામ તો પ્રતિમા. તેનું પેટી થયુ – જેમ લાલજી નું લેરી થયુ. – અને શ્વાસનો રોગ જંપવા ન દે. કામ ધંધા ચાલે પણ પેટી બંને બાળકો ને બેબી સીટર પાસે મૂકે અને ઝમકુબા ઘરમાં એકલાં રહે તેથી મમતા ના સંઘર્ષો અંતિમ ચરણે પહોંચે. પણ પેટી એમ ગાંઠે શાની?

લાલજી એ તે દિવસે ઝમકુબા ને કહી દીધું. હું નાનો હતો ત્યારે સમજતો નહોતો કે તમને પણ ના કહેવું હોય તો કહેવાય..... તમે જેને મમતા કહેતા હતા તે તો નર્યો જુલમ હતો જુલમ.... મને ગોળ નો લાડવો ભાવે કે નહીં પણ – તમે લાડવા ખવડાવી ખવડાવી ને આ રાજરોગ ડાયાબીટીસ આપ્યો. તમે હવે એ ભૂલ સોન અને પીટર માટે તો ન જ કરાય ને....!

ઝમકુબા ની આંખમાં પહેલી વખત બોર – બોર જેવા આંસુ દેખાયા.. સુમનરાયના શબ્દો તેમના કાને પડઘાતા હતા. લાગણી ના પટારા ને બંધ કરવાના પ્રયત્નો માં ઝમકુબા.... ઝાટકો ખાઈ ગયા

સંતોની વાત યાદ આવી – ભગવાન પથ્થર સ્વરુપે તમારો પાસે ભાવના અને ભક્તિ નો ભુખ્યો છે. બાળક જેમ જેમ મોટું થતું જાય તેમ તેમ તેમની બુધ્ધી પણ સતેજ થતી જાય...

સંસ્કાર ના હોય તો કહી જ દે કે Leave me alone.... જેવો અઢારનો થાય ત્યારે તેને સમજતો બધી જ પડે પણ મમતાનું મોલ ન આપી શકાય તેથી માનથી તમને જોતો થાય આ સમયે – આપણે વળવું જોઈ – વાનપ્રસ્થાશ્રમનું પ્રયાણ સહજ રીતે કરવું જોઈએ. અને તેથી જ પ્રભુ જુદા જુદા સંકેતો દ્વારા તમને કહે છે ચેતો – બદલાવ – અને નહીં બદલાવ તો થપ્પડો ખાઈ ને બદલાવું પડશે. ઝમકુબા ક્ષણ માત્ર માટે તો ઠરી ગયા... પેટી ના વિચારો માં લાલજી આવું બોલે છે. બાકી તેને તો હું નસેનસમાં ઓળખુ ને ? આ તેના વિચારો નથી. જુની પેટી હવે ત્રાસ રૂપ લાગવા માંડી. મારો છોકરો પડાવી ગઇ. ઝમકુબાને હવે સોન અને પીટરમાં લાલજી ઉપરાંત પેટી પણ દેખાવા માંડી.... અને તે રાત ઝમકુબા રૂમમાં એકલ એકલુ ખૂબ રડ્યા.... સવાર પડી – રૂમ બહાર ન નીકળ્યા.... દસ વાગે પેટી આવી ને પૂછી ગઈ – બા – ઊઠો સેવા નો સમય થઈ ગયો....

છત ને તાકી રહેલા અને નખને ખોતર ખોતર કરતા ઝમકુબા ની મૌન સમાધિ 3 દિવસ ચાલી. લાલજી એ બહુ પૂછ્યું. ફીજી થી 3 ફોન આવી ગયા – કેનેડાથી દીકરીઓ ના પણ ફોન આવી ગયા. ઝમકુબા ઠીક નથી – કહી વાત ટાળતા – ડોકટોરો બધા ટેસ્ટ કરી ગયા બધું જ નૉર્મલ છે. પણ ઝમકુમા સમજી ગયા હતા – કે હવે કશું જ નૉર્મલ નથી. એકલાં પડે અને આંખમાંથી આંસુ નીતર્યા કરે. તેને તેની મમતાથી કરેલા અન્યાય યાદ આવ્યા. અને અંદરથી બહુ જ પોતાની જાત માટે દુર્ગંધ આવવા માંડી – એને એવું થવા લાગ્યું મારા ઉપર ધૂળ પડે છે.... ધૂળ પડે છે. અને ચોખ્ખા ચણાક જેવી ઝમકુબા શરીર ઉપર થી એ ધૂળ ખંખેરવા માંડી – એમનું આંતરિક મનમાં એ રીતે લાલજી ની માયા ખંખેરતું હતું......

લાલજી અને પેટીએ ફરી પૂછ્યું બા શું થાય છે ? ઝમકુબાની આંખમાં મમતા ને બદલે છેતરામણીનાં ભાવો હતા... ફરિયાદો હતી – એ બોલ્યા – તને ખંખેરુ છું.

પેટી – ધીમે રહીને બોલી – “બા નું છટકી ગયુ લાગે છે”.... ઝમકુબા – ખડખડાટ હસતા બોલ્યા.... હા – ખરેખર છટકી તો ત્યારે ગયુ હતું જયારે લાલજી માટે હું દુનિયા સાથે લઢતી હતી – આજે તો હજી ભાનમાં આવી છું તેથી તો તેને ખંખેરુ છું. આ થપ્પડ સહન કરતા ત્રણ દિવસ લાગ્યા..... હવે સમજાય છે એક વાત..... વ્યવહાર ની વાત – દરેક ઠેકાણે મોહ રાજા દગો કરે છે. મને દગો થયો છે – તને ન થાય તે માટે ભગવાન ને પ્રાર્થના કરુ છુ અને સાથે સાથે તારા રુપી મોહને ખંખેરું છું.

ભજન ના સુર ત્યારે રેલાયા.....

**પંખીડાને આ પીંજરૂં જુનું જુનું લાગે –**

**બહું રે સમજાવું તોયે પંખી નવું પીંજરું માંગે.**

# ખોટો રુપિયો જાય જ ક્યાં?







ઘણી વખત મને નવાઈ લાગે છતા ઘણા અજાણ્યા ચહેરાઓમાં મને જાણીતા ચહેરા દેખાય અને તે ચહેરા મન ભાવન થઈ જાયત્રણ વરસનો હોઈશ ત્યારે બા નાં ચહેરાને બસ અપલક તાકી રહેતો...થોડીક મોટી ઉંમરે લાગ્યું એટલે કે ચહેરા તો પિતરાઇ અને મસિયાઈ બહેનઓનાં પણ ગમે છે અને તેથી જ તો તેઓની સાથે બોર અને ગંડેરી વહેંચવી ગમતી. કોણ જાણે કેમ તે સમયે મારા ગોઠીયા મિત્રને મે કહી દીધુ યાર મને તો મધુબાલાનો હસતો ચહેરો ગમે છે. તે તો મારી સામે અજાયબી થી જોતોજ રહ્યો અને પછી ધીમેથી કહે યાર મને પણ મારા ઘરની બાજુમાં કલ્પના હસે છે તો બહુ ગમે છે. પણ આપણાંથી તેને એવુ તાકી ન રહેવાયને...અઢાર ઓગણીસની મુગ્ધતાનાં વરસોમાં તેને ભારતી, ભાવના અને મીનળ ગમતી ક્યાંય પ્રેમ કે જાતિયતાનો કોઇ આવેગ નહીં બસ તેઓને હસતા જોવાનું અને મલકવાનું. મારા લીસ્ટમાં ફિલ્મ અભીનેત્રી મધુબાલા પછી સાધના ઉમેરાઈ. થોડો પક્કો તો ખરો હું..મે બધા મિત્રોનાં આવા ગમતા ચહેરાઓ નવરાત્રી દરમ્યાન પકડી પાડ્યા હતા જેમ કે દિલિપને ચેતના ગમતી તો કપિલ નીલમ નીલમ  કરતો અને પેલો મહેશને શકુ ગમતી.

એક દિવસ ભાવનાનાં લગ્ન અમેરીકાથી આવેલ કીશોર સાથે થયા ત્યારે દરેકને લાગ્યુ.. આ ગમતા ચહેરાઓની ચોવટ છોડો અને હવે જીવન સાથી શોધો...બધા આમતો નબળા તેથી તેમના ગમતા ચહેરાઓની સાથે વાત કરવાને બદલે ન  ગોઠવાય્. તેની સાથે તે તો નાની છે.

એક દિવસ મોટી ઉંમરનો કીરણ બોલ્યો ગમતા ચહેરા એ તો જિંદગીનાં દરેક વણાંકો ઉપર મળશે પણ જે ચહેરો જીવન સાથી સ્વરુપે મળવાનો તે સત્ય અને બાકી બધી કલ્પનાઓ.જુઓ બહેનની બહેનપણી કે ભાઈનો ભાઇબંધ જો ગમતું પાત્ર હોયતો દીલ ખોલીને સાફ વાત કરી લેવાની નહીંતર ગાતો ચહેરો ગણીને તે પણ જતી રહી શકે.અને પાંચેય મિત્રો પાંચ અઠવાડીયામાં સગાઈનાં દોરે બંધાઈ ગયા.

ગમતા ચહેરાનું પ્રકરણ ત્યાર પછી પણ રાજેશે ચલાવ્યું અને ત્રણ વર્ષે છુટા છેડા થયા.

બાકીના બધાએ  એક જ રસ્તો અપનાવ્યો. તુ ભલેને હોયે કાણી પણ મારી તો તુ છે રાણી..તેઓનાં ઘરે હવે બીજી પેઢીએ ત્રીજી પેઢી પણ આવી છે.હવે ગમતા ચહેરાઓનાં નામો બદલાય તો પણ રાણી તો સદાય હર્દમ જબાન પર રહે છે..મારા ગમતા ચહેરાઓમાં માધુરી દિક્ષીત, ઐશ્વર્યા રાય અને જુલીયા રોબીન્સન આવી છે અને મારી પત્ની ને હું તેનાથી આગળ વધુ તે વાત માનવી જ નથી તેથી તો કહે છે “ખોટો રુપિયો જાય જ ક્યાં? મને ચીંતા જ નથી હમણાં જ પાછો આવશે...

પદ્ય અને ગદ્યના સમન્વયનો આ નવતર પ્રયોગને આપ માણશો તેવી આશાસઃ

**આવકારી શક્યા નહીં !-ડો.મહેશ રાવલ**

તફાવત હતો પણ, નિવારી શક્યા નહીં
સહારા ય છેલ્લે ઉગારી શક્યા નહીં

મુકદર જુઓ આપણું કે, અધિકતર
કદી સત્યને આવકારી શક્યા નહીં

પલળતું ગયું પોત ભીનાશ વચ્ચે
જરાકે ય એને નિતારી શક્યા નહીં

જુદી નીકળી ધારણાથી હકીકત
અને ધારણા, ફેર ધારી શક્યા નહીં

વકરતી રહી નિત અડાબીડ ઈચ્છા
વિષય ચાતરીને, વિચારી શક્યા નહીં

અસર વિસ્તરી ગઈ, અસામાન્ય રીતે
ઈલમ ઓળખીતાં ય, તારી શક્યા નહીં

Courtsey : http://drmaheshrawal.blogspot.com

# તારો અધિકાર

આ કવિતા વાંચતા પ્રાચી વિચારમાં પડી ગઇ. આ કવિઓને ક્યાંથી સમજાઈ જાય છે વણ કહી બધી વાતો… પેઢીઓનો તફાવત તો હતો તેથી જ તો બંને પોત પોતાનો બુંગીયો ફુંકતા હતા ને..તમે સમજો જરા..જમાનો બદલાઈ ગયો અને હજી તમે ત્યાંજ બેસી રહ્યા છો? તમે દેશમાંથી અમેરીકા આવીને બેસી ગયા પણ હજી દેશને ભુલતા નથી? હવે તો તમારા દેશમાં પણ આ બધુ થાય છે…તમારે જોવુ નથી…માનવુ નથી.હા દેવ આ બધુ કહેતોજ હતો..અને હું મારા અભિપ્રાયને સંસ્કૃતિનાં નામે એના ઉપર થોપતી ગઈ..મા દીકરાનો સબંધ મજબુત સહારો હતો છતા…તે તેને ઘરે છે અને હું ભાડાનાં ઘરમાં એકલી ફરૂં છું…

**તફાવત હતો પણ, નિવારી શક્યા નહીં**
**સહારા ય છેલ્લે ઉગારી શક્યા નહીં**

પ્રણવનાં ગયા પછી નાનો દેવ તો મારો સહારો હતો.. જીવવાનું બહાનુ હતો…પણ વરસોને જતા ક્યાં વાર લાગે છે..મારા મનમાં વસેલો નાનો દેવ આજે તો ડેટીંગ કરતો દેવ શર્મા છે…તેની સ્વપ્ન સુંદરી જેના ઇચ્છે છે તે બધુ દેવ કરે છે અને તે ઇચ્છે છે મા નામનું આ ઘેલુ પ્રાણી તેના દેવથી જોજનો દુર રહે..રોજ રોજ ફોન ન કરે.. રવિવારે ખાલી મંદીરમાં અલપ ઝલપ મળે…અને મુઈ હું જેને મારો માની રહી છું તે તો ક્યારનો કહી રહ્યો છે “મોમ ગ્રો અપ.. મારે હવે તારી જરુર નથી..મારી પણ જિંદગી છે..હું પણ ઝંખુ છું મારી જેના સાથે મારી જિંદગી જીવવાની..”

**મુકદર જુઓ આપણું કે, અધિકતર**
**કદી સત્યને આવકારી શક્યા નહીં**

પણ બેટા મને ક્યાં વાંધો છે તારી જેના સાથેની તારી જિંદગીનો..પણ હું સંપુર્ણ પણે તારી જિંદગીમાંથી નીકળી જઉ તે મને મંજુર નથી..તુ જેનાનો પ્રેમી બન પણ મારો દિકરો બનવાનુ કેમ ટાળે છે? મોમ ગ્રો અપ..અઢાર વર્ષનો થયા પછી અહી હજુ મોમ મોમ કરું તો અહી બધા હસે છે અને આ યુવા અવસ્થામાં મને ગમતુ મારું સ્નેહ પાત્ર તને ગમતુ થાય ત્યાં સુધી રાહ જોવી મને જરુર નથી લાગતી..તુ જ તો કહેતી હતીને ટેક ઈટ ઓર લીવ ઈટ. આજે મારે તને કહેવુ પડે છે મોમ..આઈ એમ લીવીંગ યુ.

પલળતું ગયું પોત ભીનાશ વચ્ચે
જરાકે ય એને નિતારી શક્યા નહીં

અશ્રુ તો ઘણાં નીતરી ચુક્યા..જોકે હવે તો દેવને ત્યાં પણ જ્હોન અને કેટરીના છે.. મને કોણ જાણે કેમ હજુ પણ જ્હોન ઉપર વહાલ આવ્યા કરે છે પણ જેના મને કહેતી રહે છે કે દાદીને હેરાન ના કરતો..હું કેવી રીતે સમજાવું કે મારું દેવ પર વરસેલા વહાલનો કેટલોક હિસ્સો હજી શ્વસ્યાં કરે છે મારા વહાલના દરિયામાં..તે મારા દેવનાં સંતાનો છે.. પણ જેના ને લાગે છે કદાચ હું દોરા ધાગા કરી તેના દિકરાને તેનાથી છુટો પાડી દઈશ..જેના તને કેમ સમજાવું..કે હું પણ મા છુ અને હું સમજી શકુ છું માતૃત્વને..અને આશા છે કે તુ પણ સમજ કે દેવ કે જે તારો પતિ પછી પણ તે પહેલુ મારું પણ સંતાન છે...

જુદી નીકળી ધારણાથી હકીકત
અને ધારણા, ફેર ધારી શક્યા નહીં

આજે મેં મારી અંદરની મા ને મારી નાખી..મારે દેવ તારા બાળકોની બેબી સીટર નથી બનવું. પ્રણવનાં ગયા પછી મેં આજે પહેલી વખત મને મેં મારી રીતે જોઈ. મને જિંદગી સાથે સમાધાન નથી કરવું. પ્રણવનાં ગયા પછી તને ભણાવ્યો ગણાવ્યો અને સમાજમાં ગર્વભેર જીવી શકે તેવો બનાવી મા તરીકે ની મારી જવાબદારી પુરી કરી. હવે હું દેશમાં જઈ મારા અત્માનું કલ્યાણ કરીશ..ભલેને તુ મને કહે "મોમ યુ આર એસ્કેપીંગ.."

વકરતી રહી નિત અડાબીડ ઈચ્છા
વિષય ચાતરીને, વિચારી શક્યા નહીં

દેવ! તુ મારુ પીંડ છે..તુ ઉણો ઉતર્યો એવુ કહેવુ ગમતુ નથી તેથી કહું છું મારી અપેક્ષા વધુ હતી..આ હ્રદયમાં સળંગ ઉઠતી મમતાને વારંવાર દાબવી અને નિઃસાસા નાખવા તે કરતા વિષય બદલીને જીવી જવું તે અમેરીકન વહેવારીક સત્ય સ્વિકારી લઉં છું. હા સાથે એક નિઃસાસા સાથે કહી દઉ..મારા મૃતદેહને આગ દેવાનો તારો અધિકાર હું છીનવી ને જઉ છું.

અસર વિસ્તરી ગઈ, અસામાન્ય રીતે
ઈલમ ઓળખીતાંય, તારી શક્યા નહીં

# સોહાગણની જેમ



બાને હોસ્પીટલમાં દાખલ કર્યા છે તેવો ફોન તો મોટી એ નાનકા ને કર્યો.

બા નુ મન ચકરાવે ચઢ્યું. ખાસ કંઈ છે નહીં આ તો એના બાપા બહુ અધીરીયા અને કંઈક ફરિયાદ કરો અને ડોક્ટરને ફોન કરીદે.. અલ્યા ડો જનકને કહેજો કાકી માંદા છે ઘરે આવી જાય અને જનક એમના ભાઈબંધનો છોકરો એટલે પાછો ફોન આવે કાકા શું થયુ? અને કાકા અહેવાલ તો આપે અને એ અહેવાલ પર જનક નિર્ણય લઈને કહે કાકા સાંજે આવીશ્.

સાંજ પડે મને સારુ થઇ ગયુ હોય છતા જનક કહે તો જ સાચુ..જોકે હવે તેમને પણ મારી કિંમત સમજાય છે અને મને પણ આ મોટી ડ રની થઈ એટલે ૬૩ વરસનો સંગાથ..એટલે એ એવા લાડ કરે તો ગમે.. પણ ઘણી વખત જમાઈની હાજરીમાં કહે આ નાનકાની બા તો જરાય સમજતી નથી. એને કેટલુંય સમજાવું કે હવે આ નાનકો જતો રહ્યોછે દુબાઈ અને મને કઈ ઉંચીનીચી થઈ ગઈ તો આ ઘરમાં બધુ ક્યાં મુક્યુ છે તેની ખબર રાખ ત્યારે બહુ લાજ આવે અને કહેવાની ઇચ્છા પણ થઈ જાય્ કે બળ્યુ તમને કંઈ ઉંચી નીચી થાય ત્યાં સુધી મારે કેમ જીવવાનુ? એ પુરી લીલી વાડી છે..આ મોટી તો દાદી થઈ ગઈ અને નાનકો પણ નાના થઈ ગયો…ચોથી પેઢી જોવા તો મારા બાપા પણ ક્યાં રોકાયા હતા?

સહેજ પડખુ ફર્યુ અને મોટી બોલી "બા"

"હં " મેં હુંકારો કર્યો..

" ઉંઘ આવતી નથી?"

"હા વિચારે ચઢી ગઈ છું"

"નવકાર ગણ ને"

“તે તો ચાલુ જ છે..પણ કેમ જાણે કેમ આ તારા બાપાને આટલી બધી મારી ચીંતાઓ થાય છે. ખાલી બે ઉલટી થઇ ને હોસ્પીટલમાં દાખલ કરી દીધી.”

“હવે તુ કાચનુ વાસણ છે ને બા તેથી?”

” મારા કરતા તો તેઓ વધુ મોટા છે પણ મને એમની એટલી ફીકર નથી થતી.”

” ખાલી બોલે છે તુ પણ!..બંને એ લાકડી પકડી લીધા પછી હવે અમે દુર થતા ગયા અને તમે લોકો બંને અમને ઇર્ષ્યા આવે તેવું સુખી જીવન જીવો છો.”

“લેણ દેણની વાત છે.. બાકી મારી ચંપાબેને સુવાવડમાં છોકરી છોડીને દેહ છોડ્યો અને સત્તર વર્ષની ઉંમરે આવી હતી આજે ૭૯ થયા પણ તેમનો સ્નેહ મારા માટે કદી ઘટ્યો નથી.”

બા રાતના બાર વાગ્યા.. તમે સુઈ જાવ્. . તમને ઠીક તો છેને?

હા. તુ સુઈ જા અને મને હમણા દવાની અસર થશે અને હું પણ સુઈ જઈશ.

મોટી સહેજ આડે પડખે થઈ અને ભગવાનનૂ નામ લેતા લેતા સહેજ આંખ મળી અને સપનુ શરુ થયુ…ચંપાબેનની પન્નાને તે ઉછેરતા હતા અને મોટી આઠમે મહીને હતી.. પન્નાને તાવ હતો અને ઉતરવાનુ નામ લેતો નહોંતો..બહુ પ્રયત્નો છતા તે ના બચી. તે વખતે મારી બા કહેતી હતી જમાઇ બાબુને સાચવજે.. એક પછી એક એમ બે ઘાત ગઈ છે. મોટી બરોબર વીસમે દિવસે આવી અને પહેલી વખત તેમને હસતા જોઈ મને આનંદ થયો..સમયનુ ચક્ર ફરતુ જાય છે. મારી બા બહુ ખુશ છે મારા જમાઈ એક લીલી નોટ કમાય છે એને લેવા મુકવા સરકારી જીપ આવે છે. મોટા સાહેબ છે. ઓગણીસ વર્ષની વયે મુગ્ધતાથી જોતી મને હું સ્વપ્નમાં જોઉં છુ.

હોસ્પીટલમાં પાળી બદલાઈ હશે અને નવી પાળીની નર્સ આવીને જોઇને કાગળમાં માં લખી ને જતી રહી.. મોટી થોડુક સળવળીને સુઈ ગઈ. આંખો હજી પેલુ સ્વપ્ન સાચવીને બેઠી હતી..તે ચિત્રપટની જેમ ચાલુ થયું.. મોટી પછી છેક આઠ વર્ષે નાનકો રહ્યો..વચ્ચે ત્રણ કસુવાવડે શરીર ભાંગી નાખ્યુ હતું એમની નોકરી ફરતી રહેતી તેથી ઘર ચલાવવાનુ અને સંભાળવાના કામો કરતા કરતા નાનકો કોલેજમાથી ગ્રેજુએટ થઈને આવ્યો ત્યારે તેમણે શ્વાસ હેઠો મુક્યો. હાશ! જિંદગીનાં બધા કામો પુરા થઈ ગયા.. મોટીને સાસરે વળાવી અને નાનકાને ભણાવ્યો અને ગણાવ્યો..

ચાલ હવે થોડુંક આપણે આપણી જિંદગી પણ જીવીયે…

મને થયુ તો આટલુ આ ૩૫ વર્સથી તો જીવ્યા જ કરીયે છે ને..તો કહે આ બધુ આપણે સંતાનો માટે જીવ્યા..હવે નોકરીમાંથી રીટાયર થઈને આપણું ગમતુ કરવાનુ..એમ ગમતુ કરવામાં તિર્થાટનો.. ધર્મસ્થાનો..અને તેમને ગમતા સમુદ્ર કિનારાનાં બધા ભરતીનાં પરપોટા જોતા જોતા તે બોલતા પણ ખરાકે

“મોજાની આવન જાવનની જેમ એક દિવસ આપણે પણ પરપોટાની જેમ ફુટી જઈશું ને? ”અને હું બોલી

“પણ તમે જાવ તે પહેલા હું જવાની ચૂડી ચાંદલા સાથે સોહાગણની જેમ્”

..તે દિવસે તેમને મને ખુબ જ વહાલથી જોયુ હતુને બોલ્યા પણ હતા કે

“મૃત્યુ ક્યાં આપણા હાથમાં છે? તારા કરતા ૫ વર્ષે મોટો છું ને.. કદાચ મારો નંબર વહેલો લાગી જાય તો…”

સવાર પડી ગઈ છે..મારુ સ્વપ્ન હજી આગળ્ ચાલે છે..મને બા અને બાપા દેખાય છે. આવી ગઈ બેટા…મોટૉભાઈ, ચંપાબેન અને પન્ના પણ દેખાય છે.. અને મેં મલકતા અવાજે વાત શરુ કરી…એમની..

ત્યાં આ રડારોળ શાની છે. મોટી અને નાનકો બંને હીબકા ભરે છે ડોક્ટર જનક માથુ હલાવે છે અને કહે છે કાકી ગયા…

હું એકદમ હલકી થઈ ગઈ છું..

એમનો અવાજ ભારે છે અને નાનકાને છાનો રાખતા કહે છે.

.“તે તો સુહાગણ ગઈ છે તેને માથે ચાંદલો કરો. મોડ પહેરાવો અને શણગાર કરો..પ્રભુએ કેવુ ઉત્તમ મોત આપ્યુ છે ન કોઈની ચાકરી લીધી  ન પીડાઈ અને સુતા સુતા જ દેહ છોડી ગઈ.

.”Please find this story being published in Sandesh Ahmedabad sanskar purti 20/12/2008

# આડ અસર



દિવાન ખંડમાંથી વિદ્યા બુમો મારતી હતી.. અરે સાંભળો છો?
કોમ્પ્યુટરમાં ખુંપેલો શિવમ્. બે ત્રણ બુમે ચલાયમાન થયો.. રોજ્ની જેમ સાથે બેસવા અને તેની લ્યુસીનાં શોમાં બેસવા બોલાવતી હશે માનીને તેણે કહ્યું
"શું છે? મને સંભળાય છે હું બહેરો નથી.."

ત્યાં તો ધમ ધમ કરતી વિદ્યા મારા રુમમાં આવી પહોંચી…તુ ય ખરો છે શિવમ ઘરમાં આગ લાગી જાય તો ય તારુ રૂંવાડુ ય ન ફરકે. શિવમે ઠંડા કલેજે કહ્યુ..જો આગ લાગી તેમ હોય તો તુ મને બુમો ના પાડે ૯૧૧ ખખડાવતી હોય્… ચાલ વાત કર શું થયુ છે?

આપણા છાપરા ઉપરથી તડ તડ તડ્ અવાજો આવે છે..હું બહાર નીકળ્યો ત્યારે તડ તડ અવાજો ચાલુ હતા પણ ઘરનાં છાપરા પર નહોંતા બાજુની શેરીમાંથી સંભળાતા હતા. હું શાંતીથી મારા કોમ્પ્યુટર તરફ જતો હતો ત્યાં

"પણ શિવમ આપણે જોવુ તો જોઈએ ને એ થાય છે શુ?"

કચવાતા મને મેં શર્ટ પહેર્યુ અને ઘરની બહાર નીકળ્યો..તો રોજની જેમ શેરી સુની હતી કોઈ બહાર નહોંતુ અને વિદ્યાનો બબડાટ્ પાછો શેરી તરફ વળ્યો.."કેવા છે આ લોકો કોઈને પડી જ નથી… આ તડ તડ અવાજો હજી આવે છે ને કોઈ શેરીમાં દેખાતુ પણ નથી અને આ જો સામે ધુમાડા જેવું ય દેખાય છે.."
"મને લાગે છે કોઇ વાદળ છે…" મારો કંટાળો અવગણીને તે બોલી
"મને તો આતંકવાદીઓ ક્યાક હુમલો કરતા લાગે છે"
મેં તેને કહ્યુ.."આતંકવાદીઓને અહી આ સોસાયટીમાં શું મળવાનુ છે…કદાચ પેલી ફટાકડાઓની દુકાન સળગી હશે.."
ત્યાં સાયરનો વાગવા માંડી. પોલીસ ક્યાંક આવી ગઈ અને મને મારુ કોમ્પ્યુટર ઉપર વાત કરતો હતો તે યાદ આવ્યું.. અને વિદ્યા બોલી "તુ ગાડીની ચાવી લે અને ગાડી બહાર કાઢ. ચોક્કસ બાજુનો લીકર સ્ટોર ઉપર જ મશીનગનો ચાલી છે અને પેટ્રોલ પંપ લુંટાયો છે.
મેં કહ્યું "વિદ્યા તને શું થયુ છે.. તુ અને તારુ ઘર બંને સલામત છેને…. ? સાયરનો વાગી એટલે પોલીસ આવી ગઈને?હવે આપણે બહાર નીકળવાનું શું કામ્?"

”ના. પણ જાણવુ તો જોઈએને? હા તેં લાઈટની મુખ્ય સ્વીચ બંધ કરી? આપણી સોસાયટી વાળા પણ ખરા છે કોઈ સળવળતા સુધ્ધા નથી…”

ગાડી કાઢીને ૧૫ કીમી નાં ઘેરાવામાં આવેલા બધા પેટ્રોલ પંપ, ફટાકડાની દુકાનો અને લીકર સ્ટોરની પરક્કમા કરી ઘરે આવ્યા સુધી વિદ્યાને કશું મળ્યું નહીં.. તેની આ જિજ્ઞાસા હતી કે ભય તે શિવમ નક્કી ન કરી શક્યો..છેલ્લે મેં તેને કહ્યું “આમ પેટ્રોલ બાળવા કરતા તુ ૯૧૧ પર ફોન કરી લેજે…”
ઘરમાં દાખલ થયા પછી મેં તેને પુછ્યું “વિદ્યા આટલા વર્ષોમાં આજે પહેલી વાર આટલુ વિચિત્ર વર્તન મે જોયુ..”ત્યારે તેના ચહેરા ઉપર ભય કરતા વધુ ચેળાઇ ગયુ તેવો ભાવ સ્પષ્ટ હતો અને તેથી સ્વગત બોલી..
“જબરું થઈ ગયું? શિવમ તેં તો સાંભળ્યા હતાને તે અવાજો..તે સાયરનો..?

ડૉ ગાંધીને મેં પુછ્યુ ત્યારે તેમણે કહ્યું કદાચ મનોપોઝની આડ અસર હશે…નાની વાતે ભયભીત થઈ જવાય તે સામાન્ય છે

# પદાર્થ પાઠ



Picture Courtsey Mahendra Shah Pittsburg

તે સમજી શકતી નહોંતી કે લગ્ન પહેલા અને લગ્ન પછી આટલો માણસ બદલાઈ જઈ શકે...સ્મીતાને મન તો સપ્તપદીના સાત ફેરા એટલે સાત ભવનું બંધન..જ્યારે હર્ષનો હરખ તો હનીમુન પુરતો પણ ન રહ્યો..સ્મિતાને મન હર્ષ એટલે સાત દરિયા જેટલી યુવા તરસોને ક્ષણ માત્રમાં ઈલમી હાસ્યથી દુર કરતો જાદુગર...કઁઇ કેટલાય શમણા સજાવતી નવવધુ ભારતથી આવી પણ અમેરિકાની ધરતી પર મુકતાજ સ્મિતા ને બીજા હર્ષનો અનુભવ થયો


"સ્મિતા કસરત કર નહિંતર તારી મા જેવી જાડી થઈ જઈશ"
"સાવ ગમાર છે તેં હજી પેરીસ જોયુ નથી?"
"તારા બાપાએ લગ્નમાં જેટલો પૈસો વાપર્યો તેના કરતા તેટલા ડોલરની સીડી કરી હોત તો લેખે લાગત"
"સાવ ખાલી હાથે આવતા તને લાજ નથી આવતી"
"તુ નોકરી કરવા જાય તો ગાડી તારા બાપને ઘરેથી લાવવી હતીને?"
"ઘરે તારા તુ શેની પૈસા મોકલવાની વાત કરે છે ?"
"તારા ભણતરની લોન મારે કેમ ભરવાની?"
સ્મિતા અમેરિકા નિવાસનાં નાં પાંચમે દિવસે સમજી ગઈ કે લગ્ન પહેલાની મીઠી મીઠી વાતો કરતો હર્ષ ખરેખર તો પૈસા ભુખ્યો છે. હવે લગ્ન થઈ ગયા ક્યાં જશે?નો ભ્રમ તોડવા સ્મિતાએ પહેલુ ઘુરકીયું કર્યુ..
"હર્ષ તને ખબર છે લગ્ન એટલે શું?"
"સપ્તપદીનાં ફેરા દરમ્યાન બ્રાહ્મણ તને સમજાવતો હતો ત્યારે ઉંઘતો હતો?"
"હું પરણીને તારે ત્યાં આવી છું. મારી ફરજ તને જમાડવાની, તારુ ઘર જળવવાનુ અને તારો વંશ વધારવાનો.. અને તારી ફરજ હું જીવુ ત્યાં સુધી પાલવવાની અને ઘર માટે કમાવાનુ."

હર્ષને લાગ્યુ કે આ ગમાર તો જબરી છે.

હર્ષે તેની મમ્મીને વાત કરી
“આપણને તો એમ કે સહેજ દબડાવશું ને તેના ઘરેથી દાયજો લાવશે પણ આ તો લાવવાવાળી આ નથી.”

થોડીક ચણભણ ને અંતે બે લાખ ડોલરની માન હાનીનાં દાવા સાથે પંદર જ દિવસ્માં સ્મિતાએ ઘર છોડ્યું. આખી જિંદગી કમાતી છોકરીના પૈસે ઘર ચલાવશુ નાં નપાણીયા હર્ષે ભુંડી નામોશી અને બદનામી સાથે બીજે મહીને છેડા છુટા કર્યા...ગમાર અને દેશી છોકરીઓને ફસાવતા નપાણીયા અમેરીકા બોર્ન કન્ફ્યુઝ્ડ દેશીને આવો પદાર્થ પાઠ શીખવતી સ્મિતા આજે સ્વમાન ભેર ભારત ભેગી થઈ અને ૭૮ લાખ રુપિયા ઉપર મજાથી જીવન જીવે છે

# એવા વીરલા કો'ક...




નવી નવી પેઢી જમાવવી તે સહજ વાત નહોંતી અને તે પણ મશીન ટૂલ્સમાં કે જ્યાં ગળાકાપ સ્પર્ધામાં પૈસા વિના તે તો લગભગ અશક્ય જ કે તે કામને અખીલે પોતાનુ સર્વસ્વ બનાવી દીધુ અને ઓછા નફે બહોળો વહેપારની રણ નીતિ અપનાવી નાના ખોબલા જેવી ઓફીસમાં ભાણા ને સાથે લઈને કામ શરુ કર્યુ. જબાને સાકર અને વહેવાર ચોખ્ખો વેપારી જામતા વાર ના લાગી પણ તે બહુ જ ફરતો અને દરેકે દરેક વાતમાં સાચી સલાહ આપતો અને પૈસા કરતા સબંધોને વધુ મહત્વ આપતો પ્રશાંત તે દિવસે સી જે ટુલ્સના ચેરમેનને પ્રભાવીત કરી એજન્સી મેળવી લઈ શક્યો.

એજન્સી હાથમાં આવતા વિશ્વાસ વધ્યો અને બેંકમાં શાખ વધી. જે આવકો નોકરી છોડ્યાને કારણે અસ્થિર થયેલી તે સ્થિર થઈ.

છો બેનો નો સૌથી નાનો ભાઈ
પત્ની અને બે પુત્રીઓનો પિતા

કુદરતને શું સુજ્યું કે એક પગે એક હાડકુ રોજે રોજ વધે.. એક ઓપરેશન, બે ઓપેરેશન, ત્રણ ઓપરેશન થયા પણ જેમ ઓપેરેશન વધે તેમ રોગ ઘટવાને બદલે વધ્યા જ કરે. ઘણા ઈલાજો થયા પૈસા પાણી ની જેમ વહ્યાં. દુખતા પગે પણ સ્કૂટર ઉપર ધંધાની દોડતો એવીજ..સહેજ જો ઢીલો પડે તો એજન્સી જોખમાય...

તે દિવસે ખુબ જ લોહી વહી ગયું ડોક્ટર પાસે ઓપરેશન ઉપરાંત કોઇ જ ઈલાજ નહોંતો ડોક્ટરે કહી દીધું વધતુ હાડકું કીડનીને નુક્શાન કરે છે તમે હવે આરામ કરો કે ભ્ગવાનનુ નામ લો કારણ કે બોન કેન્સર હવે છેલ્લા તબક્કામાં છે. બધી બહેનો ની રડારોળ સાથે પત્ની અને બે પુત્રીઓની ચીંતા..ને શરુ થયો જીવલેણ કેન્સર સાથે ખરાખરીનો જંગ.  બને તેટલુ રોકાણ ફીક્ષ અને બોંડમાં ફેરવાયુ.

ભાણેજ ને છુટો કર્યો અને તેની દુકાન માંડી અપાવી પત્નીને ધંધામાં બેસી સમજાવવા માડ્યું કે ગમે તે થાય આ પેઢી તુ જીવે ત્યાં સુધી રહેવી જોઈએ..આ મારી અન્નપુર્ણા છે અને તે તમને પણ પાળશે.

પત્ની ખુબ જ સહે છે તે ખબર હોવા છતા તેને કહેતો આ દેહ નાં દંડ છે દેહે ભોગવવા પડે છે..હું ગમે તેટલી વેદના ભોગવુ તુ બહુ જ મજબુત રહેજે..જતા જતા છેલ્લે એટલે કહુ છું મને આત્મા અને દેહને છુટો પાડવાની પ્રક્રિયા પ્રભુ શીખવાડે છે.તે શીખતા  મારુ હૈયુ તમને ત્રણેયને જોઈને વલોવાયા કરે છે. પ્રભુની મહેરબાની થી ઘર ગાડી બધુ લોન મુક્ત છે ધંધો પણ ધીખતો છે.. ખાલી પડેલી બાકીની જિંદગી લાંબી છે..મારી વિધવા બનીને જિંદગી તુ ન કાઢીશ.. જો યોગ્ય પાત્ર મળે તો હું તો રાજી થઈશ.

પત્ની ચોધાર આંસુ એ રડતી રહી અને બાળકની જેમ નાડી દાયણ કાપે તેમ વિધાતાએ છ મહિનામાં પ્રશાંત જતો રહ્યો..અકથ્ય વેદના છતા મન પર અને આત્મા પર કોઈ બોજ લીધા વીના તેણે જાતને સંકોચી લીધીતે સમય દરમ્યાન જાતે રોજ મણબંધી કેળા કેટલાય અબોલ પ્રાણીઓને ખવડાવતો રહ્યો અને મનમાં અને મનમાં પ્રભુને પ્રાર્થતો કે સૌનું કલ્યાણ થાય

કેન્સરના કેટલાય દર્દીઓ પોતાના શરીર ઉપર બંધાયેલ ટાઈમ બોંબને ફાટતા પહેલા  કંઇ કેટલીયે વાર મરતા હશે પણ પ્રશાંત તો વીર હતો તે મૃત્યુને પણ પોતાના આત્મબળે જીવી ગયો તે વાતની ખબર મને ત્યારે પડી જ્યારે ડોક્ટરે કહ્યુંકે તેનુ છેલ્લુ ઓપેરેશન તદ્દન નિષ્ફળ હતું અને તેઓ માનતા હતા કે તે દસ પંદર દિવસ્નો મહેમાન છે. પણ તે ત્યાર પછી ખાસુ જીવ્યો લગભગ નવ મહીના .. અને જેટલુ ધર્મ ધ્યાન, વટ વહેવાર અને કુટુંબ વહાલ અમિ વહેવડાવ્યુ..ત્યારે મનમાં અવાજ ઉઠે હા એવા વીરલા કો’ક…

**સત્ય ઘટનાનાં આધારે..**

# પપેટ

## પત્તાનો મહેલ

પત્તાનો મહેલ બનાવવા બેઠો

એક પછી એક ગોઠવાતા પત્તા
એકબીજાના ટેકે ઊભા
એકબીજા ઉપર ઊભા

ક્યાંક રાજા, ક્યાંક રાણી
ક્યાંક લાલ, ક્યાંક કાળી


ઊંચાઇ વધતી ચાલી
અને વધતી ઊંચાઇ સાથે
વધતુ ગયુ મારુ જતનપણ

ઠંડી પડેલી હવા
આ તમાશો જોઇને
ગાલમાં હસતી હતી

અચાનક, એક સહજશી થપાટ
ના, જેની ભીતિ તો ક્યારનીય વરતાતી હતી
એવી એક થપાટ અનેઅને બધુય કડડભૂસ

સ્મશાનવત શાંતિ ચોતરફ ઊંધાચત્તા પડેલા પત્તાઓની
ચોતરફ લાશો અનેઅને એમના ઢગલામાં ઉદાસ હું

-હેમંત પુણેકર



આ કવિતા વાંચતા જ કેમ આશ્કાનુ મન ઉદાસ થઇ ગયુ. તેનો અંશ, તેનુ સ્વપ્ન તે ધારતી હતી તેના કરતા વિપરીત વર્તતો હતો. આજે તો તેણે હદ કરી નાખી હતી.
‘મમ્મી તુ એમ ન માનતીકે તુ ના પાડીશ અને હુ સોફીયાને છોડી દઇશ. મારે જો એની અને તારી વચ્ચે પસંદગી કરવાની હશેને તો હું તને છોડી દઇશ એને નહીં.તેથી એવુ ન કરીશ કે મને તેને માટે તને છોડવી પડે.’
૨૦ વર્ષની કાચી ઉંમર અને ઇશ્કી સમુદ્રમાં ગળાડૂબ અંશ આ સોફીયાનાં ચઢાવે ચઢેલો છે. મા તરીકે તેને થયુ કે આ નાનુ બચ્ચુ સાપને દોરડુ માનીને ખેલી રહ્યો છે. તેને જ્યારે સાપ કરડ્શે ત્યારે થતી વેદનાનાં ભય થી ખુબ ગભરામણ થઇ. પહેલા પ્રયત્ન તરીકે તેને ગમતા અને સોફીયા વચ્ચેની કડી રુપ પપિ ‘જ્હોની’ને આવવાની મનાઇ ફરમાવી.પરિણામ એક મહીનામાં જુદુ એપાર્ટમેંટ યુનીવર્સીટી નજીક લીધુ અને ઘરે આવવાનુ ઓછુ કર્યુ...
૨૨ નો થયો ત્યારે સેલ્ફોન ઉપર આશ્કાએ તેને બોલતા સાંભળ્યો ‘

હની! મમ્મી તો પાંદડુ છે તે તો ક્યારે ખરી પડશે ખબરે ય નહીં પડે હું થડ તારી સાથે છું ને પછી તારે ચીંતા શું કરવાની?’
૨૫ વર્ષે સોફીયાનાં બાપે આશ્કાને ખખડાવતા કહ્યુ
‘પાંચ વર્ષથી તેઓ ડેટીંગ કરે છે અને તમે હવે ના પાડો છો?’
આશ્કાએ કહ્યુ ‘અમે તો ક્યારેય હા પાડીજ નહોંતી સોફીયાને પણ તે ખબર હતી છતા તે વળગેલી રહી તેથી તો તેનુ ચરિત્ર સારુ નથી તેમ કહીયે છેને..’
‘તમારો છોકરો તેને વળગેલો રહ્યો છે’
”હા તેથી જ તો ડર છે ને કે તેને જ્યારે સાપ કરડશે ત્યારે તેનુ શું થશે?’

તે સાંજે અંશે ફોન ઉપર જણાવ્યુ
'મમ્મી! મેં તને કહ્યુ હતુ ને કે તુ નહી માને તો હું તને છોડી દઇશ?
રડતા અવાજે આશ્કા બોલી 'પ્રભુ તને બચાવે!'

પછીની વાત તો સાવ સામાન્ય છે અમેરીકામાં જેને મેલ્ટીંગ પોઇંટ કહે છે. હની મુક્ત મને દેવા કરે છે અને અંશ ભારતીય પતિ તરીકે બધુ હની હની કરીને ભરે છે અને ઘરમાં પ્રાણીસંગ્રહાલયનાં અનેક પેટ સાથે પપેટ બની ને રહે છે.

કદાચ આ તેનો પત્તાનો મહેલ છે જેને હજી હવાની થાપટ નથી વાગી.

# એક કાવ્ય- મનીષા જોષી



હું મોટે ભાગે રસ્તા પરનાં મકાનોમા રહી છું
અડધી રાત્રે આવતા જતા વાહનોનો અવાજ
મેં સાંભળ્યા છે
શહેરો બદલાયાં એમ એ ટ્રાફીકનો લય પણ બદલાયો.
ઘણી વાર રાત્રીના બીજા-ત્રીજા પ્રહરમાં
કવેળા ઊંઘ ઊડી જાય ત્યારે, હું જોયા કરું
રસ્તા પર દોડ્યે જતી એ રંગ બેરંગી ગાડીઓને
એમાં બેઠેલા લોકોના ચહેરાઓમાં મને રસ નથી
કે ન તો એમની મુસાફરીના કારણોમાં
મને માત્ર ગમે છે,
મારી બારીમાંથીદેખાતા રસ્તાનાં એ એટલાક ભાગમાં
સડસડાટ પ્રવેશતી અને ઓઝલ થઈ જતી ગાડીઓને જોવાનું.
પણ, ગઈ કાલે રાત્રે થયું એવું કે,
હુંતો ભર ઊંઘમાં સુતી હતી.
ત્યાં રસ્તા પર પૂરપાટ દોડતી એક મોટર ગાડી
મારા શરીર પર ફરી વળી
કોઈ કારણ નહીં, કશુ જ નહીં
મારા રુમ અને રસ્તા વચ્ચેની દીવાલ જાણે કે તૂટી પડી
રાત ભર હું પડી રહી રસ્તા વચ્ચે.
અને એક પછી એક રંગબેરંગી મોટરો
મારા શરીર પરથી માર્ગ કરતી રહી.
મને હજીયે ખબર નથી,
એ મુસાફરો કોણ હતા અને ક્યાં જતા હતા.

"સંધી"માં આ કાવ્ય વાંચ્યુ
બીજી વાર વાંચ્યુ અને કાવ્યની પૂખ્તતા અને કથાનક સમજાયુ...જિંદગીમાં ઘણા મુસાફરો આવે અને જતા રહે અને ખબર પણ ન પડે કે તેઓ શું કામ આવ્યા અને કેમ જતા રહ્યા...આગાઉ હેમંત

પૂણેકર ના કાવ્ય "પત્તાનાં મહેલ" ઉપરથી મને એક લઘુકથા સ્ફુરેલી લગભગ તેજ અવસ્થામાં અત્યારે છું અને સર્જાય છે લઘુકથા

## કુંવારા મન નો માણીગર..


આમ્રપાલી આમ તો નગરવધુ જ હતી.પણ તેને એક તરસ હતી કોઈક તો એના હ્રદયને ચાહનારુ અને સમજનારું ક્યારેક તો મળશે. સોળમા વર્ષે કોયલનાં ટહૂકાથી તેને પીયુ સાંભરતો..તેના હ્રદયમાં પોતાના સાથીની ખેવનાઓ કોળતી જતી હતી ..તેના સ્વપ્ના નો સાથીદાર ક્યારેક "રાજકુમાર" ચિત્રપટનો નાયક હતો તો ક્યારિક "આરાધના" ચિત્રપટનો નાયક્..

શાળાના વાર્ષિકોત્સવો અને નવરાત્રીના મેળાઓમાં તેના મન નાં માણીગરને શોધતુ કુંવારુ મન સુરેશ, રાજેશ્, કેયુર અને આકાશની વચ્ચે ભટકાયા કરતું.

વર્ષો વીતતા ગયા અને તે દરેક્ના દેહની તરસ શમાવતા શમાવતા તે ક્યારે શાંતા માસીના ચક્કરમાં આવી ગઈ તે તેને સમજાયુ નહીં.વર્ષો વીતતા ગયા માસીઓ અને ગામો બદલાતા ગયા
રાત ભર હું પડી રહી રસ્તા વચ્ચે
અને એક પછી એક રંગબેરંગી મોટરો
મારા શરીર પરથી માર્ગ કરતી રહી

પણ ક્યાં ખોવાયો છે મારા કુંવારા મન નો માણીગર..

# ગામફોઇ



Picture courtsey: Mahendra Shah Pittsberg PA

.૫૫ વર્ષની કૃષ્ણવદનભાઈની પત્ની સુભદ્રા એ આપઘાત કર્યો.. કશુંક પી લીધું હતું અને બે છોકરા મા વિનાના થઈ ગયા.બે વહુઓ સાસુ વિનાની અને ત્રણ પૌત્રો અને એક પૌત્રી દાદીમા વિનાના થઈ ગયા.પોલીસને પત્રમ પુષ્પમ અને હોસ્પીટલના ખર્ચા ને અંતે કૃષ્ણવદન્ નાં બેંક ખાતામાં ૩ લાખ ઘટી ગયા પણ જેલ અને વકીલોની તકલીફ જતી રહી

નીતાને કૃષ્ણવદન ઉપર બહુ જ ગુસ્સો આવતો હતો તેથી તે બેસણામાં ના ગઈ.મનો મન સુભદ્રાના અત્માને વૈકુંઠધામ આપો પ્રભુની પ્રાર્થના કરીઆ ને સુભદ્રાની જીવન કથા મમળાવવા બેઠી.. સુભદ્રા છેલ્લા દિવસોમાં બહુ ઉદાસ રહેતી..વરંવાર કહેતી મારે તો મરી જવુ છે. નીતા તેની હતાશાને બે ત્રણ વાતો કરી હળવા કરવા મથતી. પણ સુભદ્રા તો હતી ત્યાં અને ત્યાં..તે દિવસે તે બોલી પણ ખરી હું મરી જઉં તો હું તો છુટુ અને તેમને બીજીને લાવવાનો રસ્તો મળેને?

નીતા બોલી પણ ખરી સુભદ્રા બેન એવુ ના વિચારો ૫૮ વર્ષે કંઇ તેમને બીજી કોઇ ના મળે..

કૃષ્ણવદનભાઈએ તેરમુ પત્યુ અને કોર્ટમાં લગ્ન ની અરજી દાખલ કરી ત્યારે નીતાને ગાંધારીની જેમ આંખે પાટા બાંધીને બેઠેલા ખોખલા સમાજ ઉપર ખુબ જ ગુસ્સો આવ્યો…ખુબજ ધુંધવાઈ અને તેણે પોલીસને ફોન કરીને જણાવ્યુ કે સુભદ્રાને બળજબરીથી ઝેર પાયુ છે કૃષ્ણવદન ભાઈએ..

નીતા ને ઘણા બધા લોકો એ ખખડાવી.. આ શું શરુ કર્યુ છે તેં.. અને એ કૃષ્ણવદન સાથે આપણે શું પંચાત્ પોલીસે તો ત્યાં સુધી કહ્યું વિના પુરાવાને આધારે તારી વાત હવામાં ઉડી જશે.

ત્યારે નીતા ફક્ત એટલુ બોલી મને ગાંધારીની જેમ આંખે પાટા બાંધીને બેસવુ ગમતુ નથી, મને ખબર છે કૃષ્ણવદને તેને ઝેર પાયુ છે.

કૃષ્ણવદન નાં બેંક ખાતમાંથી બીજા ચાર લાખ ઘટી ગયા.
ભીનુ સંકેલાઈ ગયુ અને
નીતાને ભાગે ખોટુ આળ આવી ગયુ..
તે તો ગામફોઇ છે.

પણ તેનો ગુસ્સો વેડફાઈ નહોંતો ગયો..
મીરાબેને કૃષ્ણવદનને લગ્નની ના પાડી રખડાવી દીધા હતા….
ગામફોઈઓ પણ ક્યારેક ગામનુ ભલુ કરી જતી હોય છે.
પૈસા હોય એટલે કંઈ બધુ ના કરી શકાય્..તે પાઠ ખોખલા સમાજને શીખવાડી ગઈ

# આશાનો ચમત્કાર



રાધા અને ગોવિંદનું લગ્નજીવન આમ તો સુપેરે આનંદ દાયક હતુ. નાની નીરા રાધાની આબેહુબ નકલ હતી અને મોટો દિકરો જગત ગોવિંદ જેવો.. અમેરિકાનું નાનુ ગામ જ્યાં રબરની ફેક્ટરીમાં એન્જીનીયર ગોવિંદ મોટો સાહેબ હતો..નીરા કોલેજ નાં પહેલા વર્ષ માં અને જગત માઈક્રો સોફ્ટની કંપનીમાં ઇન્ટર્ન તરીકે સ્વિકારાઈને સ્થિર થતો જતો હતો.

રાધા ડે કેર ચલાવતી હતી તે દિવસે થોડી ચિંતીત હતી કારણ કે તેની મેનેજર લ્યુસીએ રાજીનામુ આપ્યુ હતુ અને નજીકમાંજ પોતાની ડે કેર સંસ્થા શરૂ કરી હતી અને ગોવિંદનો ફોન આવ્યો. સવારથી તે ચાલવા જાય છે પણ સ્થિર ઉભા નથી રહેવાતુ..
રાધાએ કહ્યું "હું આવી જઉં?"
ગોવિંદે કહ્યુ "લંચમાં સમયસર આવી જજે!"
બપોરે જ્યારે રાધા ઘરે પહોંચી ત્યારે ગોવિંદ સુતો હતો અને રાધાએ ઝટપટ રોટલી બનાવી. શાક અને કઠોળ ફ્રીઝમાંથી કાઢી માઈક્રો વેવમાં ગરમ કરવા મુક્યુ. રસોડામાં થતા અવાજો સાંભળી ગોવિંદ ઉઠ્યો અને સહેજ ચાલવા ગયો અને જમીન ઉપર ફસડાઈ ગયો. રસોડામાંથી રાધા દોડતી આવી પણ ગોવિંદને હાથ ઉપર થોડુ વાગ્યુ અને લોહી નીકળતુ હતુ. રાધાને ગભરામણ તો થતી હતી અને એકદમ સ્વસ્થ ગોવિંદને વિના કારણ ચક્કર આવે અને ગબડે તેનુ કારણ રાધાને સમજાતુ નહોંતુ...
ગોવિંદ ને જરુરી પાટા પીંડિ કરી બંને સાથે જમવા બેઠા.
રાધા કહે "લ્યુસી જતા જતા આખા સ્ટાફ ને લઈ ગઈ હવે ૩૦ જેટલા છોકરા અને એક ઘરડી માર્થા રહી છે."
ગોવિંદ કહે " તારુ લાયસંસ જતુ રહ્યુ તેથી તો લ્યુસી રાજા થઇ ગઈ. ચાલ જવાદે હવે બહુ કામ કર્યુ હવે ડે કેર બંધ કરી દે.
"પણ..જગ્યાનુ ભાડુ..ચાર ઓરડા ભરીને રમકડા અને સાજ સજાવટ ફર્નીચર..કેટલુ બધુ રોકાણ ખાડે જશે"
" મને ખબર છે..આપણે પ્રયત્ન કર્યો..પણ આ પરવાના રાજમાં પરવાનો ગયો એટલે આવુ ન થાય તો નવાઇ લાગે..આ દેશમાં પ્રોફેશનલ રહે તે જ ચાલે. બુધ્ધિ લાગણીનાં ખોળામાં કદી નથી બેસતી..! તારુ જે થવાનું હોય તે થાય પણ મને તક મળી તો તે મેળવવા તારા ભોગે પણ હું આગળ નીકળુ નીકળુને નીકળુ જ."
" મારુ મન માનતુ નથી. લ્યુસીને ફરી મનાવી જોઉં.."

"તારે પ્રયત્ન કરવો હોય તો કર પણ પાણીનું નામ ભુ છે. એ જે રીતે આખી સંસ્થાને તેની સાથે લઇ ગઇ તે તો બતાવે છે કે વધુ સમય બગાડવાને બદલે સડ્યું ત્યાંથી કાપો અને ખોટ ઘટાડો વાળી વાત અપનાવો"
જમી રહ્યા પછી ડો રાણાને ફોન કરી બોલાવ્યા હતા તેમણે જોતાની સાથે કહ્યું-
"નજીકનાં મોટા ગામમાં લઇ જાવ કાન નો નવો રોગ છે. તાબડ તોડ માવજત થશે તો ઝડપથી પાછુ વળાશે."

સમયની ગંભીરતા સમજી લ્યુસીને ફોન કરી બાકી રહેલા બાળકો અને ઘરડી માર્થાને લઇ લેવાનો નમ્ર આગ્રહ કર્યો..લ્યુસી બાળકોને લઇ જવા રાજી હતી પણ માર્થાને નહીં કારણ કે તેની ઉંમર વધુ હતી અને તેને લે તો કામ ઓછુ અને પગાર વધુ આપવો પડેને..?

માર્થાને ફોન કરી કહ્યું ગોવિંદની તબિયત બગડી છે અને તે ડે કેર બંધ કરશે..તુ સારી નોકરી શોધી લે અને રાધા જોઇ શકતી હતી કે બાસઠ વર્ષની માર્થાની આંખમાં આંસુ હતા..હવે આ ઉંમરે તેને નોકરી ક્યાં મળવાની હતી? કલાકનાં સાત ડોલરમાં તેનુ શું થશે? રાધાએ તેને દિલાસો આપતા કહ્યું લ્યુસીને વાત કરી છે તુ તેને મળી આવજે.. અત્યારે તો ગોવિંદને લઇ તેને જવુ પડશે..રાધા મનથી તો સમજતી હતી કે માર્થાને તે જવા દઇને પોતાને પણ તે નોકરીમાંથી કાઢી રહી હતી.હવે શુંનો પ્રશ્ન એને પણ નડતો હતો.

ડો જેક્શન ડો રાણાનાં ગુરુ હતા અને તેમનુ નિદાન પણ એજ આવ્યું વાઇરલ ઇંફેક્શન છે દવા લો આરામ કરો અને આ રોગ જતો રહે તેના સમયની રાહ જુઓ.. કેટલાક રોગ દવા વિના અઠવાડીયે મટે તો દવા સાથે સાત દિવસે..! દવા તમને થોડુ ઘેન આપશે પણ આશા રાખીયે કે સારુ થઇ જાય... શનીવારે નીરા અને જગત આવી ગયા..રાધાને સારુ લાગ્યુ પણ તે વિચારી શકતી નહોંતી કે ગોવિંદને આ અચાનક શું થઇ ગયુ?

અઠવાડીયાનાં મહીના થયા અને મહીનાઓ વિતતા વરસ થયું..હવે તો ગોવિંદની નોકરી પણ જશે જે એંસી ટકા ડીસેબીલીટીની આવકો આવતી હતી તે પણ જશે..ડો. રાણાના કહેવાથી સાતેક વર્ષ પહેલા લીધેલો વિમો પ્રીમીયમ વધુ હોવાથી પગારનાં સાહીઠ ટકા કરાવી હતી ત્યાં મેડીકલ ચેક અપ અને અન્ય માહીતિ ભરી લાભો મેળવવા અરજી કરી. નોકરી તો ગઇ હતી અને તે બેકારી ગોવિંદને માનસિક તાણો આપતી વળી વારે વારે પડી જવાની ધાસ્તી અને સ્થિર વસ્તુ સહેજ પણ હલે તો ગોવિંદને પડી જવાની બીકથી રાધા તેને એકલો મુકતી નહોંતી. ગોવિંદને રાધાની આ વધુ સજાગતા અને કાળજીથી બહુ જ તકલીફો થતી. પરંતુ સમજતો પણ્ થયો કે આ તેનો પ્રેમ હતો..તેને કોઇ તકલીફ પડે અને જે થોડુ ઘણું સ્થિરતા તરફ જિંદગીનું વહેણ ચાલ્યુ છે તે રુંધાઇ જશે.
રાધાએ જગતને કહ્યું અમે તુ જ્યાં કામ કરે છે તે શહેરમાં આવી જઇએ કે જેથી ફરી થી સાથે રહેવાય.. જગત ને થોડીક રાહત થઇ મમ્મી સાથે હશે તો "બ્રાઉન બેગ"નાં ખાવામાંથી બચાશે..તેને આમેય અમેરીકન ખાવાનુ ભાવતુ નહોતું..જે દિવસે નોકરી ગૈ તે દિવસથી વિમાનું આરક્ષણ મળ્યુ અને જગતને ગામ રવાના થયા

વરસ ના હવે તો વરસો થવા લાગ્યા પણ કોઇ ચિન્હ નથી કે સારુ થાય. કોઇકે કહ્યું આયુર્વેદ કરો તે અજમાવ્યુ, કોઇકે કહ્યું હોમીયો પેથ કરો. તે પણ કર્યુ.. ગોવિંદ એકલો પડતો ત્યારે તેના શારીરિક

પછાતપણાથી કૃધ્ધ થતો. તેને જાતે ગાડી લઇને ફરવા જવુ હોય. પણ જવાય નહી..તેના વર્તનમાં તોછડાપણુ આવી જાય ત્યારે રાધા ઉપર ઘણો ગુસ્સો કરે..રાધા તેને તે વખતે બબડતો છોડીને પ્રભુ સામે પ્રાર્થના કર્યા કરે..તેને વાળે સમજાવે પણ ફરીથી તે આવેગો આવે અને ઘર કલાકો માટે વ્યથાનું કાળુ ડીબાંગ વંટોળ બની જાય.
એક વખત નીરાની હાજરીમાં ગોવિંદ ઉત્પાતે ચઢ્યો..મારે હવે કોને માટે જીવવાનુ? મારી આ ઘરમાં જરુર શી? બીચારા થઇને મારે જીવવુ નથી.ત્યારે નીરા બોલી પપ્પા આપણે આપણા એકલા માટે તો જીવતા નથી હોતાને? તમે જે વેઠો છો તેના કરતા વધુ વેઠતા માણસોને જુઓ તો ખબર પડે કે સુખ શું છે? તમે આશા છોડી દીધી છે પણ મને ગળા સુધી આશા છે કે એક દિવસ તમારો આ વાઇરસ જતો રહેવાનો છે.ઘણી જીભા જોડી છતા ગોવિંદ ન જંપ્યો અને બધાની ના છતા જાતે ગાડી લઇને નીકળ્યો. નીરાને મમ્મીની દશા ઉપર ખુબ જ રડવું આવતુ હતુ.
રાધાએ તેને છાની રાખતા કહ્યું..એકલતા અને પરાધીનતા જો ગોવિંદે જન્મ થી જોઇ હોત તો આ ઉત્પાત ન હોત..પણ આ મળ્યા પછી છીનવાયેલી આઝાદી છેને તેથી..તેણે આશા છોડી દીધી છે મેં નહીં.મને ખબર છે જિંદગી બહુજ લાંબી છે અને તેને રડતા રડતા જીવો કે હસતા હસતા જીવવી તો પડે જ છે. તો પછી હસતા હસતા જ જીવવુ જોઇએને?
ગોવિંદ પાછો આવ્યો સાથે પોલીસને પણ લાવ્યો..તેનુ ડ્રાઇવર લાયસંસ જપ્ત થયુ હતુ...ગુસ્સાથી તેનો ચહેરો લાલ ધુમ હતો..તે તેની જાત ઉપર ખુબ જ કૃધ્ધ હતો..નિષ્ફળતા અને બેકારી તેને ડંખતી હતી.રાધાએ તેને પાણી આપ્યુ અને નાના બાળકને છાવરતી હોય તેમ તેને પંપાળતી રહી..

નીરાને પપ્પા પર ખુબ જ ગુસ્સો આવતો હતો અને મમ્મીની બહુ જ દયા..તેની આંખમાંથી પણ પાણી સરતા હતા.

.
જગત અને નીરા તે દિવસે કશુ બોલ્યા નહીં પણ મનથી નક્કી કર્યું કે રોગીની વર્તણુંકને નહીં તેના રોગને મારો..દિવસનાં અઢાર કલાકમાં ગોવિંદને કદી એકલો નહી રાખવાનો અને કદી તેની માનસિક કુદશાને યાદ નહી કરાવવાનુ. હંમેશા આશાવંત રહે તેવુ વાતાવરણ રાખવાનુ..દવા ચાલુ દુઆ ચાલુ અને વહાલની વર્ષા ચાલુ..ચેસ, કોમ્પ્યુટર, કેરીઓકી ,ભજન અને ફેમીલી પાર્ટીઓ ચાલુ કરી..અને દરેક મિત્રોની મદદ થી તેનો રોગ ભયંકર નથી વાળી વાતો કહેવડાવા માંડી..ગોવિંદ મુળે હતો ટોળાનો માણસ અને તેને એકલો પાડી દીધો તે તો મોટી વ્યથા હતી..તે ખીલતો ગયો..

દિવાળીની વહેલી પરોઢે નીરા અને જગત પગે લાગવા આવ્યા ત્યારે પપ્પા અતિ પ્રસન્ન હતા.રાધાની આંખમાં હર્ષનાં આંસુ હતા..આઠ વર્ષની કપરી કસોટીને અંતે બધાની તપસ્યા ફળી હતી.
તે સ્વસ્થતાથી અરધો કલાક ગબડ્યા વિના અને રાધાનો હાથ ઝાલ્યા વિના ચાલ્યો હતો. રાધાએ કદી આશા છોડી નહોંતી અને તે આશાનો જ આ ચમત્કાર હતો
(સત્ય ઘટનાનાં આધારે)

published in"Utsav" divyabhaskar

# મિત્રવૃંદમાં..



રક્ષાબંધન ના દિવસે ટપાલમાં તેના નામની રક્ષા જોઇને કુણાલ ચમક્યો. તેને તો પુરી છ બહેનો હતી. કૃતિ તેનાથી બે વરસે નાની પણ એક જ કોલેજમાં બધા સાથે ધમાલ મસ્તી કરતા. કૃતિની બહેનપણી રન્ના તેને ગમતી હતી મનમાં તે ઇચ્છતો હતો કે કોલેજમાંથી બહાર નીકળે અને રન્નાને પોતાની જીવન સંગીની બનાવે. રન્નાએ રક્ષા મોકલી તેથી પહેલાતો તે હચમચી ગયો. મનમાં પોતાની લાગણીઓ વ્યક્ત ન કરી તેનો અફસોસ પણ થયો.

તેણે સ્વસ્થતા કેળવી અને સ્નાન કરી ભગવાન ને દિવો કર્યો તે દિવાનાં ઘીમાં રક્ષા મુકી અને તેને ધીમે ધીમે નાની જ્યોતમાંથી મોટી જ્યોત થતા જોઇ રહ્યો.

આ બાજુ કૃતિ પણ ભગવાન નાં મંદિરમાં પ્રાર્થના કરતી હતી. કેયુરનો ફોન હતો તે કૃતિ પાસે રક્ષા બંધાવવા આવતો હતો. ને ભાઇ બહેન જે ઇચ્છતા હતા તેથી વિરુધ્ધ થઇ રહ્યું હતુ. તે સમજી નહોતાં શકતા કે આ ચાલી શું રહ્યું છે?

કેયુર આવ્યો ત્યારે કૃતિએ તો સ્પષ્ટ ભાષામાં કહ્યું “કેયુર મેં તને ક્યારેય ભાઇની દ્રષ્ટી થી જોયો જ નહોંતો.. “
કેયુરે ખમચાઇને પ્રશ્ન કર્યો “તો કેવી નજરે જોતી હતી?”
કૃતિ કહે “તારા જેવા સંપૂર્ણને પામીને હુંતો સંસાર માંડવાનાં મતમાં હતી”
ફરી પાછુ ફેરવી તોળતા તેણે પુછ્યું “પણ આ રાખડી બંધાવાનો વિચિત્ર ખ્યાલ આવ્યો ક્યાંથી તે જરા કહીશ?”
મને પેલી ત્રેતા ખાળતી હતી તે કહેતી “ભાઇબંધની બહેન ને આ સ્વરુપે ન જોવાય. એટલે ચોક્કસાઇ કરવાનો આ કુવિચાર આવ્યો..

કુણાલ નું મન કેયુરની વાત થી સ્વસ્થ થઇ ગયુ એણે રન્નાને ફોન પર કહ્યું ” તને બાદલે ભડકાવી છે કે શું?”
રન્ના કહે હા તેઓ કહેતા “મિત્રવૃંદમાં આવુ બધુ સારુ નહીં”
કુણાલ કહે ” હવે તાળો મળે છે..”
ણ તને હું સ્પષ્ટ કહીં દઉં “મને તુ ગમે છે તે પ્રીતની રીત છે
ભાઇ બહેન વાળી વાત નથી. બોલ તુ શું કહે છે?”
રન્ના એકદમ રાજી થઇ ને બોલી ” મને પણ તુ એજ રીતે ગમે છે”

સાંજે બાદલ અને ત્રેતાને કૃતિ અને કુણાલે વ્યંગમાં કહ્યું -
“મિત્રવૃંદમાં તમારી વાત સાચી છે પણ અમે આજે છૂટ લઇને અમને ગમતા પાત્રો સાથે વિવાહ જાહેર કરવાનાં છીયે.બાકીનાં બધા હવે અમારે માટે ભાઇ બહેન....”

કદાચ ત્રેતા અને બાદલને માટે રક્ષાબંધનનો દિવસ પરોક્ષ રીતે હ્રદયભંગનો દિવસ બની ગયો હતો.

# બોંબ બ્લાસ્ટ




તે દિવસે અલ્પા અને નિરવ નાનકડા સેતુને લઇને ખુબજ ઝઘડ્યા. આમતો તેમનુ જીવન બે સમાંતર પાટા જેવુ હતુ. ક્યારેય કોઇ વાત પર એક મત નહીં.નિરવ અને તેનુ કોંપ્યુટર્ જ્યારે ચા પીવાની તલપ લાગે ત્યારે નીચે આવવાનુ અને સેતુને ચા ઉકળે ત્યાં સુધી રમાડવાનો. ગબડાવવાનો અને ટી બ્રેક પતે એટલે પાછો તેના "ક્લીકો"નાં વનમાં એક કલાક ગુમ થઇ જવાનુ. રુપીયાનો ઢગલો થતો પણ અલ્પા હંમેશા કહેતી ઘરેથી કામ કરવાનો મતલબ એવો નહીં કે ચોવિસ કલાક એકનુ એક "ક્લીક્..ક્લીક્" કર્યા કરવાનુ.સેતુ પહેલા હું છુ અને ઘર ગ્રુહસ્થી છે.

નિરવ અલ્પાને કહેતો આ ક્લીક ક્લીક છે તેથી તો રુપીયા ઘરમાં આવે છે અને આ સ્પર્ધાના જમાનામાં જ્યારે તમને કામ મળતુ હોય તો મ્હોં ધોવા જનારાને તકલીફ થતી હોય છે. સેતુનુ બચપણ જતુ રહેશે તુ અને હું ક્યાં જતા રહેવાના છીયે.સહેજ ધંધાને ધીરો પડવા દે.હમણાં તો ટાઇમ જરા પણ બગડવા દેવાય નહીં. અલ્પા તેની બહેનોનાં જીવન જોઇ નિઃસાશા નાખતી અને બબડતી પણ ખરી કે આના કરતા કોઇ બેઠી નોકરીવાળાને પરણી હોત તો એટલુ તો સારુ હોત કે સાંજ પડે વર ઘરે આવે અને સાથે બેસીને ટી.વી. સીરીયલ તો જોવાય...

ડેડ લાઇન ને પહોંચી વળવાની ધમાલમાં તે દિવસે અલ્પાએ સોંપેલ કામ સેતુની દવા લાવવાની તેનાથી રહી ગઇ.આ વાતે વતેસર કર્યુ અને માંદા સેતુને લઇને તે ખુબજ લઢી પછી ખુબજ રડી અને કાંદીવલી તેના પિયર જવા નીકળી ગઇ.
અલ્પાને નિરવ બહુજ ગમતો પણ તેના આગ્રહયુક્ત વલણો નિરવને ત્રાસરુપ થઇ જતા તેથી કહેતો સેતુને મુકીને તારે જ્યાં જવુ હોય ત્યાં જા તેથી આજે અલ્પા સેતુને ધરાર જીદ કરીને લઇ ગ્ઇ.જો કે તેના મનમાં તો એવુ હતુ કે ડેડ લાઇન પતી જાય ત્યાં સુધી સેતુ માંદો રહે તે કેમ ચાલે?
નિરવને અલ્પાની જીદ ગમતી નહોંતી અને ખાસ કરીને કામના સમયે તો બીલકુલ જ નહીં. આજની રડારોળથી તો તે ત્રાસી ગયો હતો અને એમાં પાછુ હાર્ડ ડ્રાઇવ ક્રેશ થયુ તેથી બધોજ

ગુસ્સો અલ્પા પર ઉતર્યો અને વલવલાટમાં નિઃસાસો નંખાઇ ગયો. ‘સમજતી પણ નથી અને વચ્ચેથી ટળતી પણ નથી.’

કંટાળીને નીચે ચા પીવા ઉતર્યો અને સેતુની યાદ આવી તે તો હતો નહી તેથી ટી.વી. ચાલુ કર્યું અને તેને ફાળ પડી. બૉંબ બ્લાસ્ટ્થી આખુ મુંબઇ ખળભળી ગયુ હતુ અને આ અલ્પુડીને આજે જ કાંદિવલી જવુ હતુ..મન એક વિચિત્ર પ્રકારનાં અવઢવથી ખીન્ન થઇ ગયુ.

સેલ્ફોન પર ફોન કર્યો.. રીંગ વાગ્યા કરતી હતી. મનમાં ને મનમાં પોતાની જાતને ખુબજ ભાંડી.અલ્પા તુ સાચ્ચી છે..હું જ રુપીયા પાછળ ઘેલો થયો હતો. પરમાત્માને કેટલીય વખત યાદ કર્યા અને માફી પણ માંગી લીધી. કાંદીવલી ફોન કરીને વાત કરવાની હીંમત કરતો હતો ત્યાં ફોન રણક્યો." નિરવ ટેક્ષી નહોંતી મળી એટલે બચી ગઇ છુ."

અને નિરવ છુટ્ટા મોઢે રડી પડ્યો..અલ્પાને પણ નવાઇ લાગી પણ ત્રણ વરસનાં લગ્નજીવનમાં પહેલી વખત એને સારુ લાગ્યુ કે નિરવ સેતુને એકલાને નહીં તેને પણ ચાહે છે. ટેક્ષી કરીને તે ઘરે પાછી વળી ગઇ.

# નંદવાયેલુ વાસણ



પવનની ઝડપે સમાચાર ફેલાઇ ગયા કે શાંતિલાલ્નાં મોટા છોકરા ભાર્ગવને cancer જણાયુ. cancer એટલે cancel નાં ભાવો આપો આપ આવી જાય..દયા કરુણા અને અરેરાટીની ભાષા સંભળાતી અને બંને નાના ભુલકા અને તેમની મા ભાર્ગવી પણ મુંઝારો અને અકળામણ વેઠતા હતા. ભાર્ગવ સાથે સંકળાયેલા સૌ એક પ્રકારનો ભાર વેઠતા હતા. ચીનની લડાઇ વખતે એક પછી એક નીકળતા જતા ચીની જ્વાનોની જેમ એક પછી એક ટેસ્ટ સુચવાતા જતા હતા અને બે મહીના પછી આજે નિદાન આવી ગયું કે ફેફસામાં cancer છે.
ભાર્ગવને ભાર્ગવી અને મોંટુ અને પીંટુ સાથે બા અને બાપુજીનાં ચહેરા દેખાતા હતા...દરેક્ને માણસ ખોવાનું દુ:ખ વઢી ચઢીને દેખાતુ હતુ. ભાર્ગવી હવે મારું શું થશે કરીને રડતી હતી..હું એકલી જાત આ બંને ને કેમ મોટા કરીશ અને કેમ જીવીશ નો પ્રશ્ન હતો..જાનકી બા ને તૈયાર થયેલો કમાતો છોકરો ખોવાનો અને ઘડપણેમાં કેમ જીવાશે નું દુ:ખ હતુ.

શાંતિબાપાને તો દિકરો ગુમાવવાનું તો દુ:ખ હતુ પણ સાથે સાથે ઘડપણ માટે બચાવેલી મૂડી વપરાઇ જશે અને છોકરો તો બચવાનો નહીં નો ગમ કોર્યા કરતો હતો. મિત્રો સગા સબંધીઓનાં ટોળા વચ્ચે પણ ભાર્ગવનો જીવ ચુંથાતો હતો. તે સૌની દયા દ્રષ્ટી થી અકળાતો હતો. સૌ કંઇક ગુમાવવાનાં હતા જ્યારે હું તો બધુજ ગુમાવવાનો છું તે વિચારથી તેની આંખો વારે વારે ભરાઇ આવતી હતી. જાનકી બા રડતા રડતા તેને દિલાસો આપતા હતા.
ભાર્ગવે રડતી જાનકી બાને કહ્યું ‘ બા હું તો કાચનું વાસણ ..તીરાડ પડી ગઇ એટલે નકામું નહીં?’
‘ના બેટા તિરાડ ક્યાં પડી છે દવા ચાલુ છે ને? સૌ સારુ થઇ જશે.’
‘બા તો પછી રડો છો કેમ? તમેજ મને શિખવતા હતાને કે રડે તેનુ કિસ્મત પણ રડે?’ ભાર્ગવે મંદ અને ધ્રુજતા અવાજે કહ્યું
જાનકીબા થી ન સહન થયુ અને છુટ્ટા મોંએ રડી પડ્યા. ‘ હા બેટા હા મારું કિસ્મત જ રડવા બેઠું છે અમારે જેમનો જવાનો સમય આવી ગયો છે તે રહી પડ્યા છે અને જેમને જીવવાનુ છે તે પહાડ જેવા દિકરાનાં તેડા આવે ..’

શાંતિ બાપા ભાર્ગવને ખીજવાયા' ભાર્ગવ તુ જરા શાંત રહીશ?'
ભાર્ગવ જાનકીબાની સામે જોતા ફરી બોલ્યો
' મારા જન્મ વખતે પીડાની માર્યા તમે રડતા હતા.. આજે પણ જતા જતા તમને રડાવુ છું નહિ?'
ભાર્ગવની આંખમાં આંસુ હતા..
ભાર્ગવની નજર ભાર્ગવી, મોંટુ અને પીંટુ તરફ ફરી અને ખુલ્લી જ રહી ગઇ...
નંદવાયેલુ વાસણ બટકી ગયું

# ફરી પાછુ એજ પ્રશ્નાર્થ ચિન્હ..!



સામે પંખાનાં મેજ ઉપર રૂમની ચાવી પડી છે.તેની કડીમાં ઓહ્મ શબ્દ લખેલો છે.ચાવી અને ઓહ્મ શબ્દનો સંગમ મનને જંકૃત કરી જાય છે કારણ કે ઓહ્મ શબ્દ સમગ્ર ભાષાનાં દરેક સાહિત્ય સ્વરૂપોને પ્રકાશીત કરી જાય છે જેમ યોગ્ય ચાવીથી ગમે તેવા અડીખમ તાળા પણ ખુલી જાય છે. ચાવી ગમે તે હોય. તકદીરની, જિંદગીની, કે હ્રદયની કે ગમે તે..

હ્રદયની ચાવી કેવી હોય તે તો હમણા જ મને ખબર પડી.એક નજર..તીરછી નજર..તીરછી છતા મીઠી નજર. તે નજર માત્રથી હ્રદયમાં વ્યાપેલો શુન્યાવકાશ શુન્ય થઇ ગયો. કારણ ખબર નથી અને એ કારણોનાં રાક્ષસોને શોધવા હું કદી મથ્યો પણ નથી પરંતુ એ કારણોનાં રાક્ષસોને ન શોધવાનું કારણ મને ખબર છે કારણકે કારણોનાં રાક્ષસો કારણ વિના ગમે ત્યાં પેદા થઇ જતા હોય છે અને કારણ વિના પાછા પેલા અલ્લાઉદ્દીન નાં ચિરાગમાં પેસી જઇ શકતા હોય છે અને આજ કારણે તેઓ ધારે ત્યાં, ધારે ત્યારે અને ધારે તેને ઝંકૃત કરી શકતા હોય છે. બરોબરને?

નજર ચાવીની કડી ઉપરથી હઠીને ભીંત પરની ઘડીયાળ ઉપર જાય છે. સતત અને અવિરત ચાલતા રહેતા પેલા ઘાંચીનાં બળદની જેમ ફરતા એ બે છોટે અને બડે ભાઇઓ પર મને તરસ આવે છે. અને પેલો સેકંડ કાંટાનો તો દોડી દોડીને શ્વાસ જ રહી જતો હશે. તેની સરખામણીમાં મોટા કાંટાને થોડોક આરામ અને છોટા ઉસસે ભી જ્યાદા નમક હરામ!
ઘડીયાળ પરથી નજર છત પરનાં પંખા ઉપર પડે છે અને કમકમીયા આવી જાય છે. સેકંડ

કાંટા કરતા પણ કેટલી ઝડપે દોડવુ પડે છે હેં? ઓલીમ્પીકનો પણ કોઇ રેકોર્ડ નહીં હોય આટલી ઝડપે દોડવાનો... આટલી ઝડપે દોડાય ખરું? જવાદોને યાર! આ દુનીયામાં કશું અશક્ય નથી_ દુનીયા..! એક અટ્ટહાસ્ય કરવાનું મન થઇ જાય છે.શું છે આ દુનીયા? જાત જાતનાં અને ભાત ભાતનાં ઘેંટાઓનો મોટો વાડો_ ઘેંટાઓમાંતો થોડુ ઘણું પણ સામ્ય જોવા મળે પરંતુ માણસોની બાબતમાં તો...!!! કશું જ સામ્ય ના મળે. નખથી શીખ સુધી કશુંજ સરખું નહીં.અરે આંગળી કાપીને લોહી જુઓ તો તેમા પણ સામ્ય નહીં..જુઠની નરાતળ દુનિયામાં લોહીને બદલે પાણી પણ નીકળે તો નવાઇ નહીં. દરેક માનવીનાં રૂપ જુદા, રંગ જુદા, રીત જુદી, વર્તન જુદા, મન જુદા, મત જુદા,બધુંજ જુદુ...પેલો ઉપર બેઠેલો કુંભાર ઉંઘે છે કે શું? બધાજ માટલા જુદા. કોઇ એક સરખુ નહીં...
ઉપર સામેનાં ફ્લેટમાં ક્વીકી નીચે બારી પાસે ઉભેલા ટીનુ ને પુછે છે કે
“ટીનુ આટલી ખીચડી ખાઇશ?”
ટીનુ કશુંય સમજ્યા વિના ડોકુ હલાવીને હા પાડે છે. તેથી ક્વીકીનો બીજો પ્રશ્ન વધુ હાથ પહોળા કરીને આવે છે.

”આટલુ પાણી પીશ?”

ટીનુ ફરીથી ડોકુ હકારે ધુણાવીને હા પાડે છે. તેથી ક્વીકી ફરી પુછે છે
“વાઘ આવે તો બીશ?”
ટીનુ તો આ રમત છે તેમાં પ્રશ્ન પુછે તેને હા કહેવાનું તેટલું જ સમજ્યો હોવાથી હા પાડે છે અને તેથી ક્વીકી ગુંચવાઇ જાય છે. ધારણા નકારની હતી છતા હવે રમતમાં પહોળા કરેલા હાથ જોર થી ભેગા કરી તાળી પાડી. તેથી ટીનુ ગુંચવાયો અને ક્વીકી મલકી ઉઠી
“હેં બી ગયો..બી ગયો.”
ટીનુ બાઘો બનીને જોઇ રહ્યો..તેને તો પહેલે થી જ સમજ પડી નહોંતી છતા ક્વીકી મલકી રહી હતી તેથી તેની સામે તે પણ એજ આનંદમાં મલકી રહયો. ટીનુ તેની મમ્મીને તૈયાર થતી જોઇ પુછે છે

“મમ્મી ક્યાં જાય છે?”એની મમ્મી છણકો કરતી કહે છે

“ભગવાનને ઘેર”
ટીનુ પાછો પુછે છે “હું આવુ?
”ટીનુની નિર્દોષ માંગણી પર એની મમ્મી મલકી પડે છે- મમ્મીને હસતી જોઇને ટીનુ સામેનાં ફ્લેટમાં રહેતી તેની નાની બેનપણી ક્વીકીને બૂમ પાડીને કહે છે
” હે..એ.. હું તો ભગવાનને ઘેર જવાનો..તને નહીં લઇ જઉ..’

ક્વીકી પણ બરોબર ટીનુ જેટલીજ એટલેકે ત્રણ વરસની તેથી તેણે ટીનુની મમ્મીને પુછ્યું” માસી! ભગવાનનું ઘર ક્યાં આવ્યું? મને લઇ જશો?”
કેટલા નિર્દોષ અને નિર્લેપ હોય છે આ નાના ભુલકાં અને તેવું જ તેમનુ બચપણ..સમયની સાથે જેમ જેમ તેમને જિંદગીનાં રંગો તેમને સ્પર્શતા જાય છે તેમ તેમ તે નિર્દોષતા જતી રહેતી હોય

છે.જિંદગીનાં રંગોજ કંઇક એવા હોય છે.. એવા એટલે કેવા?

પ્રશ્નાર્થ ચિન્હ..શિર્ષાસન કરતા ઉંધા માથા યાદ આવે આ પ્રશ્નાર્થ ચિન્હને જોઇને..કૌમુદીને ચશ્મા આવ્યા ત્યારે લોકોએ તેને શિર્ષાસન કરવા કહેતા હતા.પણ બિચારી એક તો સ્થુળ કાય અને એવા મેદ ભરેલા શરીરને શિર્ષ ઉપર ઉભા રાખવાનાં પ્રયત્નોમાં નહીં નહીંને દસ વખત ભીંત સાથે અથડાઇને નીચે ગબડી પડી હશે. એક વખત તો એટલા જોર સાથે તે ભીંત સાથે અથડાઇ કે આખી ભીંત હચમચી ગઇ અને ઉપર છત પરથી વાસણ ખડીંગ કરતુ તેની મેદ ભરેલી કાયામાં ગોબો પાડી ગયુ..જોકે ત્યાર પછી એણે શિર્ષાસન કરવાનુ દુ:સાહસ કર્યુ નહોંતુ. એને પ્રશ્નો કરવાની બહુ ટેવ..પ્રશ્નાર્થ ચિન્હો તો જાણે તેનાં શ્વાસોચ્છ્વાસ.. આ લોઇડ કોણ છે? તેણે સેંચ્યુરી મારી? સેંચ્યુરી એટલે સો રન? આપણા બોલરો "ઢ' છે નહીં? આટલા બધા રન તે કંઇ અપાતા હશે? બસ મનમાં આવી તે બધુ જ પ્રશ્નાર્થ ચિન્હમાં જકડીને ભચડી નાખે. આપણે કંટાળીને કહેવુ પડે કે અરે જરા ઝંપ. જ્યારે ને ત્યારે પ્રશ્ન પ્રશ્ન અને પ્રશ્ન જ..પ્રશ્ન પુછવા હોય તો જરા ધીમે પુછને. આ તારી પ્રશ્નો પુછવાની ગતી તો  જાણે ઉડતા ભમરાની પાંખ! એક સેકંડમાં તો તુ કેટલાં પ્રશ્નો પછી મારે છે હેં?

ઓરડામાંનો સહપાઠી હર્ષદ ચાનો ઘુંટડો ભરે છે અને લીજ્જતથી સડાકો ભરે છે અને મને સહજ ધૃણા થઇ. હાથમાંનું ઉલીયુ તેને ફટકારવાની ઇચ્છા થઇ ગઇ. તેને ખબર છે કે તે અવાજ કરે તો મને નથી ગમતુ છતા તે તો અવાજ કરે કરે ને કરે જ.અને મનમાં પ્રશ્ન ઉઠ્યો એવુ કેમ? આવો જ પ્રશ્ન ગઇ કાલે ફિલ્મ જોઇને પાછા ફરતા એકાંત રસ્તે હાથમાંની કાંડા ઘડીયાળ જ્યારે ગજવામાં મુકી ત્યારે થયો હતો..મેં આવુ કેમ કર્યું?પેલો ટીનુ પીપડુ ઉંધુ કરીને એક હાથમાં વેલણ અને બીજા હાથમાં સાણસી લઇને ઢોલ વગાડવાનો ચાળો કરે છે અને તેની બેન ચીની મા પાવા તે ગઢ થી ઉતર્યાનો ગરબો લે છે. ચીની નામ તો મેં એનુ પાડેલુછે કારણ કે તે નાકે ચીબી છે ખરુ નામ તો એનુ પીંકી છે પણ તે પીંક બીલકુલ નથી. છ વર્ષની તેની ઉંમર છે પણ ગુસ્સો તો જાણે દુર્વાસાનો બીજો અવતાર. એક તો વાને શામળી અને જ્યારે ગુસ્સામાં પગ પછાડી પછાડીને ઘાંટા પાડતી હોય ત્યારે તો તે જોવા જેવી હોય છે. પણ અત્યારેતો ટીનુ મહારાજ સાથે આનંદમાં છે તેથી શાંતિ છે. ટીનુની મમ્મી દુરથી અવાજ ઓછો કરવા સુચના આપે છે અને ઢોલ ધીબાતો બંધ થાય છે અને ભેંકડો ચાલુ થાય છે

"મમ્મી ચાલને ભગવાનને ઘેર.." મમ્મી તેને ક્યાં લઇ જાય?
મારી નજર ફરતી ફરતી પેલી દિપ્તીનાં લગ્નની કંકોતરી ઉપર ગઇ. નિલેશને દિપ્તી ખુબ જ ગમતી હતી પણ દિપ્તીનાં લગ્ન તો અવિનાશ સાથે થતા હતા તેથી મને તો એમ હતુ કે નિલેશ તો બહુ દુ:ખી હશે પણ તે તો લગ્નમાં ખુશખુશાલ હતો. મનમાં મને થયુ કે તેણે કેમ ખુશ ન રહેવુ જોઇએ?પછી પાછો પ્રતિપ્રશ્ન થયો તેણે તો કાલે દુ:ખી જ થવુ જોઇએ પણ તે કેમ ન થયો?

આ પ્રશ્નાર્થ ચિન્હનાં મારામાંથી બચવા હું વિચારોની ગુફા ઉપર પથરો મુકવા મથુ છુ પણ સફળ થતો નથી.

જ્યાં જ્યાં મારી નજર ફરે છે ત્યં ત્યાં મને પ્રશ્નાર્થ ચિન્હો જ દેખાયા કરે છે. હિમાચ્છાદિત પર્વતોમાંથી ઉગતા સુરજને પણ પ્રશ્ન હતો કે મારે રોજ સવાર પડે ને ઉગવુ કેમ પડે છે? પીગળતા એ હીમ માં પણ પ્રશ્ન હતો કે અમારે પીગળવુ કેમ પડે છે? દોડતો પવન પણ વાદળોને ખેંચતા ખેંચતા ચીસો પાડતો હતો કે તેણે દોડવુ કેમ પડે છે?વહેલી પરોઢની તે ઠંડી સવારે હું તંદ્રામાં ઝોકે ચઢી ગયો ત્યારે સ્વપ્નમાં પ્રશ્નાર્થ ચિન્હોની દુનિયામાં દરેક નાનામોટા પ્રશ્નાર્થ ચિન્હો એક મેકને પુછતા હતા અમારે ઉંધા થઇને લટકવું કેમ પડે છે?આ પ્રશ્નાર્થ ચિન્હની નીચે મીંડુ કેમ મુકાતુ હશે ભલા? મને કોણ જાણે પ્રશ્નાર્થ ચિન્હનાં એ મીંડામાં મારુ માથુ ભરાઇ ગયુ હોય અને પેલા સદેહે સ્વર્ગ જવા નીકળેલા ત્રિશંકુની જેમ સ્વર્ગ અને પૃથ્વીની વચ્ચે લટકતો રહેતો હોય તેવુ કેમ લાગ્યા કરતુ હશે?  અરે પ્રશ્નાર્થ ચિન્હનાં તે માળખામાં ખુદ ભગવાન જ કલાકોનાં કલાકો સુધી ઉંધો લટક્યા કરતો હોય તો ભલા હું કોણ છુ તે પ્રશ્નાર્થ ચિન્હોની સજા જાણવા વાળો?

ઉફ! ફરી પાછુ એજ પ્રશ્નાર્થ ચિન્હ...!!

**( 1974માં લખેલી આ વાર્તાને વાર્તા કહેવા કરતા ફરતી નજરે જન્માવેલા વિચાર સ્પંદનો વધુ છે. અમદાવાદનાં આકાશવાણી નાં “યુવવાણી”  વિભાગમાં આ વાર્તાને સ્વર દેહ મળ્યો હતો)**

# ફેમીલી




ક્યારેક આ ઘર એવું હતું કે જ્યાં શંકા નહિ_

ડર નહિ_ સબંધો વણસી જશે તેવો કોઇ ભય નહિ_ આશંકા નહિ _

માન અપમાનનું અવઢવ ભર્યું વલણ સુધ્ધા નહિ.

જ્યાં ફક્ત હાસ્ય_ પ્રેમ અને વાત્સલ્ય જ નિતરતું હોય_

મા માથા પર હાથ ફેરવતી હોય અને સંતાનોની બાળ ચેષ્ટાઓ જોઇ મા બાપ હરખાતા હોય_

બેનોનાં હેતાળવા સાદ હોય અને ભાઇઓથી ખીલખીલટ મલકતું દિવાનખાનુ હોય...

સમયે કરવટ બદલી...

બેનો સાસરવાસી થઇ. ભાઇઓ વ્યવસાયે વળગ્યાં

ભત્રીજા અને ભાણીયાઓથી કિલ્લોલતું ઘર શાંત અને ક્ષુબ્ધ બની એકાંતવન બની ગયું.

આધી વ્યાધી અને ઉપાધીથી ઘેરાતા જતા માબાપ ખાલીપાનાં રાસ ખેલાતા જોઇ રડે છે.

દિકરાઓને ઘર પોતાનુ નથી લાગતુ ઉપાધીનું વન લાગે છે.

દિકરીઓને સાસરવાસ પોતાનુ જીવન લાગે છે.

મા બાપ ને ઘર ઘર ન લાગતા ઉજડી ગયેલ બહારનું કંકાલ તન લાગે છે.

બાવન વર્ષ જાણે બાવન અઠવાડીયા બની એક જુની ડાયરી બની જાય છે.

સરવૈયામાં ખાલી હાથ અને હતાશ આવતી કાલ રહી જાય છે.

‘થેંક્સ ગીવીંગ’ એ ઠાલી લપડાક છે.

દિવાળી નાં સૌ વહેવાર કોરા કાગળનાં ફુલોની સુગંધ જેવા મિથ્યા લાગે છે.

ક્રીસ્ટમસ અને નવુ વર્ષ રડતાં ચહેરા પરનો હસતો મુખવટો માત્ર રહ્યો છે.

આવુ તે કંઇ ફેમીલી હોય?

ફટ રે ભુંડાઓ... ચુલ્લુ ભર પાણીમાં ડુબી મરો.

ફેમીલી કોને કહેવાય તે ખબર છે ખરી?

‘સંપ હોય ત્યાં જંપ હોય’ તે વાત સાઁભળી છે ખરી??

ફેમીલી સુખમાં અને દુ:ખમાં બધે સાથેજ  હોય તેવુ દાદા કહેતા તે યાદ છે???

# ફલર્ટ



સેક્રેટ્રરી સાથે ફલર્ટ કરવાનો દરેક મેનેજરને જન્મસિધ્ધ અધિકાર હોય છે, જે બંન્ને પક્ષે સહજ છે. કેમકે દિવસ ના ચોવિસ કલાક માં આંઠ કલાક ઉંઘવાનુ, આંઠ કલાક નોકરી અને આંઠ કલાક ઘરમાં કુટુંબ સાથે. એટલે જેટલો સમય પત્ની સાથે કાઢવાનો હોય તેટલોજ સમય સેક્રેટરી સાથે પણ કાઢવાનો હોવાથી ઘરોબો વધે. અને એ ઘરોબો વધે એને પત્ની ઓ ફલર્ટ કહે અને સેક્રેટરી પ્રમોશનો સરળ રસ્તો.

પણ આજે અમીત ખરેખર અપસેટ હતો, કારણ કે તેની બે ધારી લાઇફ એક બની ગઇ.

તેની પત્ની તેની સેક્રટરી બની ગઇ.

પત્ની તો આનંદમાં હતીજ.

પણ સેક્રેટરી વિનાનો અમીત ઉદાસ થઇ ગયો

# વૃત્ત એક વૃતાંત અનેક

## અખબાર પત્ર વાંચતા જન્મેલી કથાઓ

# ઝાંઝર



“ભાઈ હવે તુ મને મારી નાખ.. મારે હવે જીવવુ નથી…” જિંદગીની દોડમાં ૮૯ વર્ષનાં ત્રિભુવનદાસ નકારાત્મક મનોદશાની ઉંડી ગર્તામાં જઈ રહ્યા હતા. તેમનો ત્રીજો દિકરો રમેશ તેમને આ અકસ્માતને લીધે થયેલ શારીરિક જખ્મો અને તેને લીધે આવેલી હતાશામાંથી તેને બહાર કાઢવા મથી રહ્યો હતો.

આજના શબ્દોથી તે ચોંક્યો અને પરાવર્તી ક્રિયા સ્વરુપે તે બોલ્યો ” અને હું પછી આખી જિંદગી જેલમાં જતો રહું કેમ ખરુને?” પણ તરત જ ભાન થયું કે બાપા તો હતાશામાં બોલે છે તેથી વિનમ્ર થઈ ને પાછુ વાક્ય અનુસંધાન કર્યુ… ” બાપા તમે તો અમારા જન્મ દાતા..અમારાથી તમને મૃત્યુ કેવી રીતે અપાય? જરા શુભ શુભ બોલો..”

ત્રિભુવનદાસને ચારેક વર્ષ પહેલા પડી જવાથી ડાબો પગ ભાંગ્યો હતોને તે વખતે સર્જરી કરી સ્ટીલનાં સળીયા નાખ્યા હતા. તે છ મહિનાનો ખાટલો તો રમાબા ની હયાતિમાં ભોગવ્યો હતો. ગયા સોમવારે ફરી પડ્યા અને જમણા પગની બેઠક પાસે તીરાડ પડી તેથી ડોક્ટરો એ વજનીયા બાંધી તેમને પથારી વશ કર્યા હતા. જે તેમનાથી સહન થતુ નહોંતુ.. વળી રમાબાના ગયા પછીપદેલી એકલતાની ખાઈ તેમને વધુ ભયભીત કરતી હતી. રમેશ્નું વાક્ય પુરુ થાય તે પહેલા તો તે તાડુક્યા..“તો હું શું કરૂં? મને જીવવામાં રસ રહ્યો નથી અને આ વજનીયા બાંધી મને રીબાવો તેના કરતા મને મારી નાખો એટલે બધાં છુટે.”

રમેશે બાપાને સમજાવતા કહ્યું, ” બાપા એ વજનીયા તમારા પગની હલન ચલન રોકવા માટે છે કારન કે પગનાં…” ” હા, મને ખબર છે મને પગનાં હાડકામાં તીરાડ પડી છે..પણ મને આ વજનીયા અને બેડી નથી જોઈતી. મારે બંધાઈને જેલનાં કેદીની જેમ નથી જીવવું.. કાં બેડી કાઢો કાં મને કાઢો” રૌદ્ર સ્વરુપમાં ધ્રુજતા પણ મક્કમ અવાજમાં ત્રિભુવનદાસે જણાવ્યું

રમેશ ધુંધવાયેલા અવાજે ફરી બોલ્યો, ” બાપુજી, તમે ડોક્ટર નથી અને આ નિર્ણય તમારો નથી” ” પણ સહન તો હું કરું છું ને ” રમેશની વાતને અર્ધેથી કાપતા ત્રિભુવનદાસ ફરીથી બોલ્યા.

આવી નિરાશાજનક વાતો અને માંગણીઓનો દોર ચાલુ રહ્યો. રમેશે ચુપ્પી સાધી અને તેમના કહ્યા પ્રમાણે વર્તવા ડોક્ટરને પુછશે તેવુ મનોમન વિચારી લીધુ. બાપુજીની દરેક ગતિવિધી જોતા જોતા તે અજાણે જ ત્રિભુવનદાસનાં પિતા જગજીવન સાથે સરખાવી બેઠો. બાપુજીને પણ પથારીમાં સુઇ રહેવાથી કાળા ચાઠા પડેલા હતા..૮૯ વર્ષ્નીં ઉંમર્. ચોકઠુ કાઢી નાખેલ મ્હોં શ્વાસોચ્છ્શ્વાસ દરમ્યાન ફુગ્ગાની જેમ ફુલે અને સંકોચાય..આ બધું તેણે યુવાન વયે જગજીવનદાસનાં મૃત્યુ પહેલા જોયું હતુ તેથી તેનું મન ક્ષણ માટે તો ધબકારો ચુકી ગયું.

દાદાની ખબર જોવા આવેલા લાલાભાઈએ ઘડીયાળના સેકંડ કાંટાને ગુરુત્વાકર્ષણ નાં નિયમને તાબે થતા જોઇ કહ્યું-” ફોઈ બા! આ ઘડીયાળતો ધીમી પડવા માંડી”

રમેશનાં મને ફરી થી ઉથલો માર્યો.. આ બાપુજી પણ ઘડીયાળની જેમજ દેહવિલય્ની ગતિમાં ધીમ પડવા નથી માંડ્યાને? પણ આ ડરને દાબીને તેણે કહ્યું ” બાપુજી દાદાની જેમજ તમે પણ ફુગ્ગ ફુલાવો છો. પણ તેઓ કદી તમારી જેમ માંગી માંગીને મૃત્યુનાં ઉધામા નહોંતા કરતા.

” ભાઈ મારાથી આ વજનીયા સહન નથી તેથી તો કાઢી નાખોની વાતો કરું છું.”

“બાપુજી તમે જે વિચારો છો ને કે આ વજનીયા બેડી છે તે વિચાર ખોટો છે. થોડોક સમય રાખશો એટલે તમે ટેવાઈ જશો. હાડકાની તીરાડ પુરવા હલનચલન રોકવુ જરુરી છે ને?”

મોટીબેને લાલાભાઈને રુપીયા આપીને કહ્યું “ચાર બેટરીનાં સેલ લઈ આવો બધી ઘડીયાળોનાં બદલી નાખીયે..”

રમેશ બાપુજીની પીડાથી દ્રવિત હતો તે બોલ્યો ” બાપુજી કાશ કે તમારી પીડા હું લઈ શક્તો હોત્…તમે મૃત્યુ ના માંગો તે માંગે તો મળતું નથી. અને ત્યાં પણ લાઈન છે જ્યારે વારો આવશે ત્યારે કોઇ રોકી નહીં શકે”

બાપુજી આર્દ્રતાથી બોલ્યા ” ભાઈ તમે મને પીડાતો જુઓ છો પણ ડોક્ટરની આડમાં મારું કશું સાંભળો નહીં તો હું શું કરું?”

રમેશ કહે “બાપુજી આપણુ મન કાબુમાં રાખો તો મિત્ર અને નહીંતર દુશ્મન છે.”

બાપુજી કહે ” શું આ બેડીઓને હું બેડીઓ ના સમજું એમ તુ કહે છે?”

રમેશ કહે છે ” તેને કાબુમાં રાખવાનુ કહું છું. આ વજનીયા બેડી નથી તે તમારી સારવારનો એક ભાગ છે. જો તમે સહકાર નહીં આપો તો તે ત્રણ મહીનાને બદલે છ મહીના લંબાશે અને પીડા તો તમારે જ ભોગવવાની છે.”

થોડિક ચુપકીદીની ક્ષણો વીતી ના વીતીને બાપુજી ફરી બોલ્યા ” મારાથી આ દુખાવો સહન નથી થતો..ભાઈ મને ગળચુ દાબીને મારી નાખો…”

મોટીબેન અને રમેશ બંને અંદરથી હચમચી ગયા. આ દુ:ખ કે ધાર્યુ કરાવવાની આડ ધમકી? રમેશે બાપુજીનો હાથ પકડી માથા ઉપર મુકાવીને કહ્યું," બાપુજી આ મરવાની વાત ના બોલો તમને મારા સોગંદ..થોડીક સમતા રાખો..."

લાલાભાઇ સેલ લઈને આવી ગયા હતા. તેમને ઘડીયાળો ઉતારી દરેકના સેલ બદલી નાખ્યા. ઘડીયાળનો સેકંડ કાંટો હવે ગુરુત્વાકર્ષણનાં નિયમને ગાંઠતો નહોતો.

બાપુજીની ટેપ હવે બદલાઈ હતી. "ભાઈ કાલે સવારે હું નહીં હોઉં"

રમેશે વજનીયા કાઢ્યા પગે થોડોક ચામડી ઘસાયાનો દાગ હતો. પાવડર છંટ્યો અને પગ થોડીક વાર પંપાળ્યા.

"ભાઈ બહુ દુ:ખે છે"

" હવે સારુ લાગે છે? મેં વજનીયા કાઢી નાખ્યા છે"

" કેમ મને રીબાવી રીબાવીને છ મહીના આ પથારી પર રાખવો છે?

ઘડીયાળ બરોબર ચાલવા માંડી હતી..રમેશે બાપુજીને પુછયું "આ ઝાંઝર તો પાછુ બાંધી દઉને?"

# કિંમત કોણ ચુકવશે?



picture courtsey : Pooja Shah

હજી તો ગયા અઠવાડીયે તો નિખાર મને કહેતો હતો "આપણી ઝીલને તો હું દુનિયાનું સુખ આપવાનો છું. ભલેને તું મારાથી છુટી થઈ પણ ઝીલ આપણું સંતાન. અને તું મારો પહેલો પ્રેમ..." ભૂતકાળમાં પ્રવેશતું કેતાનું મન...એક વખત તો કમકમી ગયું..કેટલી મુરખ હતી કે આવા ભોળા પતિને વારંવાર ત્રાસ આપીને ઘરે નાસી આવતી હતી. અને વિખવાદનું કારણ પણ શું? હું મારી ભાભીના ભાઈ સાથે વાતો કરું તે ના ગમે.. મારા પર વહેમાયા કરે.

અમેરિકાથી આવેલી ફોઈને આ વાતની જાણ થઈ ત્યારે તે કહે

"કેતા જે રીતે તુ આ વાત કરે છે તે રીતે જોવાને બદલે આને બીજી રીતે જો. પતિ તરીકે તારા ઉપર તેનો અધિકાર છે. અને પતિ તને કોઇની સાથે વાતો કરવાની ના પાડે તો તેમા તેનું આધિપત્ય અને છુપાયેલી ઇર્ષ્યા છે. આ પ્રેમનો પ્રકાર પણ હોઇ શકેને?"

ફોઇની વાત સાંભળીને કેતા તો વિચારમાં પડી ગઈ..

તેને ભાભીના ભાઈ કલ્પેન ની વાતો યાદ આવી.."કેતા ક્યાં તું? અને ક્યાં નિખાર? તે તો ગામડીયો છે..અને તું તો સ્વરુપવાન..કાગડો દહિંથરુ લઈ ગયો જેવા હાલ.. આતો મને તુ પહેલાં મળી નહીં અને મારા લગ્ન થઈ ગયા નહીંતર હું તને ભગાડીને લઈ ગયો હોત. મનોમન કેતા કલ્પેન અને નિખારની તુલના કરવા લાગી. તેણે નિખારને કેમ હા પાડી..તે વાતો વિચારવા લાગી. નિખાર ભોળો તો હતો જ..પણ નોકરી તેની સ્થિર હતી..ભાયખલાથી મસ્જીદ બંદર રોજ ટ્રેન પકડીને જાય. જૈન લત્તામાં પોતાનો ફ્લેટ હતો. અંધેરીથી ભાયખલા કંઇ બહુ દુર નહીં તેથી કોઇને કશુંય ના કહેવાનું કારણ ન મળ્યું અને કેતા અને નિખારનાં લગ્ન થયા..

વિવાહ દરમ્યાન જે નિખાર હતો તે તો લગ્ન પછી તદ્દન જ બદલાઈ ગયો.

એક દિવસ કલ્પેન મોટાભાઈ સાથે ભાયખલા આવ્યો..બહુ જ મજાકીયો અને હસાવી હસાવીને પેટ દુખાડી દે. તેને ફ્લેટ બાંધકામનો મોટો કોંટ્રાક્ટ મળ્યો હતો. તેથી હસતા હસતા કેતા બોલી "તમારી

અનુકુળતા એ આવતા જતા રહેજો" અને તેણે તો તે પકડી લીધુ.."ભલે ત્યારે બપોરની ચા તમારે ત્યાં.."
થોડો સમય તો બધુ ઠીક ઠીક ચાલ્યું..પણ એક દિવસ નિખાર બોલ્યો.."કેતા..આ કલ્પેનને તેં જબરો પેધો પાડ્યો છે.. મારી ગેરહાજરીમાં તે ઘરે આવે તે મને ગમતુ નથી."
ત્યારે કેતા ગર્ભવતી હતી અને છંછેડાઈને બોલી એટલે "તમે મારા ઉપર શક કરો છો?"
નિખાર કહે "તું ગમે તેટલી નિયંત્રીત હો પણ મને ઘી અને આગ ભેગા થઈ શકે તેવું એકાંત બાળે છે અને કલ્પેન પરણીત હોઇ આમ વર્તે તે અજુગતુ તો છે જ. હું મારું લગ્નજીવન ખરાબે ના ચઢે તેની તકેદારી રાખું છું સમજી?"
પછી તો આક્ષેપ પ્રતિ આક્ષેપોની હોળી સળગી..તે ઝીલ ત્રણ વર્ષની થઈ ત્યાં સુધી ના શમી. કોર્ટે ફારગતી આપવાની તૈયારી બતાવી ત્યારે નિખારે તો ના જ પાડી પણ હવે આ પાર કે પેલે પાર નાં ઝનૂને કેતા ઝીલને લઈને અંધેરી આવી ગઈ.
કેતા તે ભડભડ સળગતા ભૂતકાળની ભૂતાવળને જોતી રહી.એના ચિત્તને ફોઇની ટકોરે ડહોળી નાખ્યું હતું. આ રીતે તો મેં મારા જીવનને મેં કદી જોયું જ નહોંતુ.
ફોઇ કહે "લગ્ન એટલે એક મેકનાં પૂરક થવાનું ટાણું.. બંને એ એકબીજાની ઉણપો શોધી દુર કરવી અને સારી વાતોને વિકસાવવી તે જ સાચુ લગ્ન જીવન..મને એક વખત ફુઆએ ના પાડી કે ભારત બહુ ફોન ના કર તે દિવસની વાત અને આજે તે વાતને ૩૦ વર્ષ થયા પણ કોઇ વિરોધ નહીં કે ના કોઇ વિચાર પણ કે મને કેમ ફોન ના કરવા દે..પણ તેમને સાસરીમાં હું ચંચુપાતકરું તે ગમે નહીં તેથી તેમનો બોલ શીરોમાન્ય કર્યો..અને મને તે સીગરેટ પીયે તે ના ગમે તો મે ફક્ત એટલું કહ્યું તમે પણ આ સીગરેટ છોડો તે દિવસથી આજ દિન સુધી તેમણે સીગરેટ પીધી નથી.
કેતા મનમાં ને મનમાં બોલી કલ્પેન ને ઘરે આવતો બંધ કરવો તે વાતને હું કારણ વગર આટલી કેમ ચગાવું છું? અને કિંમત કોણ ચુકવશે? હું. મારી ઝીલ અને નિખાર…
ત્યાં ઝીલે આવીને તેને વિચાર સમાધીમાં થી ઝંઝોટીને બહાર કાઢી..મમ્મી ફોન લે ને ક્યારની ઘંટડી વાગે છે…
ફોન ઉપર નિખાર હતો.
કેતાની આંખમાં આંસુ હતા ફોન ઉપર તે બોલી-"નિખાર..મને માફ કરીશ હું અને ઝીલ બંને તારા વિના અધુરા છીયે.."
નિખાર બોલ્યો.. "હા મારા મનનાં અને ઘરનાં દ્વાર હજી તમારી રાહ જુએ છે…સ્વાગતમ.."
કેતા રડતી હતી અને તે આંસુમાં નિખાર પ્રતિનો આક્રોશ વહી ગયો.

# મારે શ્યામાને નથી ખોવી



www.flickr.com

વાને શામળી તેથી શ્યામા તેના શ્યામ પાસે અને સાસરે હડધુત થયા કરે.. વળી દસ વર્ષનાં લાંબા દાંપત્ય જીવન પછી પણ નિઃસંતાન હોવાથી શ્યામ દારુની લતે ચઢ્યો. ભણેલી ગણેલી શ્યામા સફળતાથી ટ્યુશનનાં ક્લાસ ચલાવે અને શ્યામની લગભગ સમકક્ષ રહેતી તેથી શ્યામસુંદર ઠાકોરનો પારો હંમેશા ૧૦૨ ડીગ્રી પર રહે. અને પીન્નતમાં ગાળો ભાંડે- "તુ કાળી જ્યારથી મારા જીવનમાં આવી ત્યારથી મારી જિંદગી મેશ કરી નાખી " " વાંઝણી તેં તો મારો વંશ કાઢી નાખ્યો" " મારા જેટલુ કમાય છે તે કંઈ ઉપકાર નથી કરતી...તારા બાપનું ઘર ભરે છે.."

પણ ક્યારેક જ્યારે શ્યામાએ સવારનાં ઉઠતાવેંત લીંબુ પાણી આપ્યુ હોય અને સરસ ચા બનાવી હોય..ત્યારે પાછો માફી પણ માંગી લેતો શ્યામ બધી તકલીફોનું કારણ દારુ ઉપર ઢોળી રાતની બૂમાબૂમ અને ગાળોનો લગ્નજીવનમાંથી બાદબાકી પણ કરી લેતો. શ્યામા આ ઠાગા ઠૈયા કરી સરતા જીવનથી ખુશ તો નહોંતી પણ એ કરે તો શું કરે? તેના બા અને બાપુજીએ તેના નામે ઘર લીધુ ત્યારે શ્યામને ખબર નહોંતી..પણ જ્યારે ખબર પડી ત્યારે ઉઠીને તેના મકાનમાંથી શ્યામાનું નામ કાઢી નાની બેન અને ભાણીયાનું નામ દાખલ કરી દીધું.

શ્યામાનાં સાસુતો લગ્ન પછી બે વર્ષે ગામતરું કરી ગયા અને સસરા તો શ્યામનાં જન્મ પછી બે મહીને મોટર અકસ્માતમાં મૃત્યુ પામેલા તેથી..પાતળી આવકોમાં મા એ લોકોના કામ કરીને છોકરા ઉછેરેલા એટલે નાના ભાઈ બેન ક્યારેક મોસાળ તો ક્યારેક ગામડે ઉછરેલા અને ઢંગનું કદી જીવન પામ્યાં નહોંતા. નિશાળો શરુ થઈ ત્યારે વડોદરા ભાડે આપેલુ મકાન છોડાવી તેમા રહેવાનું શરુ કર્યુ અને ભણતર પુરુ કર્યુ અને સારી જગ્યાએ નોકરી મળી. શ્યામાનાં પલ્લામાં નાની બેન સુલભાને પરણાવી ત્યારે બાંધીમુઠ્ઠી લાખની સલાહ આપતી શ્યામની મા મોટે ગામતરે ગઈ ત્યારથી શ્યામ ઉપરનું નિયંત્રણ ગયુ અને શ્યામાના દુઃખનાં દિવસો શરુ થયા...

સુલભાને આ વારે અને આ તહેવારે આ કરો ને તે કરો તેવા રિવાજોમાં બેન ભાણેજોને ગજા કરતા વધુ આપવાનું ચાલુ થયું અને ચાલુ થઈ અપેક્ષાઓની વણઝાર...

તે દિવસે શ્યામાએ ના પડી તેથી સુલભાએ દેકારો કર્યો..ગામની જમીન વેચીને તેનો અડધો અડધ ભાગ શ્યામે સુલભાનાં નામે એફ ડી કરીને મુક્યો. તમે તો બે જ જણ અને બંને સારુ કમાવ છો તમારે શું પૈસાની જરુર્? એટલે સુલભાને ત્યાંથી વહેવાર આછા પાતળા પણ જ્યારે શ્યામે કરવાના હોય ત્યારે પાકા અને મોટા થાય. શ્યામ જો બોલે તો એકની જગ્યાએ પાંચ થાય તેથી ત્રસ્ત શ્યામા વહેવારોમાં તેના વેડફાતા જતા પૈસાને રોકવા જુદા મકાનનો પ્લોટ રાખી તેમા બંધાતા મકાનનાં હપ્તા ભરતી...

લગ્ન જીવન નો બીજો દાયકો શરુ થયો અને દારુએ તેની અસર બતાવી..લીવરનો સોજો, મધુ પ્રમેહ અને ઉંચો રક્ત દબાવ જણાયા...હોસ્પીટલમાં ખબર કાઢવા આવવાનો સુલભાને સમય જ નહોંતો મળતો અને જ્યારે ને ત્યારે કાળીને લીધે મોટાભાઈને રોગ થઈ ગયોનું ગાણુ ચાલતુ. દવાનો તો ખર્ચ કંપની આપતી હતી પણ સોયો તો શ્યામને ખાવી પડતી હતીને...શ્યામા સાચા મનથી અને તનથી સેવા કરતી હતી. શ્યામ તો વિચારતો કે એમા શું એ તો એની ફરજ છે. પણ મનથી ઝંખતો કે સુલભા આવે અને તેની સાથે વાતો કરે...

હોસ્પીટલમાં તેની બાજુનાં પલગ ઉપર સોમાજી ડામોર કરીને વડીલને હ્રદય રોગની સારવાર અપાતી હતી. તે શ્યામ અને શ્યામાની રકઝક જોતા અને એક દિવસ કહે શ્યામ તને મારી જિંદગીની એક વાત કરું?

શ્યામે હા પાડી તેથી તેમણે કહ્યું

સાહીંઠ વર્ષે મને અનુભવ થયો કે મેં ચંદાને બહુ દુભવી. તે જે કહેતી તે બધુ સાચુ હોવા છતા પુરુષપણાનો માભો એવો ચઢેલ કે તે કહે એટલે ના જ થાય. અને આજે ચંદા નથી ત્યારે ખબર પડે છે કે પોતાનું માણસ એટલે પોતાનુ..બાકી આખી દુનીયા તેનો રંગ તેના સમયે બતાવે અને બતાવે જ.. આ ત્રીજો હ્રદય રોગનો હુમલો છ મહિનામાં આવ્યો... કોઇને સમય નથી..જેને પોતાના માન્યા હતા તેમને અને જેમની પાછળ જાત ખર્ચી હતી પૈસા ખર્ચ્યા હતા તેમને પણ.. તે સૌની આજે મને જરૂર છે ત્યારે કોઇને સમય નથી..જો ચંદા હોત તો આ તમારી શ્યામાની જેમ મારી ખડે પગે સેવા કરતી હોત્...

શ્યામ કહે “દાદા તમે સાચુ બોલ્યા તમને તો સાહીંઠ વર્ષે સમજાયું અને તે ચંદાકાકીને ખોયા બાદ...પણ મારે શ્યામાને નથી ખોવી.”

# લાફો.



અને હરીને તેના બાપાને લાફો મરી દીધો…બધા સડક થઈને જોતા રહ્યાં

હીમાની કેન્સરનાં છેલ્લા તબક્કામાં હતી અને તેને બચાવવા હરેન ઝઝુમતો હતો..હીમાનીની પીડા હરેનથી જોવાતી નહોંતી..દુકાન વેચી દીધી..બધી બચતો સાફ કરી દીધી..થાય તેટલુ દેવુ કર્યુ હતુ અને આવતી કાલે છેલ્લો કેમોથેરાપીનોં ડોઝ હતો. હીમાનીનાં કેન્સર નિષ્ણાત ડો. ક્રીપલાની અને હરેન ને આશા હતી કે હીમાની બચી જશે..પણ આતો ફેફસાનું કેન્સર..હરીનના બાપાને તો ખબર જ હતી કે હવે હીમાની પાછળ પૈસા ના બગાડાય્. તેના વાળ જતા રહ્યાં હતાં. તેને શ્વાસ લેવાની પારાવાર મુશ્કેલી પડતી હતી. આઇ સી યુ માં છેલ્લા ચાર મહીનાથી હતી. રોજનાં ૫૦૦૦ રૂપીયાનું બીલ આવતુ હતું.

હીરેન નાં પપ્પા માનતા કે આયુષ્ય કર્મ જેટલુ લખાવીને આવ્યા હોય તેટલું જ જીવન હોય્..ડોક્ટર તો કદી કહે જ નહીં કે દર્દી નહીં બચે..તે તો જો આશાવાદી ન હોય તો તેમની હોસ્પીટલ કેમ ચાલે? હીરેન ને બધી રીતે હીમાનીની પાછળ ખુવાર્ થતો જોઇ તે દિવસે કતલખાને જઇને બે જીવ છોડાવી આવ્યા..બાપનો જીવ હતોને..

હીમાનીએ તે રાત્રે જીવ છોડી દીધો…ધુંવાકુંવા થતા હરેને તેના બાપને લાફો રશીદ કરતા કહ્યું તમને કોણે કહ્યું હતુ જીવ છોડાવા જવાનું? મારો અને હેમલનો વિચાર તો કરવો હતો?

બાપા ગાલ પર પડેલા લાફાનો ચચરાટ સહેતા સહેતા બોલ્યા “એ વિચાર કર્યો એટલે તો આ કામ કર્યુ..”

# સાહેબોને સજા



પોલીસ સબ ઇન્પેક્ટર રણજીત સિંહ આમતો હસમુખ અને નિખાલસ જીવ..દરેક સાહેબોને અનુકુળ થનારો અને તેમનો પડ્યો બોલ ઝીલનારો તેથી દરેક સાહેબોનાં તેના ઉપર ચાર હાથ..અને એ મહેરબાની તળે તેનું છ જણાનું કુટુંબ સરસ રીતે શાંતિનું જીવન જીવતુ.

પણ છેલ્લા કેટલાક સમયથી તેના શાંત જીવનની કુદરતને ઇર્ષા આવી હોય તેમ ઉપરા છાપરી તે ચારે બાજુથી ભીંસાતો જતો હતો. ક્યાંકથી નનામી અરજી થઈ તે કાર્યવાહી શરુ થઈ તેજ સમયમાં ઉપરી અધિકારીની બદલી થઈ. નવા ઇન્સ્પેક્ટરને રણજીતસિંહની ઉપરીઓની ભક્તિમાં દાળમાં કાળુ લાગ્યું અને દસ વર્ષથી જે ચોકી ઉપર તે સ્થિર હતો તેને આ નનામી અરજીનાં આધારે ગાળાગાળી કરી બદલી કરી નાખી.

પાંચ પોલીસની હાજરીમાં લાંચીયા હોવાનું આળ સહન કરવાનું અતિ દુષ્કર હતુ. પાછો ઉંમરમાં નાનો અધિકારી ગાળ દે તે કેમ ચાલે...ધુંવાકુંવા થતો ઘરે આવ્યો અને નાનકાને ધોલ મારી..મોટીને ધાંટો પાડ્યો. ચા લઈને આવતી પત્નિ માલાએ બદલાયેલ તેવર જોઇને છોકરાને આઘા પાછા કરી ધમ ધમ ફરતા પતિ પાસે આવીને કહ્યું-" કેમ ઠાકોર આજે ઘરને ચોકી બનાવવા બેઠા છો?"

" આ નાનું છોકરડું હજી તો સીધ્ધુ તાલિમમાં થી આવ્યું છે ને મને ગાળ દે તે કંઈ ચાલે...?"

"હશે કાલે તમારો વારો આવે ત્યારે તમે તેને ગાળ દેજો ..પણ હમણા તો આ ચા ટાઢી પડે છે..તે તો પી લો." મસાલા આદુની ચા જાણે દવા હોય તેમ પીને બાઈક ને કીક મારી પોલીસ ક્વાર્ટર્સમાંથી રણજીત સિંહ નીકળી પડ્યા.. તેમની બાઈક સ્પીડ લીમીટ કરતા વધુ ઝડપે તેમના મગજનાં તપેલા પારાને દર્શાવતી બે ચાર જણ ને ઓવરટેક કરીને નીકળી ગઈ ત્યારે કોઇક બોલ્યુ પણ ખરું કે મરવાનો થયો લાગે છે!

છેલ્લા કેટલાક સમયથી તેને શરીરે અસુખ તો હતુ જ અને તેમા આજની ગાળાગાળીએ જાણે બળતામાં ઘી હોમ્યું. શહેર દુર વહેતી નદીનાં કિનારે પહોંચીને તેણે બાઈક રોકી. ખળખળ વહેતા નદીનાં વહેણમાં તેને ડુબકી મારવાનું મન થયું. મંદિરની આરતીનાં ઘંટારવમાં સામન્ય રીતે તેને

શાંતિ મળતી પણ આજે તે ઘોંઘાટ લાગ્યો અને બોલ્યો પણ ખરો આ ભગવાન તે કંઇ બહેરો છે કે તેને જગાડવા આટલો અવાજ કરો છો? મંદિરની નજીક નીલગીરિનાં છોડવામાંથી આવતી મહેંક અને સાંજનો ડુબતો સુરજ આજે તેના અસુખને વધારતો લાગ્યો તેથી પ્રસાદ લઈને ઘરે પાછુ પ્રયાણ કર્યુ.

પાછા વળતા તેના મિત્રોની સલાહથી તેણે રજા પર ઉતરી જવું યોગ્ય લાગ્યુ આમેય શરીરે અસુખ તો હતુ જ...મન પણ ઘવાયેલુ તો હતું જ..

દિવસો ઉપર દિવસો વિતતા જતા હતા..અને રોજે રોજ નીતનવી વાતો આવતી હતી...રણજીતસિંહ સાહેબોને પૈસા પહોંચાડતો હતો..તે પણ તેમા કટકી રાખતો હતો...કોઇ પણ તેના ઉપરી અધિકારી રણજીતસિંહને બચાવવાની પેરવી કરતા નહોંતા..દરેક જણ તેને બલીનો બકરો બનાવી સાફ છુટી ગયા હતા...

તેને હવે યાદ આવ્યું મોટીનાં લગ્નની તૈયાર માટે રઘુ સોની પાસે રુઆબથી દાગીનો અર્ધા ભાવે લીધો હતો..નાનકાને કોમ્પ્યુટર અપાવવા જે કે ને દબડાવ્યો હતો...તોડ પાડીને જયસ્વાલનાં પૈસા સોલંકી સાહેબને ઓછા આપ્યા હતા ને ફ્લેટ માટે તે હપ્તો ભર્યો હતો...બાઈકમાં પેટ્રોલ ભરાવાના ક્યારેય પૈસા આપ્યા હોય તેવું યાદ આવતુ નહોંતુ.

કમીશને તો છેલ્લા દસ વર્ષના ચોપડા ખોલાવ્યા છે..ક્રીમીનલ ચાર્જ પણ મુકાશે અને કચ્છમાં બદલી થવાની છે તેવી વાતો સાંભળ્યા પછી તેનું અસુખ તે રાત્રે ખુબ જ વધી ગયુ...જે સાહેબોને ટોપલે ટોપલા ભરીને આપ્યું હોય તેઓ જ હવે કટકીનો હિસાબ માંગે છે?..અ ર ર ર. આ સાહેબોનાં હાથા બની જઈને મેં કેવી ભયંકર ભુલ કરી? અને હવે તે ભુલનો ભોગ બનશે માલા અને આ ચારેય ભુલકા?

રણજીતસિંહને થવા લાગ્યું કે આ સાહેબોની જાત જ ભુંડી...ધારે તો મને બચાવી શકે પણ શું કામ બચાવે..તેમને તો એક નહીં બીજો પી.એસ.આઇ.મળી જશે...પણ મને જેલ થઈ જશે તેનુ શું?

તેનો વિચારવાયુ વળી બીજી દિશામાં ફંટાયો..શાંતિથી સુતેલી માલા અને સંતાનોને જોઇ તેને ગુસ્સો આવ્યો..આ બધુ તમારે માટે કર્યુ અને તમે બધા શાંતિ થી ઉંઘો છો? મારી આ જે દશા છે તેના માટે મારા સાહેબો જેટલાજ ગુનેગારો તમે છો. અંદરથી ઉઠતા ગુસ્સને ઠંડો કરવા તેણે કાગળ પેન હાથમાં લીધી અને કયા સાહેબને કયારે કેટલા આપ્યાનો હિસાબ લખ્યો સહી કરી. અને આ ગીધડા (સાહેબો જ તો વળી) તેના કુટુંબને ચુંથી ન નાખે તેટલા માટે તેણે રિવોલ્વર ઉંચકી માલાને ઠાર કરી..અવાજથી જાગી ગયેલા ચારેય બાળકોને એક પછી એક ગોળીથી ઠાર કર્યા...

અંદરથી તેને એક જોરદાર ધક્કો વાગ્યો..તે ક્ષણભર માટે ડરી ગયો..તેણે જાતે પોતાનાજ કુટુંબને ઠાર કર્યુ? હવે મારું શું થશે તે કલ્પના આવતા તે ધ્રુજી ગયો...બધા સાહેબો તો તેમના ગુનાની સજા ભોગવતા ભોગવશે મેં મારા કુટુંબને મારે જ હાથે ઠાર કરીને સજા આપી? ત્યાં તેને યાદ આવ્યું રીવોલ્વરમાં હજી છેલ્લી ગોળી છે..ક્ષણ ભરતો તેને રડવું આવ્યું પણ સાહેબોને સજા કરવા છેલ્લી ગોળી તેણે તેની જાત ઉપર ચલાવી દીધી.

# એમનો વંશ



અને આક્રોશમાં ધારા પોકે ને પોકે રડી પડી. એને સમજ નહોંતી પડતી કે પ્રિયમ ને આટલુ સમજાવ્યા છતા પણ તે બા ની વાતોને જ કેમ વધારે મહત્વ આપતો હતો. બે છોકરી પછી પણ હજી એજ પુત્ર લાલસા..તેનામાં હવે સુવાવડ લેવાની તાકાત તો હતી જ નહીં. પ્રિયમ તેને સ્પંદીત કરવા મથે તો સ્પંદનો જન્મે તો ખરા પણ અજંપા, દુઃખ અને એકલતા ભરીતે સુવાવડની રાતો યાદ આવતાજ તે ઠરી જતી. પ્રિયમને મન ધારાનું દર્દ એ હંગામી ઘટના હતી પણ બાને રાજી રાખવા તે બધુ કરી છુટવા હરદમ તત્પર હતો..અને તે પણ માનતો કે વંશ ચલાવવા બા જે પુત્ર માટે આગ્રહ કરે છે તે લોકધારે પણ સાચો છે.

પ્રિયમ પણ આમતો ત્રીજે ખોળે હતો તેથી બા માનતા કે ત્રીજુ સંતાન પુત્ર હશે...રાત પડે અને પ્રિયમનો મનગમતો સાથ શરીરનો થાક ઉતારતો પણ સુવાવડની ભીતિ અને ત્રીજી પણ પુત્રી થશે તો?નો કાલ્પનીક ભય ધારાને રડાવતો..તેના ગર્ભધારણ ન થાય તે પ્રયત્નોથી પ્રિયમ પણ ખીજવાતો અને એક પ્રકારની તાણથી ધારા પણ ત્રસ્ત રહેતી..પહેલી રાધા બીજી સ્વરા પ્રિયમની શીફ્ટ ની નોકરી અને પાછી ધારાની નોકરી તો ચાલુ જ..જોકે બા ઘણું કરતા છતા અપેક્ષાઓનાં બે ચાર વાક્યોમાં જેવો વંશજનો ઉલ્લેખ આવે એટલે ધારાને તેના પપ્પા જે વાત કહેતા તે યાદ આવે. આજના જમાનામાં પુત્ર હોય કે પુત્રી બંને દરેક રીતે સમાન. પણ બાને આ વાક્ય પ્રિયમ કહી શકે ધારાથી થોડું કહેવાય?

તે પ્રિયમની જીદ સામે હારી ગઈ..બા તો ઘણા રાજી હતા અને તેમને ગળા સુધી ખાતરી હતી કે આ વખતે તો બાબો જ છે તેથી રાધાને કહેતા કે આ વખતે તો રાખડી બંધાવનારો જ આવે છે.અંજના બહેન ને સુવાવડ ધારાની સાથે જ હતી અને તેમને ત્રણ બાબા પછી બેબીની આશ હતી..બા દીકરી અને વહૂ બંનેની સુવાવડમાં વહેંચાઈ ગયા હતા અને બુધવારે રાત્રે એકદમ દર્દ ઉપડ્યું. લોહી ખુબ જ વહેતુ હતુ તેથી ખુબ જ ચક્કર આવતા હતા...ધારાથી તો દર્દ લેવાતુ જ નહોંતુ અને હોસ્પીટલમાં પહોંચ્યાને અંધારા આવવાનાં ચાલુ થઈ ગયા.અંજના બેન પણ આગલે દિવસે જ દાખલ થયા હતા..ધારાનું બીપી ખુબજ નીચું હતું તેથી દર્દ લેતા લેતા તેણે ભાન ગુમાવ્યું અને સીઝેરીયન ની તૈયારી શરુ થઈ. બા અંજના બેન અને ધારા બંનેને જાળવતા..મોડી રાત્રે અંજના બેન ને પણ દર્દ શરુ થયુ...નર્સો અને લેડી ડોક્ટર ધારા બેહોશ હોવાને કારણે ખુબ જ અકળાતી હતી.

પ્રિયમને અને બાને લેડી ડોક્ટરે કહી દીધું કે આવી પરિસ્થિતિમાં એક જ જીવ બચશે...ધારાનો દુબળો દેહ પ્રસુતિ સહન કરી શકે તેમ જ નથી. અંજના બહેનની પ્રસુતી સામાન્ય હતી પણ ધારા નું જોખમ મોટુ હતુ...બાની સામે જોતો પ્રિયમ એક વખત તો ફફડી ગયો જો ધારાને કશુ થશે તો..ઓપરેશન ટેબલ ઉપર લઈ જતા લેડી ડોક્ટર અને નર્સો પ્રિયમ અને બા સામે બહુ વિચિત્ર રીતે જોતા હતા જાણે કે તેમણે ધારાનું ખુન કરવા આ પ્રસુતિ ના પ્રયોજી હોય્...

રાધા અને સ્વરાને સ્કુલે મુકવા જવાની હોઈ પ્રિયમ બાને ઘેર મુકવા આવ્યો. પાછો હોસ્પીટલમાં આવ્યો ત્યારે અંજના બેનનાં છેડા છુટી ગયા હતા તેમની આશા વિરુધ્ધ ચોથો બાબો હતો તેથી તે રડતા હતા. ધારા હજી ઓપરેશન થીયેટરમાં હતી. સમય મંથર ગતિએ જતો હતો..ધારા ખાલી ખોળે આવી ત્યારે તેની બેહોશી તુટી નહોંતી..પણ જ્યારે તે ભાનમાં આવી અને જાણ્યું કે બાબો હતો ત્યારે ખુબ રડી. તેને રડતી જોઈ પ્રિયમ પણ ખુબ જ ઉદાસ થયો. ખાલી ખોળો ભરાયેલી છાતી અને દુઝતુ વ્યથીત હૈયું લઈ જીવનની ઘટમાળ ફરી શરુ થઈ..

બે એક મહીના પછી જ્યારે બાએ જાણ્યું કે પ્રિયમે ઓપરેશન કરાવી નાખ્યું ત્યારે તે ખુબ જ ગુસ્સે થયા..પ્રિયમ બે જ વાક્ય બોલ્યો.."બા દીકરાની આશમાં મારે ધારાને ખોવી નથી. એ મરતી મરતી બચી છે."

સાત વર્ષમાં પહેલી વખત ધારાને થયું કે પ્રિયમ તેને આટલો બધો ચાહે છે. તે રાત અને તે પછીની રાતોની ઉદાસી દુર થઇ ગયાની કલ્પનાથી મલકતી ધારાને જોઇ બાએ નિઃસાસો નાખ્યો..મુઈ હું જ અભાગણી! એમનો વંશ ગયો..

# પરિવર્તન



વકીલાતની પ્રેક્ટીસમાં ભરુચમાં સિતાંશુ વસાવડાનું ઉજળુ નામ. એ જો કેસ હાથમાં લેતો સામેના વકીલની હાર નિશ્ચિંત થઈ જાય. કાયદાની આંટી ઘુંટી જાણે એટલી સહજ બનાવીને રજુઆત કરે કે જજને લાંબુ વિચારવાનું રહે જ નહીં. તીક્ષ્ણ બુધ્ધી અને દલીલોથી સામેના વકીલોની દલીલો અને મુદ્દાઓ તોડતા ક્ષણનો પણ વિલંબ ન લાગે.

આસુતોષ એકનો એક દિકરો પણ તેને તો વકીલ થઈ બાપની પ્રેક્ટીસ સાચવવી નહોંતી. તે તેના મોસાળ ઉપર પડ્યો હતો તેથી ફાઈન આર્ટ્સમાં ભણી પ્રાચિન તૈલચિત્રો ઉપર પી. એચ.ડી. કરી. તે માનતો કે વકીલાત એટલે અસીલનાં હીતમાં કાયદાનું અર્થ ઘટન અને તે કરવા લેવાતા બુધ્ધીનાં ઉપયોગને તે હીણપત સમજતો. તેથી ત કલાકાર થયો. માધુરી સાથે તેના લગ્ન થયાં અને તેમના લગ્નજીવનમાં સુકેતુ જન્મ્યો. સિતાંશુભાઈઅને દિવ્યા ત્રીજી પેઢી જોઇ ઘણા રાજી થયા.તેમનું મન હવે નિવૃતિ લેવા તરફ વળતું હતું પણ બુધ્ધી તેમને રોકતી હતી તેના બે કારણો હતા એકતો ધીખતી પ્રેક્ટીસ અને આશુતોષની આછી પાતળી કમાણી. આખી દુનિયામાં જેમની દલીલોનો ડંકો વાગતો તેમના ઘરેજ તેઓ દલીલબાજીમાં કદી જીત્યા નહોંતા. આસુતોષ તો સ્પષ્ટ ભાષામાં કહેતો જ્યારે કાયદાને અસીલનાં હેતુ પ્રમાણે તોડવામાં આવે...તેની અવળી રજુઆત કરવામાં આવે તે નર્યુ જુઠાણું જ હોય્... સિંતાશુભાઇ કહેતા કે પૈસાની કિંમત સમજીશ ત્યારે કહેજે હું કરું છું તે મારી બુધ્ધી કૌશલ્ય છે કે જુઠાણું...

પ્રકૃતિ પ્રેમી આસુતોષ રંગોળી અફલાતુન બનાવતો અને જ્યારે ટીવી ઉપર તેની પ્રથમ આવેલી રંગોળીએ તેની યશ ગાથા લહેરાવી અને તે પગલે મળેલી ફીલ્મજગતની કલાનિર્દેશક્ની જાહેરાતે તેને રાતો રાત લાખો રુપિયાનો ધણી બનાવી દીધો. બાપના નામે નહી આપબળે તે આગળ વધતો હતો...આ પ્રગતિ લાંબી એટલા માટે ચાલી નહીં કે સ્ટુડીયો પરથી ઘરે આવતા રસ્તામાં કોમી રમખાણોનો તે ભોગ બની ગયો.

નાનો સુકેતુ સમજણો થયો ત્યાર પછી દાદાને પુછતો દાદા આ કોમી રમખાણો એટલે શું? એ શા માટે થાય છે? કોણ કરાવે છે અને શા માટે કરાવે છે? પપ્પાને શું કામ મારી નાખ્યા? આ દાજી કાકા મને જુએ છે અને કેમ રડે છે? આટલો બાહોશ વકીલ પણ આપ્રશ્નોને સહજ રીતે પૌત્રને સમજાવવામાં

તકલીફ અનુભવતા. માધવી કહે કોમી રમખાણો એટલે ધર્મ ઝનુન. દાજીકાકા અને તારા પપ્પા સારા મિત્રો તેથી તને જુએ અને તેમને તારા પપ્પા યાદ આવે તેથી તે રડે.

આસુતોષ કહેતો કેસ ન્યાયની મદદ કરવા લઢાવો જોઇએ નહીંકે અસીલને જીતાડવા. આ વાત સિતાંશુભાઇને આસુતોષનાં મૃત્યુ પછી સતત સંભળાયા કરે. સફળતા અને લક્ષ્મીની રેલમ છેલે બે વાતો તેમને સમજાવી હતી કે શામ દામ દંડ કે ભેદની જે પણ રીત અપનાવવી પડે તે અપનાવીને પણ સફળ થાવ લક્ષ્મી હોય ત્યાં અર્ધી સફળતા આવે જ અને પછીની અર્ધી સફળતા સામે વાળાની નબળાઈને શોધી દેવાથી આવે.આ સફળતાનો નશો ઘણી વાર અંદરનો અવાજ સાંભળવા દેતો નથી. આ અવાજ જેમ સમય જાય તેમ ઘેરો થતો જાય છે..અને ક્યારેક જ્યારે વળતા પાણી શરુ થાય ત્યારે તે અવાજ આંતરમન નબળૂ પાડી દઈ બુધ્ધી જન્ય ચમત્કારો ઘટાડે છે.

સિતાંશુભાઇને આસુતોષ નાં અવાજમાં આતરમન સંભળાવા લાગ્યુ હતુ...ખાસ તો રાજકરણી દાસ પટેલનો ફોન આવ્યો કે નજરુનો કેસ તમે ના લેશો..તે નબળો કેસ છે. ત્યારે આંતરમનમાં દાસ પટેલનું રાજકરણ સમજાયુ. નજરું એટલે દાજી હનીફની બહેન..આ દાજીનાં માણસોએ આસુતોષને મરાવ્યો હતો તેનું કારણ દાસ પટેલનાં કહેવાથી દાજીનાં બાપાને ગેંગવોરમાં ફસાવીને ફાંસીએ ચઢાવ્યો હતો. આસુતોષ છેલ્લી વખતે કહ્યું હતું કે દાજી તો હથીયાર છે ઘા તો દાસ પટેલનો છે તે ત્યારે સમજાયુ નહોંતુ પણ હવે બધુ સ્પષ્ટ હતુ...વેરની આગ આગળ વધારવવી હોય તો દાસ પટેલને માનજો નહીંતર નજરુનો કેસ લઢી તેને સાસરીયાઓના ત્રાસમાંથી બચાવજો...આંતરમન આસુતોષ નીજ ભાષા બોલતું હતું.

દાસ પટેલનાં વિસ્મય સાથે સિતાંશુ વસાવડાએ નજરૂંનો કેસ લીધો.ચીવટતાપૂર્વક લઢ્યા અને નજરૂંને સાસરીયાનાં ત્રાસમાંથી છોંડાવી ત્યારે હનીફ સિતંશુભાઇનાં પગ પકડીને ખુબ જ રડ્યો.તેને છાનો રાખતા સિતંશુભાઇ બોલ્યા."કર્મનું ગણીત મને કદી સમજાયું નહોંતુ. પણ તેં જે કર્યું તે વસ્તુ આગળ ચલાવવાનો કોઇ જ ફાયદો નહોંતો અને ક્ષણીક આવેગો ભવ ભવાંતરોનાં વેર બાંધે તે કરતા આસુતોષ કહે છે તે કેટલાંક કામો આત્માની શુધ્ધી માટે પણ કરવા જોઇએ. કોમી રમખાણો મહદ અંશે વેરનો બદલો વાળવા કે પાર્ટીનાં તોફાની તત્વોને ડામવા કે લોક્ધ્યાન બીજે વાળવા થતા હોય છે. પણ તેનો ભોગ બનતા માણસોને ઘેર જઈને જોશો તો ખરી સજા તો નિર્દોષ અને રહી ગયેલા કુટુંબીજનો ભોગવે છે.

આસુતોષ ને ગુમાવીને હું આ સત્ય સમજ્યો..હવે સુકેતુનાં પ્રશ્નોને હું સચ્ચાઈથી સમજાવી શકીશ કે વેરની જ્વાળા પ્રેમથી શમે.તુ પણ આસુતોષ ને મરાવીને ખુશ તો નહોંતો જ અને તેથી તો સુકેતુને જોઇ તને આંસુ આવતા. માધ્વી સુકેતુ અને દિવ્યા મારા પૂણ્યની ટોકરી છે. નજરૂંનો કેસ એ મારી ભુલનું પ્રાયશ્ચિત છે".

આસુતોષ નો આત્મા પ્રસન્ન ચિત્તે સિતાંશુભાઇનાં પરિવર્તનને જોઇ રહ્યો હતો...સિતાંશુભાઇ સ્પષ્ટ રીતે સાંભળી રહ્યા હતા તે અવાજ ને..જે ત્યાગે તે પામે અને જે પકડે તે પકડાઈ જાય ભવાટવીનાં જંગલમાં..

# મનનું સમાધાન



કોઇકે સાચુજ કહ્યું છે કે જીવન જીવવું તો "આજ"માં રહીને પણ મહત્તમ લોકો યુવાની "આવતીકાલમાં" અને વૃધ્ધો"ગઇકાલમાં" જીવે છે. ગુણવંતરાયને આ પ્રશ્ન કાયમ થતો કે આમ કેમ? અને ખાસ તો જ્યારે પૌલોમી અને શાંતામાસીની વાતો આવે ત્યારે તો ખાસ! પૌલોમી એટલે અમારા પાડોશીની પ્રસુતા દીકરી અને શાંતામાસી એટલે તેની નાની. પૌલોમી ૨૮ની શાંતામાસી ૮૦ના અને હું ૫૨નો.

ગુણવંતરાયને બંનેની વાતો સાંભળવા મળે..પૌલોમી આવીને કહે ગુણૂકાકા આ નાનીને સમજાવોને અને શાંતામાસી આવીને તેજ વાત ગુણુબેટા પૌલોમીને સમજાવોને કહી ગુણવંતરાયને અંપાયર બનાવે. ટુંકમાં બેમાંથી એક જગ્યાએ કડવો બનવાનો વારો તેમને ભાગે આવે જે તેમણે ના બનવું હોય એટલે ટ્રાન્ઝેક્શન એનાલીસીસનિ પધ્ધતિઓનું અમલીકરણ ચાલુ. નાની પાસે પૌલોમી શું વિચારતી હશે તે કહેવાનું અને પૌલોમી પાસે દાદીના વિચારો રજુ કરવા.

ગઇ કાલની જ વાત..પૌલોમી આવીને કહે "ગુણુકાકા આ નાની હજી મને ચાર વર્ષની પૌલોમીજ ગણે છે. આવુ તો કેમ ચાલે?"

"પણ થયું શું એતો કહે."

"મૌલીક સાથે બાઈક પર પાછી આવીતો કહે રામાં આવવુ જોઇએને? પડી જઇશતો..હવે નાની ને કેમ સમજાવવું કે બાઈક ઉપર મૌલીક સાથે ની મોજ એટલે કેટલો સુખદ અનુભવ્"

" જિંદગી એક સફર હૈ સુહાના ગીતમાં રાજેશખન્ન અને હેમા માલીની જુહુ બીચ ઉપર ફરતા અને ગાતા હતા તેમજને.."

" ના તેવું તો નહીં પણ આજુ બાજુ સન્નાટો અને મૌલીકને ચીપકીને બેસવું મને ગમે છે રીક્ષામાંતો રીક્ષા વાળો આગળ જોવાને બદલે પાછળ જોયા કરે."

" નાનીને "અંદાજ" ફીલ્મનો રાજેશખન્નાનો અકસ્માત દેખાતો હશે તેથી ના કહેતા હશે"

“ગુણુકાકા તમે પણ…નાનીનું કદી નીચે ના પડવા દો.”

” ના એવું તો નથી પણ નાનીની રીતે પણ વિચારવુ પડેને જ્યારે તુ ભારે પગે છે..બનવા કાળ એવું કંઇક થાય તો બે જીવને જોખમને..”

“નાની સાચી છે પણ મન મર્કટ મૌલીક સાથેની મસ્તીભરી જિંદગી કદી ન ખુટે તેવું સદાય ઝંખે છે તેથીતો..”

“ઉગતા સુરજનો બાર કલાકે અસ્ત હોય તેમજ મુગ્ધતા અને યૌવનૌન્માદનો પણ આ સમયે સંયમીત વિરામ જરૂરી છે બેટા..”

“ગુણુકાકા તમરી સાથે વાત કરું છું ત્યારે નાનીની વાત સાચી લાગે છે પણ ઘણી વખત વાતનું વતેસર કરી નાખે ત્યારે ખુબ જ ગુસ્સો આવે અને ખાસ તો મૌલીકની હાજરીમાં મને ખખડાવે ત્યારે તો માથા વાઢ જેવી લાગે..પણ નાની છે તેને કેમ સમજાવાય.”

” તો એમ કહેને કે નાનીની વાત તુ મનવા તૈયાર છે પણ મૌલીકની હાજરીમાં તારું સ્વાભિમાન ઘવાય છે.”

“ગુણૂકાકા, નાની મને હજી પાંચ વર્ષની ‘કીકી’ સમજે છે તેમને કેમ સમજાવું કે હવે તો મારે ત્યાં પણ કીકી અવવાની તૈયારી થાય છે”

“તે તો તુ નાની થયા પછી સમજીશ કે આ પણ એક વહાલનો પ્રકાર છે. તેમની ચિંતા છે આ વહાલની એક આડ અસર છે તે કદી મોટા થતા સંતાનને મોટા થયેલા જોવા નથી દેતું. તેઓ કહેવા માટે તર્ત જ કહેશે **प्राप्तेषु षोडसे वर्षे पुत्र मित्र वदाचरेत** પણ તે સ્વિકારતા તેમને વરસોનાં વરસ લાગે છે”

“વાત તો સાચી છે. હજી તો જે બાળ જન્મ્યુ નથી તેની ચિંતા કરે છે અને કહે છે જેમણે સંતાનો જણ્યા હોય અને ઉછેર્યા હોય તેમનેજ ખબર પડે કે સુવાવડને સારા સમાચાર કેવી રીતે કહેવાય.”

“ચાલ બેટા ભુલી જા.નાની તો માની પણ મા છે.તમને ઉછેરતા ઉછેરતા તેમણે પણ કેટલુંય વેઠ્યું હશે.તેથી તેમની આવી જીદો સમતાભાવે સહી લેવાની.”

“પણ મૌલીકની હાજરીમાં..મને કહે તો કેવું લાગે?”

” એવું નહીં વિચારવાનું.મૌલીકને પણ તેની દાદી કહેતીજ હશેને?”

“નારે તે મૌલીકને નહીં પણ મને જ કહે છે”

“એનો મતલબ એવો થયોને કે બંને દાદીઓ તમારી સુખાકારી ઇચ્છે છે?”

” પણ કહેવાનો સમય અને પધ્ધતિ હોયને?” પૌલોમી માથુ ઝંઝોટીને બોલી.

" વહાલથી કહે અને તુ ન માને ત્યારે ભાષામાં કડપ આવે."

"ગુણુકાકા તમે પણ.."

"તુ સમજ્_ નાની તારી સાથે દરેક શ્થળે તો ના આવી શકે? અને બનવા કાળ કંઇ ન બનવાનું બની જાયતો તેમનુ હૈયું કકલે..તે વખતે રડવા કરતા અત્યારે થોડુંક કડક બની તે વસ્તુ થવા જ ન દેવામાં તેમને ડહાપણ લાગે."

"હા એ વાત સાચી પણ.."

" બસ તો માની લેને કે એ વાત સાચી" પાછળથી નાની ટહુકી.

"નાની!"

"ગુણૂ બેટાની અને તારી વાતો મેં રજે રજ સાંભળી.. હા બેટા હું મૌલીકની હાજરીમાં કંઇ નહીં કહું પણ બેટા તુ પણ એ સમજ કે એવું કંઇ નાની નથી સમજતી એમ કેમ માને છે.. અને અમે પણ મા બનતા પહેલા તમારી ઉંમરમાં નહોંતા એમ કેમ તમે માનો છો? અમારી પણ દાદી અને નાની હતી એમની ચીતાઓ જ્યારે અમે સમજ્યા ત્યારે તો તમે લોકો હસતા અને શ્વસ્તા મોટા થયાને?"

નાની અને પૌલોમીનાં મનના સમાધાનને ગુણવંતભાઈ માણી રહ્યાં.

# ટેસ્ટ નું પરિણામ




http://farm1.static.flickr.com/14/91396078_8c5752c658_o.jpg

ડોક્ટરે જ્યારે એચ આઇ વી ટેસ્ટ કરવાનું કહ્યું ત્યારે દર્શનનાં પગ નીચેથી ધરતી ખસી ગઈ. ડોક્ટરનાં મતે આ ફોડલી નું કારણ જાણવું જરૂરી છે. તેણે દર્શનાને ફોન કરીને કહ્યું ”ડોક્ટર એચ આઇ વી  રોગની તપાસ કરવા કહે છે. અને આ બધા રોગ મને થવાનું તો કોઇ જ કારણ નથી.”

દર્શના પણ વિચારમાં તો પડી જ ગઈ.

ટેસ્ટ માટે પેથોલોજીસ્ટને ત્યાં જઈને લોહી આપ્યું ત્યારે ટેકનિશિયનને પણ નવાઇ લાગી દર્શનભાઇ..તમને..આ રોગ હોય તેવું માનતો નથી.  ખૈર, હજાર રુપિયા થશે. કાલે સાંજે પરિણામ આપીશ.

દર્શનાનો ફોન ફરીથી રણક્યો. “દર્શન ગૂગલ ઉપર એચ આઇ વી નાં કારણો જોયાં તો તે તો બહાર ભટકતાં લોકોનો રોગ છે. તું ક્યાંય બીજે જાય છે?”

“ચલ રે! ગાંડી થઈ છે? તું પણ…બહાર જવા જેવા કોઇ કારણો તે કદી આપ્યા જ નથી.”

” તો ડોક્ટર કંઇ  અમસ્તો જ ટેસ્ટ કરાવે?”

અજંપાભર્યા અવિશ્વાસમાં પતિ પત્નીએ રાત કાઢી.

ડોક્ટરની ઓફીસે સાંજે છ વાગ્યે રીપોર્ટ લેવા ગયા ત્યારે બહાર વેઈટીંગ રુમમાં હતાં ત્યારે પેથોલોજીસ્ટ અને ડોક્ટરની વાતમાં થોડાક શબ્દો દર્શના અને દર્શને સાંભળ્યા.“તમે કહેતા હતા તેમ તમારી એચ આઇ વી ની કીટ એક્સપાયર્ થતી હતી બચાવી તેનું કમીશન ૩૦૦ તો જોઇએ જ ને…”

દર્શનાની આંખમાં શરમ અને દર્શનની આંખમાં હાશ દેખાઇ…ટેસ્ટ નું પરિણામ જાણવાની હવે કોઇ જરૂર જ નહોંતી.

# ભાભો ભારમાં તો વહુ લાજમાં



અર્ચના જયારે પરણી ને સાસરે આવી ત્યારે તેના વિચારો અને આદર્શો ખુબજ ઉંચા હતા. તે માનતી કે અવિનાશના માતા પિતા એ મારા માતાપિતાજ છે. એમની સંવા કરી એમની આંતરડી ઠારવી છે. એનાથી બાળકોને સંસ્કાર પણ પડે છે. તેથી જ નવી નવી જયારે ઘરમાં આવી ત્યારે બા તમે રહેવા દો. હું કરી નાખીશ. બાપુજી ઉઠો, ચા થઈ ગઈ. બા તમે મંદિર અને ધર્મ સંભાળો. ઘરમાં હવે હું બેઠી છું ને. બાપુજી બજારનું કામ હું કરી નાંખીશ તમે નિરાંતે નિવૃત્તિ માણો. જેવી કેટલીય મધમીઠી વાતો એની જીભ ઉપરથી નીતરતી રહેતી.
અવિનાશ કયારેક કહેતો પણ ખરો – આ શું એમનાથી થાય તેટલું કામ કરવા દે –થોડુંક શરીર ચેતનવંતુ રહે તો તબિયત સારી રહે પણ અર્ચના કહેતી – "મા બાપને આપણે છોકરા – વહું હોઈએ એથી તો રાહત હોવી જોઈએ, ભાર રુપ નહીં."

અવિનાશ કહેતો – "તારી વાત ખરી છે પણ પછી આ આદત બનશે તો તને જ ભારે પડશે – એટલુ ધ્યાન રાખજે".

અર્ચના નો પ્રત્યુત્તર સાંભળવા જેવો હતો. "એમ તો કઈ થાય અને થાય તો પ્રેમથી સમજાવીશું. એટલે વાંધો નહી આવે !"

અવિનાશ મન માં ખુશ થતો પણ છતાં પોતાની ફરજ બંને પક્ષે છે. તે સમજાવવા બોલ્યો. "જો અર્ચના કોઈ પણ વસ્તુ નો અતિરેક સારો નહીં. વહેવારુ બનીને રહીશ તો ઘરમાં અને આપણાં દાંપત્યમાં બંનેમાં શાંતિ રહેશે."

સમય વહેતો ચાલ્યો. બધુ તૈયાર ભાણે મળતું ચાલ્યું. પણ બધા દિવસો કંઈ સરખા થોડા જાય... માતૃત્વ ધારણ કર્યા પછી અર્ચના ધીમે ધીમે સાસુ સસરા તથા અવિનાશ તરફ હાથમાં આપતી ચીજો ઘટાડતી ગઈ. ખરુ પુછો તો એ પહોંચીજ વળતી ન હોતીં. કારણ કે નાની સરલી પણ. કયારેક દૂધ – કયારેક સ્નાન. કયારેક ગંદા કપડા કયારેક ભુખ જેવા કારણોમાં તેનો સમય માંગતી અને માણસનું શરીર કંઇ મશીન તો નથી જ... તેથી પેલી પડેલી આદતોમાં વિઘ્નો આવતા ગયા.

એક દિવસ અર્ચનાએ બાને કહ્યું પણ ખરુ – "બા આ સરલી ને તમે સાચવો. મારાથી થોડુંક ઘરનું કામ થાય પણ સવારના પહોરમાં નાહ્યા પછી દેવપુજા કર્યા વિના સરલી ને અડાય.. નાહી ન હોય.

ઝાડો પેશાબ કરે... ફરીથી નહાવું ન પડે... સવારે તાપમાં તપતા બાપુજી ને એક વખત શાકભાજી લાવી આપવા નું કહ્યું. તો એક નાનકડો પ્રત્યાઘાત. "અર્ચના મને નહી ફાવે નો મળ્યો."

અવિનાશ તેનાં બીઝનેશ અને ટુરમાંથી નવરો થાય નહીં. અને જયારે તે હોય ત્યારે તો તેને કંઇ તકલીફ જ નહીં. પરંતુ બીજી પ્રસૃત્તિ વખતે અર્ચના બહુ જ ભાગી પડી. એ જે લાગણીઓ ધરાવતી હતી તેવી જ લાગણીઓ તેને પરત મળશે તેવી એની અપેક્ષામાં તે વખતે ખોટી પડી. હોસ્પીટલ માં ટીફીન લાવતી વખતે બા એ સરલી બહું વિતાડે છે ની વાતો કરી. સુંઠ ઘી બદામના ભાવોમાં વધારાની વાત બાપુજી એ હસતા હસતા કહી ત્યારે અવિનાશે કહ્યું – "હશે ગમે તેટલો વધારો થાય પણ લાવ્યા વિના ચાલવાનું નથી" – અર્ચના એ જ ના પાડી દીધી. નાં કંઈ જરુર નથી. પહેલી પ્રસૃત્તિ વખતે માને ઘેર જે લાગણી અને હુંફથી એનાં શરીરની માવજત થતી હતી તેનો દસમો ભાગ પણ એને અવિનાશના કુટુંબમાં થતો ન દેખાયો

અવિનાશ ને ત્યાર પછી અર્ચનાની બદલાતી વર્તણુંકો વિશે એનાં બા બાપુજી એ જયારે વાત કરી ત્યારે એ સ્તબ્ધ બની ગયો. અર્ચના અમને કામ કરવાનું કહે છે. ના કરીયે તો ના ચાલે અમને તો એની બીક લાગે છે. તે દિવસે જયારે આ બાબત ચર્ચાતી હતી ત્યારે અર્ચના છંછેડાઈ ને બોલી "બાપુજી – હું તો સારી હતી – પણ મારી સારપને યોગ્ય થવા જેટલી સારપ તમે ન દાખવી – મેં વિનયથી અને પ્રેમથી તમને સમજાવ્યા પણ ખરા – પરંતુ મને નહી ફાવે – કહીને તમે ભારમાં ના રહ્યા. હવે – આવી પરિસ્થિતિ માં જયારે મારી તબિયત સારી નથી. મારા સંતાનો પણ મને એમનું ધ્યાન રાખુ તેમ ઈચ્છાતા હોય. ત્યારે મારી પાસેથી પહેલા જે હું કરતી હતી તે કર્યા કરુ તેમ ઇચ્છો તે કેવી રીતે શક્ય બને ?"

અવિનાશ મનમાં વિચારતો હતો. જે અતિરેક પણું અર્ચનાએ કર્યું. તેજ અતિરેક પણું બા બાપુજી એ કર્યું છે. હવે બંને વહેવારીક બને તે શું જરુરી નથી ?

અવિનાશ નું મૌન સમજતા હોય તેમ બા બોલ્યા – તારી વાત સાચી છે. અર્ચના... ભાભો ભારમાં તો વહુ લાજમાં......

# તરુવર ને લપેટાતી વેલ..



divyabhaskar.co.in

લગ્નની વેદી ઉપર પગ મુકવા જતી ભાર્ગવી અચાનક ભૂંડે મોએ પાછી પડી. ભાર્ગવે એની લાગણીની કુણી કુણી વાચા વ્યવહારને – લજ્જાહીન અને બીન વહેવારીકનાં નામે કચડી નાખી. ભાર્ગવી નો પહેલો પ્રેમ અકાળે મુરઝી ગયો. વાત મૂળે એમ હતી કે, લાગણીના ગાંડા આવેગોમાં ભાર્ગવ પણ સંકોચાય તે હદે તે વહેતી હતી. અને આ ઉન્માદક વહેણ ને લજ્જાહીન ના ઓછા હેઠળ ભાર્ગવે ઠુકરાવી દીધી.

નાનકડું જગતપર ગામ – ઉજળી છોકરી – ભણવા સુરત મોકલી – અને ભૂંડે હાલે પાછી ફરી. ભાર્ગવ – એનાં માતા પિતા એ શોધેલ રાધા સાથે પરણી સ્થિર થઇ ગયો. વગોવાઇ ગયેલ ભાર્ગવીમાં કોઈ પણ ઉણપ નહોતીં છતા કયાંય ન મંડાઇ અને એનું ન મંડાવું એ એનાં કુટુંબને કલંક રુપ બનતું ગયું હતું. મનમાં ને મનમાં કોચવાતી ભાર્ગવી ધીમેધીમે વિકૃત મગજની છોકરી તરીકે પંકાવા માંડી. ઘરમાં ભાઈ – ભાભી બહેન-બનેવી, મા-બાપ દરેક સાથે લઢી ઝઘડી અલ્લડ વલણ અપનાવવા માંડી એના તરફ લાગણી રાખનાર ને તેનાં ઉપર દયા આવે અને એને ગાંડી ગણનાર ને ધિક્કાર છૂટે તેવું વિચિત્ર વલણ હતુ એનું.

એનો વાંક ફક્ત એટલોજ કે એ લાગણીશીલ હતી. સમાજને વિચિત્ર લાગે તેવા કિસ્સાઓની તે સર્જક બનવા લાગી હતી ભાઈઓ પાસે મિલ્કતનો ભાગ માંગતી એકલી શહેરમાં ફ્લેટ રાખીને રહેતી અને ઘણા પરિણિત જોડાઓ. એને ગમતા દરેક પુરુષ માં તે ભાર્ગવને જોતી હતી તે જ તો એનો અક્ષમ્ય ગુનો હતો.

હર્ષ ગમ્યો. અને એનુ લગ્નજીવન ભાંગ્યું. શિશિરની અદાઓ ગમી એની પત્નીના ભૂંડા હાથે માર ખાઈને પાછી આવી ફાલ્ગુન ને તે આંગળીના ટેરવે નચાવતી. ક્ષીતીજ એનાં રુપનો દિવાનો હતો તે આ વાત જાણતી હતી – ખૈર... કયારેક તેના એકાંતોમાં તે પોતાની જાત જોડે લઢતી હતી.

એને દરેક પુરુષમાં તેને ભાર્ગવજ દેખાતો હતો. ભાર્ગવને એના માટે કશુ ય હતું કે નહી એની ચકાસણી કરવા જેટલુ સાબુત હૈયું તે વખતે નહોતું એ તો પહેલો પ્રેમ હતો.... ચૌદ વર્ષના આ

ગાળામાં એની સાથેની ક્રિના, રોમા અને આભા બે છોકરાની મા બની દાંપત્ય જીવન માં સ્થિર બની ગયા હતા. પણ એ, ભાઈને માથે શ્રાપ અને કુટુંબને માથે કલંક બનીને જીવતી હતી. એને પોતાને ઘણી વખત લાગતું હતું કે કેવી જીંદગી એ જીવે છે. કેટલાના નિશાસા એ લે છે. દરેક વખતે પારકાનું સિંદુર લેવાનું એક દિવસતો એકલી બેઠી બેઠી વિચાર કરતાં કયાંય ચઢી ગઈ કે આત્મ હત્યા કરવા સુધી જઈ બેઠી.

હિંમત કરવા ગઈ ત્યાં ફરી એને ભાર્ગવે દેખાયો... લાગણીવશ બનીને પાછી પડી ગઈ. કયારેક તો ભાર્ગવ ને મારી જરુર પડવાની છે જ... શરીરની ભુખ શોધતા સંતોષવા પત્નીથી કંટાળેલા ઉશકેરાયેલા લોકો તેને શોધતા અને એ રાહ જોતી કે કયારેક તો ભાર્ગવના દાંપત્યજીવનમાં તિરાડ પડશે. અને મારી જગ્યા થશે.

અને આમને આમ જિંદગીના... કઠીન ચૌદ વર્ષ વિતાવ્યા પછી. એને એની તપશ્ચર્યા નું ફળ મળ્યું ત્રણ બાળકો ના પિતા ભાર્ગવ. વિધુર થયો... બહુ આશા ઓ લઈને ભાર્ગવ પાસે તે પહોંચી.

ભાર્ગવે તેને કહ્યું – મારા બાળકોને માતાની જરુર છે તુ બની શકીશ ? ભાર્ગવી તો આનંદના અતિરેકમાં બોલી ના શકી પણ ડૂમો બાઝી ગયેલા સ્વરે હા પાડી. ભાર્ગવ પુછતો હતો. આટલા વર્ષ તેં શું કર્યું... લગ્ન કેમ ન કર્યું... હર્ષ.. શિશિર.. ક્ષિતિજ... અને એવા કેટલાય તારા ભૂતકાળનો હિસાબ આપ... અને હવે પછી ભવિષ્યમાં ફક્ત હું અને મારા સંતાનો – મંજુર છે તને ?

લાગણીથી છંછેડાયેલી ભાર્ગવીને બોલવું હતું – એ બધા માં મેં તો તને જ જોયો હતો, પણ એ લોકોની જેમ તું પણ સાવ સ્વાર્થી અને માટી પગો છે. ભાર્ગવ, તને મેં મારો આરાધ્ય દેવ માન્યો, પણ આજે મને મારી ભુલ સમજાય છે. તું તો સીધો સાદો માટી પગો માનવ છે. પાણીમાં પડતાંની સાથે પીગળી જતું રમકડું. પણ એનાથી કંઈ ન બોલાયું.

એને spare wheel તરીકે હવે રહેવું નહોતું તેથી એનાં મૌન ને સંમતિ માની કોર્ટમાં લગ્ન કરાવવા નીકળી પડ્યા. ચૌદ વર્ષ પહેલા ભાર્ગવની સાથે નીકળેલી ભાર્ગવી ની જેમ સંકોચ અને લજ્જા થી તે ભાર્ગવ ના આશરામાં તરુવર ને લપેટાતી વેલની જેમ ગોઠવાઈ ગઈ.

# શુળીનો ઘા



ocw.mit.edu

નિકુંજ ગુસ્સાથી તરફડી ગયો. એના સગાનું કામ કોઈક કારણસર એમની ભાગીદારી પેઢી દ્વારા થયું હતું. તેનું પેમેન્ટ કરવાનો સમય આવી ગયો હતો. પરંતુ તે પેમેન્ટ એક યા બીજા કારણોસર હર્ષદ અને અવિનાશ વિલંબીત કરી રહ્યા હતા. એણે બે ત્રણ વખત બંને ને વાત કરી પણ પૈસાની ગોઠવણ થતી અને બીજે અપાઈ જતા – સગાનું પેમેન્ટ રવડી જતું. નિકુંજના સગા પણ આ પરિસ્થિતિ પામી ગયાં હતાં. તેથી જ તો ફોન ઉપર કહ્યું – "નિકુંજ મને એવુ લાગે છે કે તમારુ કંઈ ઉપજતુ નથી. અને મેં તો તમને જોઈને કામ આપેલું – તમારા પાર્ટનર ને – કે તમારી તકલીફોનો મને ભોગ બનાવો તે વહેવારીક ન કહેવાય. ન થાય તેમ હોય તો ના કહીદો જેથી હું મારો રસ્તો જાતે કાઢું."

નિકુંજ સમસમીને અટકી ગયો. એ વિચારતો હતો. અવિનાશનું મૌન, વિલંબીત ન્યાય અને હર્ષદની ધાર્યું કરવાની કુટેવનો ભોગ હું બનું છું. અમારી પેઢી ફક્ત પૈસા પેદા કરવાનું સાધન બનીને રહેતો કેમ ચાલે.. ગુસ્સામાં ધુઆ પુંઆ થતાં નિકુંજ કાગળ લખવો શરુ કર્યો.

ભાઈશ્રી હર્ષદ – અવિનાશ.

આપણી ફર્મમાં જણાતી અસંદિગ્ધ વિગતો તમને કહેવાની આ પત્ર દ્વારા તક લઉ છું. આપણી ફર્મ ફક્ત પૈસા બનાવવાનું એક માત્ર મશીન બની ગઈ છે. નૈતિકતા – ચારિત્ર કે સ્વમાન જેવું કશું રહ્યું જ નથી. આપણે વાયદા કર્યા પ્રમાણે આપણાં ઘરાકોને પેમેન્ટ આપતા નથી. કારણ ગમે તે હોય, તે કારણ દુર કરવાને બદલે એ કારણ ધરીને ઘરાક ને આપણે ટાળીયે છીએ. વાયદા કરીયે છીયે તે ઘટના ખુબજ સખત રીતે હું વખોડું છું અને એનો વિરોધ કરું છું.

આપણાં આડતીયાઓ દ્વારા આપણું કાર્ય આગળ ચાલે છે. પરંતુ તેમનો પણ હક્ક ડુબાડવા પ્રયત્ન થઈ રહ્યો છે એમને જો ડુબાડીશું તો આપણું ભવિષ્ય ડુબવાથી કેટલુ દુર રહેશે તે મને સમજાતુ નથી. મારા સ્નેહી ભાઈશ્રી નું payment due થયે ત્રણ મહીના થયા. તે દરમ્યાન પેમેન્ટ આવ્યું અને બીજાને અપાયું – એમ કેમ ચાલે ? સગા છે એટલે એમને દંડવાના અને જે મોટુ કામ લાવે (કયારેક) તેને ચાલુ રાખવા સમય કરતા વહેલું પેમેન્ટ આપવું આ નરાતળ અંધેર જ છે. Priority list હોવુ ખુબ જરુરી છે. કે જેથી તેજ પ્રકારે પેમેન્ટ આવે અને જયાં આપણું વેચાણ છે ત્યાંથી

આપણું પેમેન્ટ જલ્દી છૂટે તે પ્રકારના દરેક પ્રયત્નો ને નક્કર અને વધુ પરિણામ લક્ષી બનાવવા જોઈએ.

પરંતુ અવિનાશભાઈ મૌન રહે છે અને હર્ષદભાઈ તમે તમારી રીતે જ ચેક ફાડ્યા કરો અને ઉચિત ન કરો તે ન ચાલે. દરેક જણ પોતાની ફરજો વિશે સભાન હોવા છતા આ આંખ મિંચામણાં ખુબ ગંભીર અને ઘાતક પરિણામો તરફ આપણને દોરી રહ્યા છે. તેવું મને લાગે છે અને તેનાં વિરોધ રુપ આ પત્ર દ્વારા ત્રીસમી પહેલા હિસાબો પતાવી મને પાર્ટનર તરીકે છૂટો કરવા જાણ કરું છું. મારો આ નિર્ણય જુઠાણાઓ અને બિનજવાબદાર વર્તણુંકોના અનુસંધાન માં છે તેથી ત્વરિત અમલ કરશો.

ધન્યવાદ

નિકુંજ.

પત્ર લખીને થોડીક રાહતની લાગણી અનુભવતાં નિકુંજ પગ લાંબા કરી ટેબલ ઉપર મુક્યા – અને રીવોલ્વીંગ ચેર માં ઝુલતાં ઝુલતાં વિચાર્યું. બરોબર લખાયું છે. જે થવાની હોય તે થાય… હવે તો કફન બાંધીને ઝઝુમવાનું શરું થયું છે. તેણે વિચાર્યું કે નિકુંજ ! તું એક સફળ વેપારી હતો. ધ્યાન રાખ જે તારી સફળતા એક ભૂતકાળ બની ગઈ છે. ભૂતકાળની સફળતા ના નશામાં તારુ વર્તમાન તો કયાંક નથી બગાડતો ને ? – નિકુંજના હ્દયે તેને ટકોર કરી. મન અને હ્દય નું દ્વંદ્વ શરુ થઈ જાય અને કયાંક આ નિર્ણયને ઝડપી અમલમાં મુકવામાં વિઘ્ન આવી ના પડે તે હેતુથી તેણે નિરાલીને જમવું નથીની વાત કરી અને ઉભો થયો બે ત્રણ ચક્કર માર્યા પાણી પીધું. અને પેઢી તરફ નીકળી ગયો

હ્રદયની ટકોરથી ક્ષણીક પછડાટ ખાઈ ગયેલું મન પાછું ઉભું થયું અને એની સાથે ઉભો થયો પેલો સફળ વેપારી. હ્રદય ની સામાન્ય ટકોર એ તને સામાન્ય માણસનાં વિચારોનું પ્રતિબિંબ છે. તું સામાન્ય માણસ નથી. તારી નિષ્ફળતાઓને ઢાંકવા હ્દય સામાન્ય માણસની જેમ વર્તમાન ને જોવા કહે છે. તું તો સિંહ બાળ છે. બાકર બચ્ચાના ટોળામાં ભરાઈ ને બેં બેં કેમ કરે છે. ભલા આદમી ! આગળ સફળ હતો અને હવે પણ સફળ જ રહીશ. એટલી સીધી અને સરળ વાત માટે તારા મનમાં કેમ શંકાઓ રહે છે. ઉઠ – ગર્જના કર… નિકુંજ માં રહેલો સફળ વેપારી જુસ્સા ભેર બોલ્યો અને ઉમેર્યું – તે કશુ ખોટુ નથી કર્યું. પત્ર લખ્યો છે. તે યોગ્ય છે.

નિકુંજ સ્તબ્ધ બેઠાં બેઠો તેની અંદરના બે નિકુંજના તણાવા જોતો હતો. સફળ નિકુંજ અને સામાન્ય નિકુંજ-મન અને હ્રદય. મન સફળતાનો નશો કરતું હતું, હ્રદય એ નશા પછીની પછડાટને સામાન્ય નિકુંજના રુપમાં યાદ અપાવતું હતું. નિકુંજ બે લઢતા વકીલ ને સાંભળતા જજની જેમ મૌન રહી આ બંનેની વતો – દલીલો લઢાઈઓ સાંભળતો હતો, જોતો હતો.

વડીલની જેમ સામાન્ય નિકુંજ બોલ્યો. ભુલી ગયો એ નિષ્ફળતાઓની પછડાટો? તારી એક સફળતાની પાછળ કેટલી બધી નિષ્ફળતાઓ હસે છે તે તને કયાં ખબર નથી ? વારંવાર બદલાતા જતા મનમાં અશ્ર્વોને નાથ. – વિચારોના વલયોને રોક. – તારી સફળતા હવે એક ભૂતકાળ છે. એને ભુલી ને વર્તમાનમાં જીવ. સામાન્ય માનવી બનીશ તો આ નિષ્ફળતા ઓના પછડાટને સહી શકીશ.

સફળ નિકુંજ થી આ ટકોર કેવી રીતે સહન થાય ? તે ખીજવાઈને કહે "નિષ્ફળતા એતો ક્ષણિક હાર છે, વિસામો છે. સાંજ પડે અને યુધ્ધોના દિવસોમાં આરામ કરવા ઝંપતા સૈનિકોની એક રાત છે. બીજો દિવસ ઉગે છે. અને ફરીથી શસ્ત્રો સજવા અને કસવા તૈયાર થઈ જાય છે. તેમજ.... આવી ક્ષણિક હારોને વિસામો ગણી તૈયાર થઈની સફળતા ના દિવસોમાં તુંજ તો તારા સહકાર્યકરોને સલાહો આપતો હતો ને કે... અડગ મનમાં મુસાફરને હિમાલય પણ્ નડતો નથી. ત્યા આવી ક્ષણિક હારોને તાબે થઈને ભાંગેલી તલવારને રણમાં નાખીને રણ મેદાન છાંડી જતા સૈનિકની જેમ શું પાણીમાંથી પોરા કાઢે છે. એજ ભાંગેલી તલવારથી શુરવીર રાજકુમારે હારની બાજીને કેવી જીતમાં પલટી હતી. તે ભુલી ગયો – આમ ભડ જેવો થઈને પોચકા કાં કાઢે છે?"

પણ સામાન્ય નિકુંજને આનાથી શૂર ચઢતું ન હોતું. તે ધીરે ગંભીર અવાજે બોલ્યો. "એ બધી ચોપડીઓની વાતો- પોથી માંના રીંગણા જેવી – તેનાથી પરોપદેશે પાંડીત્યમ આવે તેનાંથી વહેવાર ન ચાલે શું.. તુ જ કહે તેં કેટલા ધંધા કર્યા? કેટલી ચઢ ઉતરો જોઈ? પેલી સસલા અને કાચબાની સ્પર્ધામાં ઘમંડી સસલાની જેમ દરેક ધંધામાં – સ્પર્ધામાં રમતમાં તું હાર્યો નથી? જરા આ બધી હારોને યાદ કરીને તો આ સફળતાનાં નશામાંથી નીચે ઉતર. આ સુફીયાણી વાતો છોડ – તું સફળ હતો. તારી સફળતા ભૂતકાળ બની ગઈ છે. તું નવા ક્ષેત્રમાં છું. નવા દરેક ક્ષેત્રમાં શરુઆતમાં મહેનત કરવાની છે. સફળતા કે નિષ્ફળતા હજૂ દૂર છે. તને નિષ્ફળતા તરફ દોરી જતાં દરેક પરિબળોને ખાળતા આવડવું જોઈએ. ત્યારપછી સફળ થવાશે આગલી સફળતાનો નશો તને ઉન્મત મસ્તકે ચાલતાં જરુર શીખવે છે. પરંતુ તે જે તે ક્ષેત્રમાં. નવા ક્ષેત્રમાં તો નીચું જોઈને જ ચાલો ભાઈ – કયાં ખાડો છે. કયાં પથરો છે. જોતા શીખો – ઉન્મત બની ને ચાલશે તો ઠોકરો જ ખાવાની છે. સમજયા? આ શું બાળક બુધ્ધી છે. આમ નથી ફાવતું. પેલો મને આમ બોલે છે. આવા જુઠાણા તો કંઈ ચલાવાય ? જેવા ગાણા ગાયા કરે છે. ધીરો પડ – સામાન્ય બન.... અને શીખાઉ વિદ્યાર્થીની જેમ જાણકાર ને આજ્ઞાકિંત બન"

પેલો સફળ નિંકુજ ધુંધવાઈને બોલ્યો. "જાણકાર અને અનુભવી હોવું તે ઠીક છે – પણ દરેક પાર્ટનર જયારે સરખા હીસ્સામાં પાર્ટનર હોય ત્યારે દરેકનું વજન પણ સરખું હોવું જોઈએને? જેમનું પેમેન્ટ ડ્યું થયું હોય તેમને ન આપવાનુ અને ન હોય તેવા ગ્રાહકને સાચવવા એડવાન્સમાં આપવાનું એ કેમ પરવડે ?"

સામાન્ય નિકુંજ ખૂબ વિચારીને બોલ્યો. "વાત સામાન્ય બુધ્ધિથી જોઈએ તો સાચી છે. પણ જયારે તાવ આવ્યો હોય ત્યારે જ ઓસડીયું પવાયને?. છોકરાને તેની મા એ ક્હુયં બુધ્ધીથી એમ કરવું યોગ્ય ન પણ લાગે પરંતુ મા એ કડવું ઓસડીયું પીવડાવીને છોકરાનું ભલુ જ કરતી હોય છે ને. આ દ્રષ્ટિકોણથી આ ઘટના મુલવીયે તો મને એમ લાગે છે કે એની આ પધ્ધતિ ધંધાની એક અનિવાર્ય દુષિત પધ્ધતિ પણ હોઈ શકે ને ? તારા પાર્ટનર ને આ ધંધામાં તારા કરતાં વધુ સમજ પડે છે તે વાતને તે સ્વિકારીશ ને. એ જે કરતો હશે તે તમારા હિતમાં કરતો હશે તેવો વિશ્ર્વાસ નથી બેઠો તેમજ આ વાત પરથી જણાય છે. અને જો તેમજ હોય તો ખુલાસો કર – પણ આ શું લઈને બેઠો છે. મારુ કહ્યું કરો નહીતર છુટો કરો".

"છટ્ એવા પોચકા કાઢે છે. મારી બાલારાત! – કંઈ એ ધંધા ઉપર છાપ નથી મારી મારો ભાગ લઈને જુદો ધંધો કરીશ. કોઈક નીતિવાળું કામ કરીશ, અને સફળ થઈશ કહે છે ને સિધ્ધી તેને જઈ

વરે જે પરસેવે નહોય.... કે પછી Future belougs to those who dare.... કે કોઈની ખોટી તાબેદારી સહનના થાય......"

"ભલા આદમી Roling stone galhers no moss – વાળી ઉક્તિ ભુલી ગયો ?"હૃદયે ટાઢે કલેજે કહ્યું

"But it gets rounded.... સમજયો" ઉગ્ર મને તરત છણકો કર્યો.

"તારી ઉંમર કેટલી થઈ ભાઈ ?"

"બેતાલીસ.. કેમ ?"

"તારે માથે જવાબદારી કેટલી છે?"

"ઘણી બધી – પણ એનું અત્યારે શું છે?"

"તારી સાથે નોકરી કરતા હતા તે દરેક જણ કયાંના કયાં પહોંચી ગયા છે તે ખબર છે? અને તું કયાં છું? તે કાંઈ સમજાય છે?"

"હશે, એક સમય હતો જયારે હું સાહેબી માં મહાલતો હતો ત્યારે તેજ લોકો કહેતા નસીબદાર છે ભાઇ – કયાં હતો અને કયાં પહોંચી ગયો?

"આજે એજ લોકો એજ કહે છે પણ ભાવ બદલાઈ ગયો છે ખરુને. પહેલા ઈર્ષામિશ્રીત અહોભાવ હતો હવે અનુકંપા પ્રેરીત દયાભાવ......"

સફળ નિકુંજ સમસમી ગયો... કડવું પણ સત્ય હતું. સફળતાનો નશો ઉતારી નાખે તેવું મારણ હતું. નિકુંજ માંના બેને નિકુંજો એક મેકને તારી રહ્યા.... ધીમે ધીમે બંને નિકુંજો ઓગળી જઈને મન અને હૃદય બની ગયા... નાની પ્રકૃત્તિ ના અવાજો... અને પત્ની રીમાની તેને સમજાવટો ધીમે ધીમે સમજાવા માંડી."

"પપ્પા લાંબાં સમય સુધી ઘરમાં ન આવે તો સમજવું કે પપ્પાનો ધંધો જામી ગયો છે. પછી જો અચાનક લાંબો સમય સુધી ઘરમાં રહેતો સમજાવું ધંધામાં કોઈકની સાથે જામી ગઈ છે. નહી મમ્મી? "

રીમા નાનકડી પ્રકૃત્તિની તર્ક સંબધ્ધ વાત સાંભળી સહેમી તો ગઈ – પછી કહે – "પ્રકૃત્તિ – પપ્પા છે ને એમનો ધંધો ઘરે પણ લઈને આવે છે તેથી – બાકી ધંધામાં તો ઉત્તર ચઢતો રહેજ ને?"

ઉદવિગ્ન મન બોલ્યું "મનની વરાળ ન કાઢુ તો ગાંડો ન થઈ જાંઉ?"

તેને ટપારતું ઉદય બોલ્યું – "ગાંડો થવા જેવી હદ સુધી જવાની જરુર નથી – પણ કહે છે ને નમતો તે સૌને ગમતો ને અકડતો તે રખડતો – જે કંઇ કહેવું હોય તે શિષ્ટ ભાષામાં ગુસ્સે થયા વિના શું ન કહેવાય?"

"કહેવાય પણ એ રીતે તો ઘણી વખત કહી ચુક્યો છું – પણ એને તો ઘોળીને પી ગયા છે. મારે મારો અવાજ કાઢવો હોય તો કેવી રીતે કાઢું?"

હૃદય હવે વડીલ હોય્ તેમ બોલ્યું – "આ મુદાની વાત છે. તારા સ્નેહીએ ટકોર કરી કે તમારૂં કશુ ચાલતું નથી લાગતું એ પ્રશ્ન તને કોરે છે. તું અપમાનીત થયો હોય તેમ લાગે છે. અને એને માટે તારે તારુ ચલણ છે તેમ બતાવવા માટે તારુ કેટલું સંભળાય તે માટે મને છૂટો કરો એ રીતેની વાત કરે એ ઘર કુંકીને તમાશો કરવા જેવી વાત નથી?"

"હા છે તો એવુજ……. પણ જોખમ તો લેવુ જ પડે ને?"

"પણ આ રીતનું જોખમ કે – જઈએતો પુરેપુરા અને રહીયે તો કંઈ જ નહી?".

"એટલે?"

"એટલે એમકે પાર્ટનર તો આવા ધંધામાં એને તરત મળી જશે .એટલે જઈએ તો પુરેપુરા – અને ધારો કે એમણે તારા પત્રને ગણકાર્યો નહી – અને કંઇજ ન થાય – એક આવેશમય ઘટના ગણીને અવગણે અને રહેતો કંઈજ નહી વાળી વાત બને ને?"

"હા – એવું બને તો ખરુજ."

"એવું બને જ છે. તેથી કંઈક એવો રસ્તો કાઢકે સાપ મરી જાય અને લાકડી ન ભાગે."

"એ તો શક્ય નથી લાગતું. મે તો જોયુ છે આ જમાનામાં મારે એની તલવાર છે. અને ચમત્કાર વિના નમસ્કાર નથી."

"ચમત્કાર થી ટુંકા ગાળાની સફળતા જરુર મળે છે. પરંતુ અંતે તો નુકશાન જ છે. અનુભવી અને પુખ્ત માણસો બંને વિચારતા હોય છે. લાંબા ગાળાનું અને ટુંકાગાળાનું બંનેનું પરિણામ. આવા સમયે આપણે આપણી જાતને આપણી જાતથી દુર લઈ જઈને જ પુછવું જોઈએ – What is next ? તો જવાબ મળશે Next is worst. એટલે ધીરજથી કામ લે."

" એ લોકો જુઠાણા ચલાવે અને હું યુધિષ્ઠીરની જેમ નરો વા કુંજરો વા કહી ચલાવી લઉ?"

"ના તને જેમાં વાંધો છે તે રજુ કર. પરંતુ નિર્ણય લેવાનું હંમેશા એમના ઉપર છોડ – નિર્ણય તારે શુ કામ લેવા જોઈએ?"

"અગમ બુધ્ધિ છું તેથી. પરંતુ તે કલ્પી લીધેલી રીતે જ તેઓ વર્તશે – અને પછી જે જવાબ આપવાનો છે તે જવાબ એ વર્તે તે પહેલા આપી દઈને તું જાતે જ કાલીદાસની જેમ તારી બેઠેલી

ડાળ નથી કાપતો.... શક્ય છે તે લોકો તારી વાતને યોગ્ય રીતે વિચારે પણ ખરાં... તારા ભૂતકાળની સફળતા તારું જમા પાસુ છે – તેનું સુગર કોટીંગ કરીને પત્ર ફરી લખ – અને તેમાં છુટા થવાનું ન સુચવાય તો ન ચાલે ?"

"એ તો વજન મુકવાજ લખ્યું છે".

"પરંતુ તે ખરેખર સાચુ બની જાયો તો?"

"તો તેની તૈયારી રાખવી જ પડેને?"

"એક કામ કર આ પત્ર ફરીથી લખ અને એમાં કોઈજ પ્રકારના નિર્ણયાત્મક કથનો ને અવગણ." હ્રદયના આદેશને આધિન રહી નિકુંજ ફરી પત્ર લખવા બેઠો.

ભાઈ હર્ષદ તથા અવિનાશ.

આજે મારા સ્નેહીનું ત્રણ મહીને પણ ડ્યું પેમેંન્ટ થયું નહીં. મારા શબ્દોની કોઈ કિંમત જણાતી નથી આપણે પ્રોયોરીટી લીસ્ટ જેવું બનાવીયે અને અંદરો અંદર આવા મન દુખોને અવગણીયે તેવો કોઈ રસ્તો કાઢીયે તો ન ચાલે? તેજ પ્રમાણે આપણી રકમો જયાં ફસાય છે તે કઢાવા તાત્કાલીક ઉપાયો કરીયે તો હું માનું છું આજે મારે નીચા જોણુ ના થતે ખરેખરતો આ આપણી ફર્મનુજ નીચા જોણું છે એમ કહીયે તો પણ ખોટું નહીં.

આપણા આડતીયા દ્વારા કાર્ય ધપી રહ્યું છે. તેમના હક્કો – આપણા થકી ડુબે છે તે પણ્ અયોગ્ય છે. તમે કહેશો – આપણને ન મળેતો આપણે કેવી રીતે આપી શકીયે પરંતુ ત્યાં ફરીથી એજ ચારિત્રની વાત છે આપણે જયાં આપણાં નાણા ડુબાડાય છે. ત્યાંથી કઢાવીને પણ તેમનાં હક્કને ન ડુબાડવા જોઈએ – કારણ સ્પષ્ટ છે. તે દ્વારા આપણને ડુબતા કેટલી વાર લાગશે.

હર્ષદભાઈ આ લાઈન ના જાણકાર છે. તેમનાં જ્ઞાનનો પેઢીને લાભ પણ થાય છે. પરંતુ આવી નાનકડી ક્ષતિ પેલા વહાણમાં મધદરિયે પડતાં છિદ્ર જેવી હોય છે. અને આ વાત એક ને કાને થી બીજા પાંચને કાને પહોંચે તે આપણાં માટે ઠીક પણ નહીં. અવિનાશભાઈ નું મૌન કઠે છે. એક મેકનું માન સચવાય અને પેઢીમાં મન દુખોનાં વધે તે હેતુ થી મે વારંવાર આ વાતની મૌખિક જાણતો કરીજ છે. છતા આલેખીત આપીને મારા મનનો ભાર હળવો કરું છું જેથી ધ્યાનમાં રહે અને મારે જે નીચા જોણું થયું તેવું ફરીથી અન્ય કોઈને આવી ક્ષતિ બદલ ન થાય.

ધન્યવાદ.

આપનો નિકુંજ.

પત્રની ગડીવાળી ગજવામાં મુકીને નિકુંજ પેઢી તરફ રવાના થયો.

પેઢીમાં પેલા સ્નેહી હાજર જ હતા – અવિનાશ અજાણ થઈને પુછતો હતો –" નિકુંજભાઈ આપનાં સ્નેહીનું પેમેન્ટ ત્રણ મહીનાથી બાકી છે?". નિકુંજે હકારમાં મસ્તક હલાવ્યું. "હમણાં હર્ષદભાઈ આવે એટલે વાત કરીયે." પેલા સ્નહી હસતા હસતા બોલ્યા "ભલા માણસ તમે પણ પાર્ટનર અને નિકુંજભાઈ પણ પાર્ટનર – હવે હર્ષદભાઈ ને શું પુંછવાનું – ચેક ફાડી દો. એટલે નિરાંત.. અને હા – તમે ના કહેશો તો બેંકમાં નહી પ્રેઝન્ટ કરું પણ આ તો જરા ધક્કા ખાવાના અટકે ને તેથી..."

અવિનાશ ને માથે ધર્મસંકટ હતું. નિકુંજે જોયું કે કામ સરળતાથી પતે છે – તેથી મૌન રહ્યો.

અને ચેક ફાટી ગયો.

નિકુંજ મનમાં વિચારતો હતો. શુળીનો ઘા સોયે સર્યો. ગજવામાનો પત્ર ગજવામાં રહ્યો. હવે હર્ષદ અને અવિનાશ કરશે વ્યવસ્થા – આપણે તો રામ નાહ્યા. જો કાગળ આપીને દીધો હોત તો?

સામાન્ય નિકુંજ અને સફળ નિકુંજ બંને પ્રસન્ન હતા.

# નમુછ્યો




જીલુભા રીટાયર્ડ મીલીટ્રી ઓફીસર હતો. ભારે બળુકો મુછોનો થોભીયે તાવ દે.... અને ખોખારા ખાય આજુ બાજુમાં ધાક બેસાડવા જાત જાતનાં પેંતરા કરે, તે દિવસે ખેડ પડોશી કાનજી વાળંદ એનાં પેતરામાં અટવાઈ ગયો વાડ વાળવમાં બોલાચાલી કરી પાવડો પડાવ્યો. વયો વૃધ્ધ કાનજી એ કહ્યું, જીલુભા, તમારા પિતાજી એ આ જમીન અમને આપી ત્યારે જે ભાગ પડ્યા છે તે વ્યાજબી છે તમે વહેવારીક કરો. મુછે હાથ દેતાં જીલુભા બોલ્યો...... થાય તે કરીલે આ ભાયડાના કામ છે. કાનજીએ કહ્યું, રજપુતો તો રક્ષણ કરે.... ભક્ષણ નહીં..... મુંછોના થોભીયા પંપાળતો જીલુભા હસ્યો, જાણે તુચ્છ મગતરા ને જાણે વાઘ ન જોતો હોય ને તેમ.....

બહુ સંખ્યામાં હોય તેવા નબળા જોડે બાથ ભીડવી નહીં એ મોંઘમ વાત જીલુભાને એમના ઘરવાળા એ કરી ત્યારે.... પણ રીવોલ્વોર ફેરવતો જીલુભા ખાલી હસ્યો. કાનજી વાળંદ નો નાનો છોકરો પાવડો લેવા આવ્યો ત્યારે ઉલ્ટુ સીધું બોલતાં જીલુભાને ખચકાટ ના થયો જમીન પડાવી લેવાનો છુપો આનંદ અને આ મીઠુ મરચું ભભરાવાનો આનંદ એ માણતો હતો એમનાં ઘરવાળા ને આ ઠીક ન લાગતું. વાડ ચીભડા ગળે જેવી વાત લાગતી.

અચાનક જીલુભા ગુમ થઈ ગયા. પાંચ દિવસ..... પંદર દિવસ બહુ શોધને અંતે કંઈ પત્તો ન લાગ્યો. ત્યારે છાપામાં જાહેરાત અપાવી મુછોવાળો ફોટો છપાવ્યો. ત્રીજે દિવસે એ ફોટા પરની મુછો કાપેલો ફોટો કાગળ સાથે પાછો આવ્યો.... પછીના દિવસે ખાલી મુછોના બે વાળ આવ્યા. ત્રીજા દિવસે બધી મુછો ના વાળ કવરમાં આવીયા.. કાગળ ઉપરનો સિક્કો ગામનો હતો.

પોલીસો ગામના ઘરેઘર ખુદી વળ્યા. કાનજી વાળંદ અને તેના પાંચ દિકરા ને લોકો અવિશ્વાસની નજરે જોતા હતા. કાનજી બિમાર હતો. કાગળના ત્રીજા દિવસે કુગાયેલી લાશ મળી જેની મુંછો કાપેલી હતી. ગામવાળા જાણતા હતા કે આ કરતુત કાનજીનાં છોકરાઓનું... પણ... કોઈ બોલ્યું નહીં – જીલુભાના ઘરવાળા ચુડલો ફોડતા - પોક મુકી..... અ વાળંદ એની જાત ઉપર ગયો... મુછાડાને નમુચ્છો કર્યો... કાનજી વાળંદ આ પોકથી ગભરાયો પણ અટકી ને ખોખાંરો ખાધો.

રજપુતો અને બીજી જાત ભેગી થાય અને વિદ્રોહ થાય તે પહેલા પોલીસ ઈન્સ્પેક્ટર કાનજીના મોટા દિકરાને પકડી ગઈ.

# અમવીતી



સુમિત્રાકાકી એ એની સાસુને દુખ દેવામાં પાછું વાળીને જોયું ન હોતું. મનસુખ કાકા ના મૃત્યુ સાથે એમની તૌરી એમનો રુઆબ ઘટવો જોઈતો હતો પણ તેવું થતુ ન હોતું. કકળતી આંતરડી એ જીવકોર, ડોશી બોલી ગઈ હતી. તારો વંશ જતો રહેશે...... તે વખતે ધગધગતા અંગારા ચાપી દેવાની ધાતકી વૃત્તિ કરતી સુમિત્રા આવનાર ભાવિથી અજાણ અકળાતી હતી, સતિ શ્રાપ દે નહીં – અને શંખણીના શ્રાપ લાગે નહીં.

જે દિવસે મનસુખકાકા કેન્સરમાં મૃત્યુ પામ્યા ત્યારે સુમિત્રાકાકીને પહેલો આંચકો લાગ્યો, પછીતો પાડાની કાંધ જેવા જુવાન જોધ બે દિકરા ઓને છ જ મહીનાનાં ટુંકાગાળામાં અકસ્માતે ભરખી લીધા. ત્યારે તો જબરુ અચરજ થયુ બંને દિકરાને ત્યાં દિકરીઓ....જ....

કેટલી સરળ વાત.. સતિ શ્રાપ દે નહીં... પણ આંતરડી કકળીતો ખલાસ થઈ જવાનાં બધાં ખેલ.... સાવિત્રિ બબડે છે.... એ જીવકોર ડોશીને મારો સંસાર ગમતો ન હોતો.... પણ એ મારો એકલીનો થોડો હતો. એમના દિકરાનો પણ હતો જ ને....?

મનસુખકાકાને જયોતિષ જોતાં આવડતુ હતું તેથી તે કહેતા, સુમિત્રા પછી જ હું જવાનો છું. તેથી ઘર જમીન, પેન્શન, કશામાં સુમિત્રાનું નામ મુકવાનું જરુરી નથી. મારા પછી જે છે તે દિકરાઓનું જ છે ને. એટલે ઘરમાં મોટો દિકરો – જમીનમાં નાનો દિકરો અને પેન્શનમાં પણ વારસદાર તરીકે નાના દિકરાનું નામ મુક્યું હતું છ એક મહીના ના ગાળામાં ઘરમાં ત્રણ વિધવા અને ચાર છોકરીઓ.... જીવકોર ને બહુજ સતાવી હતી તે વાત આગળ વધી. બે વહુઓને કહેનારા કહેવા માંડ્યાં કે સુમિત્રા એતો જીવકોરને બહુ સતાવી હતી. એટલે બંને જણીઓ ભેગી થઈને. મનસુખકાકાની મિલ્કત ઉપર કબજો જમાવી બેઠી....

કેવી કરમની કઠણાઈ. ભોગવનારા મુળ માલીકો જતાં રહ્યાં.... અને પારકા મિલ્કતના માલીક બની ગયા. ઘરનું ભાડુ મોટી લે જમીનની દાણ અને પેન્શન નાની લે....

કાયદા પણ તેમની સાથે પેન્શન ડીપાર્ટમેન્ટ માં ધક્કા ખાઈ ખાઈ બાર વરસ અથડાઈ આ પેપર અને પેલું પેપર કરતાં કરતાં જયારે સીધુ પડ્યું.. અને પેન્શનનો ડીફન્સ એમાઉન્ટ ત્રણુ હજાર હાથમાં આવ્યો તે દિ સુમિત્રા ને થાક લાગ્યો... એ પણ અકળાઈ ને શ્રાપ દેવા ગઈ... પણ વળી ગઈ – એમ વિચારી ને કે અમ વીતી તુજ વિતશે... ધીરી બાપુડીયા.......

# નબળા હ્રદયનો




પ્રકાશ ધીમે થી બોલ્યો. "મારી પાસે એક રીવોલ્વર છે. અને ત્રીસ ગોળીઓ છે. ઓગણત્રીસ માણસોનું લીસ્ટ હતું. તારું નામ ત્રીસમું છે." – ફીલ્મોમાંથી પ્રેરણા લઈને જાણે સંવાદ બોલતો હોય તેમ તે બોલ્યો.

સતીશ સહેજ ખચકાયો – ધીમે રહીને એણે જવાબ આપ્યો "આગળના 29 જણાં જીવે છે ને ?"

જવાબમાં પ્રકાશ ખડખડાટ હસ્યો....... એનાં હાસ્યનાં પડઘા સતીશના પેટમાં ઉંડે ઉંડે ઉતરતા જતા હતા. એણે ધીમે રહીને ફોન મુકી દીધો. ફરી પાછી ફોન ની ઘંટડી રણકી.... રણકતી રહી... લાંબા સમય બાદ એણે ફોન ઉપાડ્યો.... ધડકતા અવાજે તે બોલ્યો "હેલો..." સામેથી સ્મિતા ધુંધવાયેલા અવાજે બોલી –" શું કરતો હતો. આટલી બધી રીંગ વાગી તો પણ...."

" મને એમ કે પ્રકાશ નો ફોન છે."

"શું કયું એણે ?"

" કંઈ નહીં એણે ધમકી આપી ગાંડો માણસ છે. એટલે જ તો બીક લાગે છે. એને તો કંઈ નહાવું નીચોવવુ નહીં. બે ત્રણ દિવસ જેલમાં આંટો મારી આવે તો પણ કંઈ ફેર ન પડે. પણ આપણી તો હાલત બગડી જાય ને ?"

"સારું હવે બહુ વિચાર કર્યા વિના ઘરે નકળી આવ પુંજિત ને બહું તાવ ચઢ્યો છે."

" ભલે" સતીશે ફોન મુકી દીધો.

ફરી ઘંટડી વાગી – યંત્રવત સતિશે ફોન ઉપાડ્યો..." હેલો !" એજ ખડખડાટ હાસ્ય... પછી પ્રકાશ બોલ્યો – "તું કહેતો હતોને કે એ 29 જીવે છે કે પહોંચી ગયા.... તુ પહેલો જઈશ. તારી સાથે તે બધા આવશે... હા....હા....હા....સતિશ... તું લાંબુ નહીં જીવે...... તારી પાછળ જ અજય.... સરોજ પંક્તી – જયોતિ – સ્પંદન – શિરાઝ – ઝરીના. બધા આવશે.... રોજ એક પછી એક...."

"પ્રકાશ – તારી પાછળ જો – એક પોલીસ ઈન્સ્પેક્ટર તારી રાહ જોઈને ઉભો છે. તુ સૌથી પહેલા એનું ખુન કર. એટલે એક ગોળી ઓછી થઈ. એ ગોળી મારી હશે."

" સતીશ તું શું બોલે છે તેની તને ખબર છે.?"

" હા તારા ફોન પછી મેં પોલીસ ઓફીસે ફોન કર્યો હતો... કદાચ આજ કારણે તને મારો ફોન અંગેજ મળ્યો હશે. તને ખબર છે પોલીસ સ્ટેશન તું જયાંથી ફોન કરે છે. ત્યાંથી એકજ ઘર દુર છે. મેં એ પાછળ જોયું છે"

". તું જુઠુ બોલે છે. ત્યાં કોઈજ નથી. હવે આગળ સંભાળ તારુ ખુન હું એટલા માટે કરવા માગું છું કારણ કે તેં મિત્ર તરીકે મને ઉંચો લાવવાની કોશિશ નથી કરી. મને અપમાનિત નથી કર્યો તો માન પણ નથી આપ્યું હું ઉતરતો છું એમ વારંવાર અહેસાસ કરાવ્યો છે. આ દરેક અહેસાસ મને જેણે જેણે કરાવ્યા છે. તેમને દરેકને હું છોડવાનો નથી." એણે ફોન મુકી દીધો.

સતીશે થોડાક વિચાર કરીને ફોનનાં ડાયલ પરનાં નંબર ફેરવવા માંડ્યા. પ્રકાશ ધીમે રહીને પાછળથી આવીને ઉભો રહ્યો – હાથમાં કશુ નહોતું જેવો સતીશે ફોન મુક્યો.... અને પાછો વળ્યો – અને પ્રકાશ ખડખડાટ હસ્યો... નબળા હ્રદયનો સતીશ તરતજ ઢળી પડ્યો.

# નોકરી ગઈ તે છોગામાં..



ફેક્ટરીમાં કામ કરતા અચાનક મોટાં ધડાકો થયો સેફ્ટી ગ્લાસ પહેરેલ જનકની આંખમાં અથડાયેલ લોખંડની કરચે સેફ્ટી ગ્લાસ ફોડ્યો. અને એ ગ્લાસની કરચ આંખમાં પેસી ગઈ. સાયરનો વાગતી એમ્બ્યુલન્સ આવી.... અને જનક ને હોસ્પીટલમાં દાખલ કર્યો. ફેક્ટરી ના એનાં ડીપાર્ટમેંટલ હેડથી માંડીને ફેક્ટરીએ ઓપરેશન કરવાનું કહ્યું – કર્યું, સફળ થયુ કે નહીં તે પંદર દિવસ પછી જયારે પાટો ખુલે ત્યારે ખબર પડે. એમ કરતાં કરતાં હોસ્પીટલમાં મહીનો થયો. એની પત્ની બાળકો – ભાઈ ભાભી બધાં હવે ધીમે ધીમે આવતા ઘટી ગયાં.

ઓપરેશન ખુલવાના દિવસે મહીનાનો પગાર ઘર બેઠા ફેક્ટરીમાંથી મળી ગયો. ઓપરેશન ને દિવસે પટ્ટીતો ખુલી પણ આંખ ન ખુલી. ઓપરેશન નિષ્ફળ નિવડ્યું. ડોકટરે ફરી આશા બતાવી.... બીજો ડોકટર.... ફરી ઓપરેશન... ત્રીજો ડોકટર.... ફરી ઓપરેશન... આ ઘટમાળમાં છ મહીના જતાં રહ્યાં. પગાર નિયમિત મળતો રહ્યો. ફેકટરી મેનેજરે જનકને સમજાવ્યો.

"ભાઈ સત્યનો સ્વિકાર કરીલો તમારી એક આંખ જતી રહી છે. હવે આ ડોકટર અને ઓપરેશનનાં ધક્કા છોડો અને ડ્યુટી ઉપર ચઢી જાવ."

જનક ને વકીલે કહ્યું. "આંખ જતી રહેવી કંઈ જોક નથી ડ્યુટી ઉપર એક્સીડન્ટ થયો છે. ફેકટરી તમને પગાર પણ આપશે. અને ચાલુ પણ રાખશે".

એનો ભાઈ આ દાવાની વિરુધ્ધમાં હતો. એ કહેતો કંપની માનવતા સભર વર્તે છે. હોસ્પીટલાઈઝેશન તથા પગાર આપે છે. આપણે અંગત રજુઆત કરવી જોઈએ. પણ કોર્ટ રાહે કામ ન લેવું જોઈએ.

પરંતુ જનકે ફેકટરી ઉપર લાખ રુ. નો દાવો માંડી દીધો. ઘર બેઠા આવતો પગાર બંધ થયો. કોર્ટનાં ચક્રો શરુ થયા. સ્ટેમ્પ ફી. આ. ફી... ટાઈપીંગ.... આ દાખલો.... તે દાખલો.... સગા સબંધી મિત્રો પાસેથી ઉછીના કરી ઘર શરું થયું. માનસિક ત્રાસ વધતો ગયો.

ફેકટરીના મેનેજરને આ ચેષ્ટા બાલિશલાગી... હોસ્પીટલ ખર્ચ છ મહીનાનો પગાર બધુ થઈ ચાલીસ હજાર ભરવાના નીકળ્યા કંપની ના વકીલ વધુ અસરકારક સાબિત થયો. બે વરસે ચુકાદો આવ્યો.. ધડાકો થવામાં જનકની નિષ્કાળજી કારણભુત હતી. મશીનરીનું નુકશાન પણ પેલા દાવામાં ઉમેરાયું અને બદનક્ષી નો દાવો. તથા નોકરી ગઈ તે છોગામાં......

# ત્રિવેણી સ્ટોરનું પાટીયું




અનીલ, અશોક અને અરવિંદ ત્રણે એ મળીને ધંધો શરુ કર્યો.. અનીલ કુનેહબાજ, ધંધાનો જાણકાર. અશોકની શહેરની વચ્ચે જગ્યા અને અરવિંદ પૈસા પાત્ર, એમ એકની જગ્યા- એકના પૈસા અને એકની બુધ્ધી એમ ત્રિવેણી સંગમ થી શરુ થયો ત્રિવેણી સ્ટોર.

પાર્ટનરશીપ નક્કી થઈ – સરખાભાગે કામ વહેંચાય. સરખો નફો – સરખી જવાબદારી – અને ગાડી ચાલી સડસડાટ શરુ શરુમાંતો બધુ સરખુ ચાલ્યું – અનીલને માથે ભાર વધુ, કારણ કે જાણકારી એનામાં તે ધીમે ધીને અશોક અને અરવિંદને કેળવતો જાય. મનમાં.... હરખાતો જાય... કેવી આવડત છે મારી – આ પૈસા વાળા અને જગ્યાવાળા મને પુછીને આગળ ચાલે છે.... કઈંક ખર્ચો કરવાનો હોય તો પણ મારા સિવાય એમને ના ચાલે.... વાતનો ફણગો ફુટ્યો.... અને હસતાં હસતાં અનીલ બોલી પડ્યો,.... અશોક અને અરવિંદતો મારા કારણે ઠેકાણે પડ્યા.... બાકી જગ્યા હોય કે પૈસા હોય તો શું બને ? આવડત જોઈએ, આવડત !!.... એક સાપનું બચ્ચું દરમાંથી છુંટું પડી ગયુ હોય અને સળવળતું હોય તેમ અનીલનું અભિમાન સળવળ્યું...

અશોક ના કાને આ સાપના કણનો સળવળાટ જયારે આવ્યો ત્યારે છંછેડાઈ ગયો. શહેરની વચ્ચોવચ જગ્યા મળવી કેટલી અઘરી છે. તેની કયાં ખબર છે. લાખ પાઘડી આપતા પણ આ જગ્યાન મળે ખબર છે. ? ટેલીફોનનું ભાડુ લાઈટબીલ ટેક્ષ-બધું ગણોતો હજાર રુપીયાતો સહેજે ભાડુ થાય. એ તો શરુઆત હતી તેથી ત્રણસો ભાડે ચલાવ્યુ. હવે તો છસો થી નીચે એક પૈસો ના ખપે. ના ફાવે તો નીકળી જાય..... મારી પાસે જગ્યા એટલે શું મારે માર ખાવાનો ? કણું ખરેખર કાળોતરો નાગ બનીને.... કુંફાડા મારતો હતો.

અરવિંદને આ વાત સંભળાઈ ત્યારે મુછોમાં હસ્યો. એણે વિચાર્યું કેવા મુરખા છે, આ લોકો ? વિના મુડીએ કદી ધંધો થયો છે ? એમની કુશળતા હતી તો આટલા વર્ષો કેમ ચુમાઈને બેસી રહ્યા હતા ? કરવો હતોને ધંધો.... અને જગ્યાતો વેચવા કાઢી હતી.... ટેલીફોન બીલ પણ ભરાતું નહોતું મારી પાસેની મુડીતો હું બેંકમાં મુકી દેત તો પણ વધત, આ તો ધંધામાં રોકાણ કરીયે તો મુડી વધે અને જોડે સમય પણ જાય.... એકડા વિનાના મીંડાઓ, તમારી કીંમત તો મારા એકડાને કારણે છે. સમજો જરા.... પેલો ફુફાડા મારતો નાગ ફેણ ફુલાવી ને તકની રાહ જોતો ચોકન્નો થઈને બેઠો છે.

ત્રિવેણી સ્ટોર્સનું પ્રભાત એક દિવસ જરા વાંકુ ઉગ્યું. અશોક કોઈની ઉઘરાણી લાવી ન શક્યો અને અરવિંદ બબડી ઉઠ્યો – અશોક ધંધો આમ ન ચાલે. પૈસામાં ભાઈબંધી ન ચાલે. પંદરસો રુપિયા કંઈ નાની રકમ નથી.

અશોક બોલ્યો, અરે એની વાઈફ માંદી છે. હોસ્પીટલમાં દાખલ કરી છે. અને એટલે મને ભેગો નથી થતો તેમાં હું શું કરું ?

અરવિંદ, તે હોસ્પીટલમાં પકડ. વ્યાજ કંટલુ ચઢે છે કંઈ ખ્યાલ છે. ?

મને વ્યાજનું ગણીત ન શીખવાડ અરવિંદ, કયારેક મોડું થાય પણ ખરું અશોક ધુઆ ફુઆ થતો બોલ્યો.

અનીલ અરવિંદનો પક્ષલઈને બોલ્યો, અશોક અરવિંદની વાતતો ખરી છે. આગમાં ઘી હોમાયને કેવો ભડકો થાય તેમ અશોક ભડકીને બોલ્યો, એટલે શું કંઈ મને પૈસા વેડફવાનો શોખ છે. ઉઘરાણી કરવી કેટલી કપરી છે તે તમને કયાં ખબર છે. કેટલુય બોલવું પડે છે. કેટલાય ધક્કા ખાવા પડે છે ત્યારે બને છે.

તે અમે પણ અહીંયા પંખા નીચે બેસીને હવા નથી ખાતા. મજુરો જોડે માથું ચઢાવીએ છીએ ત્યારે માલ બને છે. અનીલ બોલ્યો.

અને હા અશોક આ વખતે ભાડાનો ચેક 600 રુ. નો કેમ ઉપાડયો ? અરવિંદ બોલ્યો.

જો અરવિંદ અને હા અનીલ તમે બંને જાણીલો હવેથી ભાડુ હું 1000 થી નીચે નહી લઉ. એ તો ઠીક છે શરુઆત હતી પણ હવે પાર્ટનર હોવાનો મને માર થોડો ઘટાડો અશોકે અલ્ટી મેટમ આપ્યું.

અનીલ ખીડવાઈને બોલ્યો – એ નહીં બને.

અશોકે કહ્યું ના બને તો બીજી જગ્યા લઈએ.... પણ હવે આ ચારસોનો માર સહન ના થાય.

અશોક આવી ઢીલી ઉઘરાણીમાં તું હજાર ભાડુલે તે ના ચાલે એમ વિચારતો હોય તો મારે વ્યાજ ખાધ ના વિચારવી જોઈએ ? અને મારે મારા અનુભવનો પગાર લેવો જોઈએ ?

અનીલે પગાર ઉપાડ્યો – અશોકે ભાડુ વધાર્યું – અરવિંદે વ્યાજ ગણ્યું.

પેઢીનો નોકર શાંતુ આ ઝઘડાને જોતો ગણ ગણ્યો..... ત્રિવેણી સંગમ પછી મહાનદ બની ત્રણે નદી સમુદ્રમાં મળે... આ ત્રણ નદી તો હિમાલયે પાછી વળી – હવે રહેશે શું ? ખાલી ત્રિવેણી સ્ટોરનું પાટીયું ?

# શરત જીત્યું કોણ ?



http://www.gujaratsamachar.com/beta/images/stories/magazine/ravi/010209/24-r4.jpg

મંગુભાઈ એ દુખમાં માથુ ધુણાવ્યું. "હા. એ સુશલી એમજ દુખી થઈને રહેવાની છે."

હું મનુભાઈ અને સુશીલા ને સારી રીતે જાણું તેથી મેં ધડાકો કર્યો." જોજો મંગુભાઈ સુશીલા પાંચજ વર્ષમાં સુરેશને સુધારીને રહેશે. અને એ એના નામ પ્રમાણે ગુણ સિધ્ધ કરશે. બોલો લગાવવી છે શરત ! "

"હારી જશો નવનીતભાઈ કારણ કે તમે તો ખાલી મારી જ વાતો સાંભળી છે અને તે પણ અધકચરીજ....."

"તમે એમ કહ્યુને કે એ સુરેશને આગળ લાવવા બહુજ પ્રયત્ન કરે છે. એને એના ભૂતકાળ માંથી બહાર કાઢવા તનતોડ પ્રયત્ન કરે છે."

"હા. પણ પેલા જડસુને એની કયાં ખબર છે. અને તો જો એનું ચાલેને તો સુશીલા પાસે નોકરી પણ કરાવવી છે. અને ઘરમાં નોકરાણી જેવુ કામ પણ... રાતમાં અગીયાર બાર વાગે મિત્રોના ઠઠ્ઠામાંથી – જુગાર – રમીમાંથી હારીને આવીને ઘરે હુકમ ચલાવવા છે. રાતના પણ એને સુશીલા ગરમ ગરમ ખાવાનું કરીને જમાડે છતાં પણ – એમાં શું ? એ તો એની ફરજ છે – કહીને છૂટી પડે."

"એ ગમે તે હોય પણ એની સામે સુશીલા ને કયાં એનાં ભણતરનું , જ્ઞાનનુ, નોકરીનું ગર્વ છે ? જો એ ગર્વ હોત તો આ સતરમી સદીમાં જીવતા પતિરાજ સાથે કયારનુયે અચ્યુતમ કેશવમ્ થઈ

ચુક્યુ હોત ! – પણ હજી સુધી નથી થયું એ શું બતાવે છે ? – એજ કે એમની જીવન નૈયા ને ખરાબો નડવાનો નથી કારણ કે સુશીલા સમજુ છે અને એના પતિને સુધારવાની ચેલેન્જ લઈને એને પરણી છે."

"પણ નવનીતભાઈ તાળી હંમેશા બે હાથે વાગે એક પૈંડે રથ દોડતો પણ કેટલે ? હું તો કહું છું – આ જોડુ એકજ વર્ષમાં છૂટુ પડી જશે."

"અને હું કહું છું સુરેશને સુશીલા સુધારીને રહેશે. બોલો લગાવવી છે શરત."

"હું કહું છું એકજ વર્ષમાં કે બહુ બહુતો દોઢ વર્ષમાં એ છૂટા પડશે – અને તમે કહો છો એ છુટા નહી પડે. ચાલો લાગી એ વાતની શરત."

"જો તમે હારો તો રોજ લંચ અવરમાં મારે તમને 120 નું પાન ખવડાવવાનું અને હું હારુ તો રોજ 5 સીગારેટ પીવડાવવાની કબુલ ?"

"કબુલ !"

*******

મંગુભાઈ અને નવનીતલાલ બંને માધ્યમિકશાળા ના શિક્ષકો હતા અને સુશીલા નવનીતલાલ ના ગામની છોકરી અને મંગુભાઈ ની પડોશણ હતી.

જયારથી હાલોલ નજીક સ્ટુડીયો ખુલ્યો હતો ત્યારથી સુરેશને નશીબ અજમાવવાની ચટપટી લાગી હતી. એનો ભૂતકાળ બહુ યાતના સભર હતો. માબાપના સાત સંતાનો માં એ સૌથી મોટો – અને એકના ડબલ ના ચસ્કામાં એના બાપની જેમ તે પણ અર્ધો પગાર ખોઈ બેસ તો એ ખોટ પુરી પાડવા સ્ટુડીયોમાં જુનીયર આર્ટીસ્ટ સપ્લાયર હરગોવિંદ સીંધને કાયમ કરગરતો રહેતો. મહીનો એક ચા પાણીના ખર્ચાબાદ એકાદ ફીલ્મના નાનકડા શોટમાં જુનીયર આર્ટીસ્ટ તરીકે પહોંચી જતો. અને ચાપાણીના ખર્ચેલા પૈસા બે એક ક્ષણ ચિત્રમાં દેખાવા પુરતા કાઢી લેતો.

એક દિવસ હરગોવિંદ સિંધે મોટો રોલ આપ્યો એક વેઈટરનો જેને હિરોઈનને એક ચિઠ્ઠી આપવાની હતી. અને હિરોઈન ચીઠ્ઠીવાંચીને જવાબ આપે ત્યાં સુધી કેમેરા સામે એને ઉભા રહેવાનું હતુ કમસેકમ 25 રીટેક થયા પછી શોટ ઓકે થયો પણ સુરેશ તો હવામાં ઉડતાં થઈ ગયો હતો. હવે એ હીરો થઈ જ ગયો……

શોટનાં મળેલા 50 રુપિયા માંથી 25 રુપિયા હરગોવિંદ લઈ લીધા. અને બાકીના 25 રુપિયા લઈ સુરેશ પાછો ફર્યો. સુશીલા એ આ વાત જાણી – અને શ્રધ્ધાથી એનો હાથ હાથમાં લઈ કહ્યું – સુરુ ! આપણુ નશીબ હવે ઝળક્યું છે. તારામાં થોડીક હિંમત ને ધગશ હશે તો આપણે જરુર કયાંક સ્થિર થઈશું.

સુશીલા નો ભાઈ દીલીપ – એક સમયનો નવનીતલાલ નો વિદ્યાર્થી હતો. તેની પાસેથી નવનીતલાલ સુશીલાના વલણ ને જાણતા થયા હતા 1969 માં જયારે સુશીલા એ સુરેશને પરણવા

અચાનક હા પાડી ત્યારે દીલીપ સહીત તેમના ઘરમાં બધાને બહુ આંચકો લાગ્યો હતો. જૂના રીત રીવાજ પ્રમાણે બાળ લગ્નથી બંધાયેલા આ જોડાને સુશીલાને મા એ અવિધિસર તોડીજ નાખેલા કારણ કે સુરેશના બાપાએ એ જમાના માં ઠગવિધ્યા કરીને દેવાળું કાઢેલું પૈસા – વિશ્ર્વાસે લોકો પાસેથી ઉઘરાવીને એક ચીટફંડ શરુ કર્યું હતું. અને નામ પ્રમાણે ચીટફંડ વડે લોકોને ચીટ કરી ગયેલા પમ હરામના પૈસા ઝાઝું ટક્યા નહીં. રેસ અને સટ્ટાના શોખમા એ પૈસા આવ્યા એટલી જ.... બલ્કે એથી વધુ ઝડપે પગ કરી ગયા. અને સાથે સાથે થોડા ઘણા જે કંઈ સુરેશની માના ગાદીના હતા તે પણ ચાઉ થઈ ગયા.

દીલીપની સુશીલા નાની બહેન. કૌટુબીક સબંધો સ્થપાયા. પણ નવનીતલાલને પહેલે થી જ સુશીલા ખુબ જ ચતુર અને બુધ્ધીશાળી લાગતી અને જ્યારે સુરેશને પરણવાની હા પાડી ત્યારે દીલીપના પ્રશ્નનો બહુ સુંદર અને બુધ્ધિગમ્ય જવાબ આપેલો. સુરેશ ભલે અભણ જેવો છે. જડભરત છે. પણ મારો એ પતિ છે. એને નાનપણથી મારો દોસ્ત માનેલો છે. એનામાં રહેલી સુષુપ્તિને હું મારા પ્રેમાળ લાગણીશીલ વ્યક્તિત્વ વડે દૂર કરીશ. એને મારી નિષ્ઠાથી હું ચેતનવંત કરીશ.

દીલીપે તે વખતે કહ્યું હતું “માસ્તર સાહેબ ! આ સુશીલા હાથે કરીને તેના પગે કુહાડો મારે છે. ભણતર છે કુશળતા છે. ઘાટ છે. અને ઉંમર છે. – યોગ્ય મુરતીયો મળે તેમ હોવા છતાં પેલા જડભરત ને સુધારવાની ઘેલછામાં ખાડામાં પડે છે. શું કરવું ?”

નવનીતલાલ ત્યારે પણ મૌનજ હતા. પરંતુ અંદર ની કોઈક લાગણી એમ કહેતી હતી કે સુશીલાની શ્રધ્ધા જીતશે. ચોક્કસ જ જીતશે.

સુરેશના નાનાભાઈ, નાનીબહેન, સુરેશની બા. બધાં એ સુશીલાને એક અવાજે વધાવી લીધી હતી. શરુઆતમાં એમ થતું હતું કે ચાલો પથરા જેવો દીકરો ઠેકાણે પડ્યો પછી એમ થયું કે ઘરમાં કમાતું માણસ આવ્યું પછી એમ થયું કે હવે ઘર કંઈક ઉચું આવશે. એક તો કમાવવાની ત્રેવડ અને કરકસરથી ઘર ચલાવાની આવડત જતે દહાડે બાપનું લાંછન દૂર કરી છોકરી પરણાવશે. કંઈક એવી અંગત ગણત્રીઓ વડે સુશીલા ઘરમાં ઓત પ્રોત થઈ ગઈ, પણ પીગળ્યા નહીં સુરેશ અને સુરેશના પિતા જમિયતપ્રસાદ. આમેય ખુબ સારા માણસો ખરાબ માણસો માટે ત્રાસદાયક જ હોય છે.... તેમ સુશીલા તેમના મન પર બોઝ બની ગઈ.

*******

“મંગુભાઈ ! કેમ છો ? – નવનીતલાલે બુમ પાડી અરે નવનીતભાઈ ! તમે કયાંથી અહીંયા ?”

“હમણાજ મારી બદલી કાલોલથી ડીસા થઈ છે. તેથી જોઈનીંગ પીરીયડ નું અઠવાડીંયું અહીં નાનાભાઈને ઘરે આવ્યો છું. પણ તમે અહીંયા કયાંથી ?”

“અમદાવાદથી તમારી બદલી કાલોલ થઈ અને હું બીજા જ વર્ષે આણંદ આવ્યો. અહીંતો મારા સાળાના દીકરાના લગ્ન માં આવ્યો છું.”

"ઘણો સમય થઈ ગયો, નહીં ! અમદાવાદ છોડયે ? કેમ છે ભાભી ? પેલી તમારી દિકરી-ટીકુ-હવે તો સ્કુલમાં જતી થઈ ગઈ હશે નહીં ?"

"હા શીલ્પા 6 ક્ષામાં છે. મોટો રજની એનિજીનીયરીંગ ના પહેલા વર્ષમાં છે. શાંતિ છે."

"હા મારો દીપક પણ બી. એનાં છેલ્લા વર્ષમાં છે. પછીનો જતીન આઈ.આઈ.ટીનું કરે છે. અને છેલ્લો કૌશિક આ વખતે હાયર સેકન્ડરીનું માટલું ફોડવાનો છે."

"શું બીજા સમાચાર ? "

"ખાસ નહી".

"તમે પેલી સુશીલાને ઓળખોને ?"

"પેલી ! અમદાવાદમાં મારી બાજુમાં રહેતી હતી તે ને ?"

"હા તેજ."

"તેનુ શું"

" અરે હા. પછીતો એ બે જણ વચ્ચે બહુજ ઝઘડા થતા હતા. ખાસતો પેલી એનો પગાર પણ સુરેશને ઘરખર્ચ બાદ કરીને આપતી હતી. તેથી તે ખૂબજ ચીઢાતો અને એનો ગંજેરી બાપ – પણ છોકરાને બગાડવામાં પાછી પાની ન કરતો શું થયું તેમનુ પછી ?"

"ખાસ કશું નહી પણ...."

"બંને છુટા પડી ગયા ?"

"હા અને ના".

"એવુ ગોળ ગોળ કેમ બોલોછો નવનીતલાલ?"

"એની સહનશક્તિ અને ધીરજથી સુશીલાએ ધારેલા સિધ્ધ મેળવી તો ખરી, પણ એ પચાવી ન શકી"

"એટલે ?"

"એટલે આ સામે તમે જે ચિત્રનું બોર્ડ જુઓછો ને તેમા જે નાયક અંબરકુમાર છે તેને જરી ધારીને જુઓને ?"

"કંઈ ખબર નથી પડતી ?"

“સુરેશ જ અંબરકુમાર છે.”

“તેને  અંબરકુમાર બનાવી ને સુશીલા છુટી પડી ?”

“ના અંબરકુમાર બનાવ્યાનું ગર્વ તે લઈ ન શકી.”

“આમ, વાતને ઉખાણામાં ન ફેરવો કંઈ સમજાય તેમ કહોને યાર”.

“બહુ લાંબી વાત છે. એમ કરોને ઘરે જ આવો.”

“તમે યાર ! વાત જાણવાની ઈન્તેજારી વધારીને ઠંડુ પાણી રેડો છો હં કે.”

“ચાલો એમ કરીયે હુ તમને 120 નું પાન પહેલા ખવડાવી દઉં શરત હારી ગયો ને તેનુ ?”

“…….”

“કેમ ! મુંગા થઈ ગયા યાર !”

“શું બોલું  ? મને એમ થતુ હતુ કે હું શરત હારુ તો સારુ !બે જણનો સંસાર બની રહેને !”

“બે જણનો સંસાર જરુર બની રહેત પણ…. જે ક્ષણથી સુરેશ સુધરવા માંડ્યો. તે ક્ષણથી સુશીલા બગડવા માંડી હતી.”

“એટલે ?”

“એટલે જે ક્ષણથી સુરેશને પોતાની પત્નિની મહત્વકાંક્ષાઓ સમજાવા માંડી હતી તેજ ક્ષણથી સુશીલાના મનમાં જીતનો ગર્વ જન્મવા માંડ્યો હતો.”

“એવુ બનીતો ન શકે…. ખરેખર સુશીલા નામ પ્રમાણે સુશીલજ રહી હશે.”

“પણ…. એની તપશ્ર્વર્યાનું ફળ મળતા પહેલાજ… સુરેશ અંબરકુમાર બનતા પહેલાજ… નમણી ગર્વ રહિત સુશીલા ગર્વીષ્ઠ બની ગઈ. અંબરકુમાર બનાવ્યાનો મદ તેમને લગ્નજીવનનાં ભંગાણ તરફ લઈ ગયો.”

“ચાલો ત્યારે તો મારે પણ તમને સીગરેટ પીવડાવવી રહી.”

“પણ કેમ ?”

“શરત તો હું પણ હાર્યોજ ગણાઉં”

“કઈ રીતે ?”

"મેં તો માન્યુ હતુ કે એમનાં લગ્નજીવનનું ભંગાણ સુરેશ ને કારણે બનશે. પરંતુ આ તો સુશીલાને કારણે બન્યું તેથી તો હું પણ શરત હાર્યોજ કહેવાઉં !"

"તો પછી શરત જીત્યું કોણ ?"

પ્રશ્નાર્થ ના ભાર હવામાં તરતો તરતો આવતી એસ.ટી બસની બ્રેકમાં વિલીન થઈ ગયો.

# Hate letter



અક્ષય ઉદાસ બેઠો હતો. વિક્રમે એને આવીને જે વાત કરી તેનાથી તે પગથી માથા સુધી હચમચી ગયો હતો. નિશા એની બાળપણ ની સખી. મુગ્ધાવસ્થામાં પ્રેયસી અને યૌવન કાળની સ્વપ્ન રાણી. એને ચાહતી હતી – વોટ નોન્સેન્સ !

હું પણ એજ કહું છું વિક્રમ she is pretending. મેં પણ એને એજ કહ્યું. you are pretending તું ઢોંગ કરે છે. એ ચીબાવલી ! ઓહ સોરી ! એ કહે why should I pretend? મારે ઢોગ કરવાની શી જરૂર? તોબા ! તોબા ! ગળા સુધી હા હોય તો પણ.... મારે તો કશું નથી – સ્ટુપીડ નહીં તો ? અક્ષય – તું તારી વાત જવા દે પણ મેં નીશાના ઢગલાબંધ પ્રસંગો જોયા છે જે દીવા જેવું ચોખ્ખું કહી શકે કે એને તારે માટે શું છે અને શું નહીં ?

પણ વિક્રમ તે શરુઆત કઈ રીતે કરી એતો કહે.. ફરીથી... હા હજી મારું મન માનતું નથી – વિક્રમ મારી સામે જોતો હતો કદાચ દિલોસોજી કે આશ્ર્વાસન કે એનાં જેવું કંઈક એની અંખમાં ભરીને.

You see! આ વખતે યુનીવર્સીટીમાં અમારે જબરી ઉથલ પાથલ કરવાની હતી. તું તો ટાઈફોઈડ માં પડેલો તે વખતે Very suddenly I met her on the bus stand –hey!- as she knows that I am very well friend of yours. એ મારી સામે હસી હું પણ હસ્યો –quite formal…. આખી દુનિયાનાં ગપ્પા સ્ટેન્ડ પર માર્યા – અધુરામાં પુરી એક બસ પણ્ જતી રહી. than very suudenly I remember your woeds yaar.. એ વાડાની બહાર નીકળવાનો પ્રયત્ન સુધ્ધા નથી કરતી... એટલે કે – As you said your love is limited up to waadaa premises , well. વાતો મને વાતોમાં મેં એને પુછયું.

નીશા ? તને ખોટુ ન લાગે તો એક વાત પુછું ? એ કહે હ ! વળી સારા નશીબે સ્ટેન્ડ પર પણ કોઈ હતું જ નહીં તેથી મારી હિંમત વધી પડી. direct attack કર્યો. નીશા ! Is your love limited up to wada premises? – પહેલા તો એ બાધારામને કશી સમજ જ ન પડી તેથી મેં ફરીથી પુછ્યુ .

તો કશો જ જવાબ ન મળ્યો. ખાલી મલકી તેથી થોડી મારી હિંમત વધી "અક્ષયને ટાઈફોઈડ થયો તે તો ખબર છે ને... હા.. તું જવાની છે ખબર લેવા...?"

" ના ઘરે આવશે પછી જઈશ."

" હું."

" You should go. He will be really pleased. You see … એની જગ્યાએ હું હોઉ ને તો હું પણ એવુંજ ઈચ્છું – ફરી પાછુ એજ સ્માઈલ…

મેં આગળ ચલાવ્યું – well..what I feel કે તમારે બે જણે એકાદ વખત બહુ શાંતિથી મળવું જોઈએ… and now things should be setteled in between you two. –because you see he is also tired by resigning the girls off course ! the pressure of marraige has been too much !" એટલે એને કંઈક ટયુબ લાઈટ થઈ

"પણ મને એવું કંઈ ફીલ નથી થતુ ને ?"

" એટલે ?" હું ચોક્યો –

"એટલે ! કે મને એવુ કંઈ નથી" –

" હું કંઇ બહુ સમજ્યો નહીં ? "એના મોઢા પર કંઈ ભાવ બદલાતા હતા ? મેં પુછ્યું well of course.. અચાનક જ તેનાં મોઢા પર દસ વર્ષ મોટી થઈ ગઈ હોય તેવી ગંભીરતા આવી ગઈ – એટલે મેં ટોણો માર્યો – એમાં serious શું થઈ જાય છે. ? Take it easy! and be frank enough. – તો એકદમ તકલાદી જુંઠું હાસ્ય ફુટી નીકળ્યું..

" ના પણ ખરેખર મને એવું કંઈ જ નથી Just friendly."

" Are you sure you were dealing with him quiet friendly ?"

એણે સીધ્ધી આંખમાં આંખ પરોવીને કહ્યુ " of cource. "

" Well ! Than matter is Serious ! He is a victim of misunderstanding ."

"Is it ? "

"હાસ્તો વળી ?"

" શું હાસ્તો વળી ? you are pretending ? I think..પણ તારે ઢોંગ કરવાની જરુર શી ?"

" But why should I pretending ? મારે ઢોંગ કરવાની જરુર શી…? અને મારી આગળ હજી ત્રણ બહેન અને એકભાઈ બેઠા છે. એટલે નેચરલી એવી ઉતાવળ ન હોય… જો કે અક્ષયને પણ્ બે બહેનો બાકી જ છે ને."

" Well Don't takeit ill.. પણ… મે તારા ભૂતકાળને ઢંઢોળી એવો પ્રસંગ શોધવા પ્રયત્ન કર્યો જેમાં…… જયારે તમે સૌથી પહેલા યુનીવર્સીટી પર મળ્યા અને ત્યારથી પાછા આવતી વખતે

તે પુછ્યું કે આ વાતો એક બાજુ ની તો નથી ને? અને અક્ષયે કહ્યું હતુ કે ના. એન્ડ ધેન મારી કંપની ખરેખર ગમે છે ને ? – અક્ષયે કહ્યું હતું હા.

"તો એણે શું કહ્યું વિક્રમ?"

"જો જુઠ્ઠાઓની દુનીયા.she said. મને કશી ખબરજ નથી – Really I was too angry.. after all યાર ! હુ તો third party ગણાઉ But I amreally teling that to trust woman is next to trust the lier પછી મે વાત વાળી લીધી કે "જો અક્ષય misunder standing નો શીકાર હોય તો આપણે એટલે કે મારે અને નીશાએ તેને સમજાવવો જોઈએ."

" શું સમજાવે ધૂળ !" હું એકદમ ગરમ થઈ ગયો." જો વિકી ! તેં ખુબ સારુ કર્યું આ ગુંચવણ નો નીવડો લાવી દીધો ચાલ દોસ્ત ! હું ઉપડુ – સાડા પાંચ વાગી ગયા." " ભલે" કહીને વિકી ગયો.

હમણા જ મારી તબીયત સહેજ સહેજ રીકવર થઈ હતી. ટાઈફોઈડ ને લીધે ખવાતું કશુ જ ન હોતું ત્યાં પાછી વિક્રમે આ ધમાલ કરી નાખી જો કે આ બધી વાત તો વીસેક દિવસ પહેલા થી હતી. પરંતુ મને આજે ખબર પડી. અચાનક જ જીવ બળવા માંડ્યો. નીશા રે નીશા ગાંડી ! આ તમે શું સુજયું ? – શું એને ખરેખર મારે માટે કશુજ નહી હોય ? નાના એવું તો ન બને. મારા દરેક સારા માઠા પ્રસંગે તે મારી સાથે હતી. એ એવુ કેમ વિચારી જ શકે ? મંદિરમાં દરરોજ ભગવાનની પુજાના બહાને અડધો પોણો કલાક આંખ મીચામણા – ભગવાનને ચઢાવેલુ ફુલ મારી તરફ ધરવુ – મારી નજર સમક્ષ પ્રસંગોની હારમાળા શરુ થઈ ગઈ. એક પણ પ્રસંગ એવો ન હોંતો કે જેમાં એનો સહેજ પણ ખચકાટ દેખાયો હોય. એક ઉનો ઉનો નિસાસો મોં માંથી નીકળી ગયો.

"અક્ષય.. શું આમ માથે હાથ દઈને બેઠો છે… બેટા… હજી તારી મમ્મી જીવતી છે… મરી નથી ગઈ. મમ્મીએ. એમના લાક્ષણીક અવાજમાં મને તંદ્રામાંથી જગાડ્યો – જો મમ્મી ફરી બોલીશને તો તને તારી વહુના સમ…" મમ્મી નો હું નાનો અને લાડક્વાયો તેથી…ક્યારેક આવા લાડ હું કરતો..અને મમ્મી ખીજવાઇને કહેતી.."વહુ ની વાતો હમ ના કર દીકરા હજી તો ભણવાનુ ઘણું બાકી છે.. "

હું રાતના સાડા દસ સુધી ખુબ કાર્યરત રહ્યો કે રહેવા પ્રયત્ન કર્યો જેથી નીશાનું ભુત સવાર ન થઈ જાય. પણ સાડા દસે બધા સુઈ ગયા. અને ફરી પાછુ પેલું ડરામણું એકાંત અને વિચારોની ધારા… અચાનક મનમાં ઝબકારો થયો. નીશાડી… મને એક તરફી ઠરાવવા માગે છે.. પરંતુ એ બચ્ચુને ખબર નથી. હું અક્ષય છું. હું કંઈક કરીશ. જરુર કરીશ. પણ શું કરીશ…? અને એ પ્રશ્નાર્થ ચિન્હની પાછળ ફરી પાછા વિચારોની સળંગ હારમાળા. જાણે કીડીયારુ ઉભરાયું.

બે ત્રણ દિવસ અને એટલી જ રાતો આવું કીડીયારું ઉભરાયા કર્યું. અંતે પેલા છંછાડાયેલા સ્વમાને બળવો કર્યો – અને નીશાની આ વાત ને ખોટી પાડવા મેં કાગળ લખવાનો શરુ કર્યો.

નીશા !

વિક્રમ ડ્રામાં આર્ટીસ્ટ છે તેની તને ખબર છે... વળી મજાકીયો પણ ખુબજ. એના મનમાં અચાનક તુક્કો આવ્યો અને તારી સાથે તે વાત જોડી બેઠો કે મને તારા માટે કુણી લાગણી છે પ્રેમ છે. જો જે ભુલમાં રહેતી મને કદી તારા માટે પ્રેમ ન હોતો, નથી અને નહી હોય. હા આપણે આગળ પાછળ રહીયે તેથી ઓળખાણ હોય – તેનો મતલબ એમ તો હરગીઝ નહી કે હું તને ચાહું છું તેથી કોઈપણ જાતની ગેરસમજણ ઉભી કરીશ નહીં.

વિક્રમની રમુજી અને નાટકીય વર્તણુંકથી ખોટું લાગ્યું હોય તો તેના વતી રોમેંટીક લાગ્યો હોઉ તો. મારે દિલગીરી સાથે કહેવું પડશે કે એતો મારો સ્વભાવ છે. હું દરેક કોલેજ ની છોકરી ઓ સાથે વાત ચીતમાં રોમેંટીક હોઉ જ છું જેથી એવી કોઈ ખોટી માન્યતા ઉભી ન કરીશ. વિક્રમને આવો ડ્રામા કરવા મેં કદી  કહેલ નથી.

અક્ષય.

જિંદગી નો પહેલો પત્ર –નીશા પર.. મારી પ્રિયતમા પર – અને તે પણ હેઈટ લેટર. હ્દયની અંદર કશુક ડંખ્યા કરે છે. હેઈટ લેટર.. હેઈટ લેટર... કેવી કમનશીબી – આ નિશા માટે તો કેટકેટલા સ્વપ્નો ગુથ્યાં હતાં. કેટકેટલા પ્રેમ પત્રો લખવાના કોડ સેવ્યાં હતાં. અને એને લખવો પડે છે. હેઈટ લેટર સૌથી પહેલા... કોઈક અજંપાના ભાવો મનમાં ઉભરાવા માંડ્યા ફરીથી પેલું કીડીયારું ઉભરાવા માંડ્યું. એક પછી એક કીડી હાર બંધ કોઈક દાણો કોઈક વસ્તું. કંઈક ને કંઈક લઈને બહાર નીકળવા માંડી.

એક વધુ રાત વીતી ગઈ.

સ્વમાન નો છંચાડાયેલો નાગ ફરીથી ભૂત થઈને મગજ પર સળવળી ગયો. અને પત્ર આપવાનું નક્કી કરી દીધું. એકાદ કલાક માંડ ઉધ્યો હોઈશ. પણ કોણ જાણે કેમ અજબ શાંતિ લાગતી હતી. ચાર દિવસ અને ચાર રાતનાં મનો મંથન પછી નિર્ણય લીધો હતો ને તેથી !  પણ હ્રદયમાં ડંખતું હતુ – પોચકા મુકતા વિચારોને ખંખેરી નાખ્યા.

અગીયારેક વાગે તૈયાર થયો પેલી ચીઠ્ઠી ગજવામાં નાખી અને બહાર જવા જતો હતો ત્યાંજ – નીશા આવી. એજ મર્મીલું મીઠ્ઠ હાસ્ય વેરતી વેરતી. મનના ગુસ્સાને પી જઈને હું હસ્યો. “હાય અક્ષુ!.. ખુબ ગુસ્સે થયો છે ને... પણ આ વખતે ગુસ્સે કરવો જ હતો એટલે હું તારી ખબર કાઢવા ન આવી પણ આજે ન રહેવાયું મને માફ કરીશ ને ?”

“જો નીશા ! વિક્રમે મને બે ત્રણ દિવસ પર જ વાત કરી” બને તેટલી ટુક્ષતા. મારા અવાજમાં લાવીને કહ્યું – એ હસવા માડી.” મારા ભોળા રાજા વિકીભાઈને તે દિવસે ખુબ બનાવ્યા બહું મઝા પડી” – પછી એકદમ ગંભીર બનીને “અક્ષુ – તું ખરેખર સાચુ માની ગયો ?”

“ના....ના... મને હતુ જ કે આ બધુ ખોટુ જ છે.” મેં મારા ગજવા નો હેઈટ લેટર પંપાળતા પંપાળતા કહ્યું..”

# મારી શકુનુ શુ થશે?



મેઇલબોક્સમાંથી મેલનો થોકડો લઇને હરેશ ઘરમાં પેઠો.બાથરુમમાં ફ્રેશ થવા ગયો.અને,તેની પત્ની ચા બનાવવા રસોડામાં પેઠી.મેલનો થોકડો અને ચા લઇને એણે રીડીંગરુમમાં મૂક્યાં.ફ્રેશ થઇને તે ચા પીતાં પીતાં આજની મેલ જોવા લાગ્યો.અચાનક પેનથી લખાયેલ સરનામાવાળા એક મોટાં પરબીડીયા પર તેની નજર પડી.કૌતુકવશ તેણે તે ઉપાડ્યું.સામાન્ય અહીં મેલ ટાઇપ કરેલ સરનામા સાથે હોય છે.મોકલનારનું નામ જોઇ એનું આશ્ચર્ય વધી ગયું-નકુળ.અઠવાડિયામાં બે-ત્રણ વાર મળનાર એનો નિ:સંતાન મિત્ર.પણ,એ એને ફોન કરી શકતો હતો કે રુબરુ વાત કરી શકતો હતો.આ પત્ર લખીને સસ્પેંસ ઉભું કરવાની શી જરુર હતી?એને થોડો ગભરાટ થયો.થોડી શંકાસહિત એણે પત્ર ખોલ્યો.

હરેશના સંબોધનથી શરુ થયેલ આ પત્રમાં,પોતાને શું સંબોધન કરવું તેનાથી શરુઆત થઇ.આજ સુધી તો આવી જરુર જ ન પડી હતી.એકબીજાને ગાળો દઇ,અને પછી ,શ્રીહરિ જેવાં શબ્દો બોલી મુલાકાત અને વિદાય થતી.આજે નકુળે પત્ર લખવાની શી જરુર પડી? શંકાના વાદળો ઘેરાં થતાં ચાલ્યા.અને પત્ર આગળ વંચાયો.

"**एक दिन मीट जायेगा….**"ની કડીઓ પુરી થઇ." મુરખ! એવા તો શું કામ કર્યા છે,કે દુનિયા તને યાદ રાખે.  હા…હા…હા…આ વાંચતા રહસ્ય પરાકાષ્ઠાએ પહોંચ્યું.હરેશને લાગ્યું કે નકુળ એની સામે આવીને ઉભો છે.

"પત્ર લખવાની શી જરુર હતી?ફોન કર્યો હોત કે રુબરુ વાત કરતે ને?"

"કદાચ,મારી પાસે તારાં જેટલી હિંમત હોત!"

"ચાલ બસ હવે દિલીપકુમારની ઓલાદ,ડાયલોગ બંધ કર,કામની વાત કર."

"ફરીથી બોલ તો."

"હા,આ પત્ર તું વાંચતો હોઇશ ત્યારે,કદાચ હું ઓપરેશન ટેબલ પર મૃત્યુ સાથે ઝઝૂમતો હઇશ."

એ વાત જરુર મેં મારાં મિત્રો અને સ્નેહીજનો થી છુપાવી છે કે,મને કેંસર છે.મરવાનું નક્કી છે.ઑપરેશન મૃત્યુને પાછળ ઠેલી શકે એમ છે.પરંતુ,એ ચાંસ ફીફટી ફીફટી છે.પહેલાં ફીફટી ફક્ત મૃત્યુ પાસે છે.અને,બાકીના ફીફટીમાં મારાં સત્કર્મો-જે નહીવત છે,મારાં કુટુંબી અને શકુની ભક્તિ,વડીલોના આશીર્વાદ,મિત્રોની દુઆ અને ડૉકટરની કુશળતા.તો જાહેર છે ને મૃત્યુ પાસે જીતવાના ચાંસ વધી જાય છે.અને....”

”ચાલ હવે,બહુ થયું.સાચી વાત બોલ.”

”મને ખબર હતી.મારું કોઇ સાચું માનશે જ નહી.હકીકતની જિંદગીમાં પણ નાટકો જ કર્યા છે ને...!”

“ના,હું તારો વિશ્વાસ કરું છું.પણ,આ બધું અચાનક કેવી રીતે...?આઇમીન કે ....ક્યારેય તને કે મને તારા વહેવારમાં કે રોજિંદા જીવનમાં...તું સમજે છે ને હું શું કહેવા માંગુ છું.”

”મને થોડી શંકા તો ગયેલી.એટલે,ડૉક્ટર પાસે ગયેલો પણ-ડૉકટરે ચેતવણી આપેલી પણ ખરી...તને ખબર છે ને અહીંના દવાના ખર્ચા.એટલે...”

“પણ ગાંડા,મને તો કહેવું હતું.”

”મને જાણ હતી એટલે જ મેં તને જણાવ્યું ન હતું.જો તું તો મિત્રોમાં ચંદન છે.ચંદનનો પૂજામાં ઉપયોગ થાય,ચિતામાં નહી ભલે ને પછી એ ચિતા નકુળની હોય....મને અત્યારે મારી ચિંતા નથી.મને ફક્ત એક જ વાત કોરી ખાય છે કે – મારા પછી મારી શકુનું શું થશે?”

હરેશ એક મિનીટ માટે બત્રીસ વરસ પહેલાના મુંબઇના તખ્તા પર પહોંચી ગયો. જ્યાં નકુળ ક.મા.મુંશીના માલવપતિ મુંજ ને જીવતો કરી દેખાડી રહ્યો હતો.’બેડીઓથી જકડાયેલો નકુળ પોતાના પહાડી અવાજથી”-તૈલપ,પૃથ્વીવલ્લભ બોલેલું ફરે તો પૃથ્વી રસાતળ જાય , આ તો જરા વિચાર આવી ગયો કે– લક્ષ્મી રાજાઓને ત્યાં જશે,કીર્તિ વીરોને જશે.પણ મારાં પછી બિચારી સરસ્વતીનું શું થશે?”

આજે નકુળ એ જ તો બોલી રહ્યો હતો-“મારી શકુનું શું થશે?”

ફરી એકવાર યુનિર્વસિટીની સામાજિક નાટક હરિફાઇમાં ટી.બી.ના રોગના દર્દીની ભૂમિકામાં,એ તખ્તા પર દેખાયો.કુટુંબ માટે પોતાના રોગની પરવા કર્યા વગર બે-ત્રણ પાળીમાં કામ કરી જાત ઘસી નાખતો,નકુળે આધૂનિક શ્રવણના પાત્રને જીવંત કરી દીધેલું.

જર્જરિત અવાજમાં સરકારી દવાખાનાના ખાટલા પર પડીને-“મને મોતની ચિંતા નથી.પણ, મારા ગયા પછી,મારા ઘરડાં માબાપનું શું?”

આજે નકુળ એ જ તો બોલી રહ્યો હતો-“મારી શકુનું શું થશે?”

હરેશે પત્ર આગળ વાંચવો શરુ કર્યો.

શરુઆતના પત્રમાં નકુળની હિંમત વરતાતી હતી.અસાધારણ વ્યક્તિત્વ ધરાવતો આ માણસ આખીય જિંદગી સામાન્ય અને સાધારણ બનીને રહી ગયો તેનું દુ:ખ અને બળાપો ચોખ્ખો વરતાતો હતો.તે પોતાની જાતને હિંમત આપતો હતો.સઘન કોશિશો પછી પણ એને શબ્દોએ સાથ આપ્યો નથી એ હરેશને સાફ દેખાયું.મૃત્યુ કરતાં મૃત્યુનો ડર આટલો ભયાનક હશે તે તેને સમજાતું હતું.હરેશ નકુળને હિંમત આપવાના શબ્દો ખોળવા,ગોઠવવા માંડ્યો.અને,અચાનક,રાજ્ય નાટ્ય મહોત્સવના તખ્તા પર પોતે જિંદગીના કુરુક્ષેત્રમાં યુધ્ધથી પહેલાં હારી ગયેલાં,મનથી તુટી ગયેલાં માનવીની ભૂમિકા કરતો.અને, કૃષ્ણની જેમ હિંમત આપતો નકુળ- હરેશને ધ્યાનમાં આવ્યો.જિંદગીની ફિલોસોફી સમજાવતો.હરેશને હસવું આવી ગયું. કુદરત ખરેખર ફાંટાબાજ છે.ગઇકાલનો તખ્તો પાત્ર ફેરબદલી સાથે હકીકતમાં હરેશની સામે મૂછમાં હસી રહી હતી.

પત્ર આગળ વંચાયો.

હકીકતની જિંદગીમાં હું શકુને મન,વચન કે કર્મથી ક્યારેય પણ વફાદાર રહ્યો નથી.અને, હું વફાદાર શા માટે રહું? કુદરતે વફાદારી તો ઘોડા અને કૂતરાને ઠાંસી ઠાંસીને ભરી આપી છે. અને,હું તો માણસ છું. તો,વફાદારીથી મને શું લાગેવળગે? અરે મને શું ,આખી માણસજાતને અરે! આપણે ઘોડા કે કૂતરા થોડા છીએ. શ્રીહરી શ્રી હરી....હું હંમેશા શકુની અંદર- તને ખબર નથીપણ, પેલી રંડીના નખરાંઓ શોધતો. ભોજનેષુ માતા....શયનેષુ રંભા  માતા અને ભગિની સુધી તો વાંધો આવ્યો નહી.પરંતુ,શ્લોકની પુર્ણતા શયનેષુ....માં હંમેશા હું અધુરો રહ્યો.કદાચ અમારા નિ:સંતાન હોવાનું આ પણ કારણ હોઇ શકે.હવે,અત્યારે મને વફાદારીનો અર્થ સમજાય છે એટલે જ........

આજે નકુળ એ જ તો બોલી રહ્યો હતો-"મારી શકુનું શું થશે?"

જિંદગીને જેમ જવું હતું તેમ જવા દીધી, જે કરવું હતું તે કરવા દીધું.તોપણ, આજે બેવફાઇ કે દગો...ક્યારેક પણ શામાટે?નો પશ્ન તો મેં એને કર્યો નથી.એણે મને જેમ ફેરવ્યો તેમ હું ફર્યો.કરવું હતું શું,બનવું હતું શું અને,બનાવી દીધો શું. હંમેશા હનુમાન બનાવવાની કોશિશ કરી અને,એણે બનાવી દીધો વાંદરો....હા..હા..હા..હવે ફરિયાદ કોને અને શા માટે કરવી.અરે! સાંભળનાર તો કોઇ હોવો જોઇએ.

વિચારેલું કે કલમમાં તાકાત છે અને માંહ્યલામાં કલાકાર છે તો,તખ્તાઓ ગજવીશું. સો-સો પેઢી યાદ રાખે તેવું ઉત્તમ સાહિત્ય- નરસિંહ મહેતા ને મીરાંબાઇ જેવું, સર્જન કરીશું.અને સંતાડીને વેચવું પડે અને તેવી જ રીતે વાંચવું પડે તેવું માતૃભાષાનું અપમાન થાય તેવું-ગંદુ લખાણ લખવું પડ્યું. પેટ,સમાજ,કુટુંબ પણ આનો જ એક ભાગ ગણાવો જોઇએ.ભલે એ પાપમાં ભાગીદાર ન થતાં વાલિયો વાલ્મિકી થઇ જાય.પણ,હકીકત તો વાલ્મિકી જ વાલિયા થતાં હોય છે.ઉત્તમ પ્રણય કથાઓ લખી,વાંચકનું દિલ રડી ઉઠતું.પણ ના,એવું નહીલખવાનું.  અશ્લીલતાની જો કોઇ મર્યાદા હોય તો તેને પેલે પારનો સ્ત્રી-પુરુષનો નાગોનાચ જ લખવાનો...,અને લખવો પડ્યો.  જવાબદારીઓ હતી. સાલું...પગમાં સાંકળ નાખી કહે કે દોડ...આ બધામાં શકુ મારી સાથે રહી એ આજે મને ખબર પડે છે. હવે મને થાય છે કે મારા ગયા બાદ મારી શકુનુ શુ થશે?

# મારી સર્જન યાત્રા



**વિજય શાહ**

મને ગુજરાતી સાહિત્ય વાંચવું ગમે,
રચવું ગમે,
સાંભળવુ ગમે,
સંભળાવુ ગમે અને
અનુવાદ કરવો ગમે..
**But મોગરો-** પ્રવિણ પટેલ " શશી"

**મારી ગુજરાતી સર્જન યાત્રા**

1964માં પહેલી બાળ વાર્તા જાદુઇ વાડકો 'નૂતન ગુજરાત'માં પ્રસિધ્ધ થઇ
1969માં પહેલુ હાઇકુ કાવ્ય કોલેજ અંકમાં પ્રસિધ્ધ થયુ
1972માં પહેલો રેડીયો પ્રોગ્રામ થયો અમદાવાદ આકાશ વાણીનાં 'યુવવાણી' વિભાગમાં
1977માં પહેલો કાવ્ય સંગ્રહ 'હું એટલે તમે' પ્રસિધ્ધ થયો
1981માં પહેલું નાટક દુરદર્શન નાટ્યશ્રેણી 'ત્રિભેટે'માં પ્રસાર થયું.
1983માં પહેલી નવલીકા 'અમે પથ્થરનાં મોર કેમ બોલીયે' પ્રસિધ્ધ થઇ
1985 માં પહેલો અનુવાદ 'કર્મ તણી ગતિ ન્યારી' તૈયાર થયો
1987 માં પહેલી નવલકથા 'આંસુડે ચીતર્યા ગગન' લખાઇ
1992 માં સંદેશમાં કોલમ શરુ થઇ 'શેરબજારનાં આટાપાટા'
2002 માં પહેલો વેબ કાવ્ય સંગ્રહ 'મારા વિશ્વમાં તમે'નું વિમોચન થયુ.
2003 માં ગુજરાત ટાઇમ્સ (ન્યુયોર્ક) કોલમ શરુ થઇ 'શેરબજારની સાથે સાથે'
2004માં રાધેશ્યામ શર્મા દ્વારા રચાયેલ " સાક્ષરનો સાક્ષત્કાર 11"માં સમાવેશ
2006 માં બહુલેખકોની સહિયારી નવલકથા ' નિવૃતિ નિવાસ' રચાઈ
2006 માં બહુલેખકોની સહિયારી લઘુનવલ 'બીના ચીડિયાકા બસેરા' રચાઈ
2006 માં બે વેબ પેજ મુકાયા www.gujaratisahityasarita.com અને
www.vijayshah.wordpress.com
2007 માં બે બીજા વેબ પેજ મુકાયા www.gadyasarjan.wordpress.com અને
www.gujaratisahityasarita.org મુકાયા
2007 પહેલી વેબ નવલકથા 'પૂ. મોટાભાઇ' અને બીજો વેબ કાવ્ય સંગ્રહ 'તમે અને મારુ મન'

પ્રસિધ્ધ થયા.
2008 "પૂ. મોટાભાઈ" નાટ્ય સ્વરૂપે ભજવાયુ
2009 ગુજરાતી શબ્દ સ્પર્ધા -વેબ સાઈટ મુકાઈ www.shabdaspardha.gujaratisahityasarita.org

૨૦૦૯ વેબ સંકલન-" અંતરનાં ઓજસ" ( ચિંતન)

2009 વેબ નવલકથા "પત્તાનો મહેલ"

2009 વેબ નવલીકા "વૃત એક વૃતાંત અનેક "

2009 નિબંધ નિવૃત્તિની પ્રવૃત્તિ

2009 "શેર બજારનાં વિવિધ પાસાઓ" તિરંગા મા ચાલતી કોલમ

But mogaro

**આભાર સ્વિકાર**

જુદી જુદી કૃતિઓને **શબ્દ દેહ** મળ્યા તે સર્વે સમાચાર પત્રો અને માસિકો:
નૂતન ગુજરાત,ગાંધીનગર સમાચાર્ તિરંગા, ચાંદની, સ્ત્રી, સંદેશ, ગુજરાત ટાઇમ્સ, દર્પણ, ગુજરાત દર્પણ , દિવ્ય ભાસ્કર,અને જંનસત્તા મુખ્ય ગણાય.

**વેબ શબ્દ દેહ**
ઝાઝી,ગુજરાતી સાહિત્ય સરિતા,સહિયારું ગદ્ય સર્જન્ અને કેસુડા

**સ્વર દેહ**
આકાશવાણી અમદાવાદ વડોદરા

**ચલચિત્ર માધ્યમ**
દુરદર્શન કેન્દ્ર અમદાવાદ